# શોહદા એ કરબલા

: લેખક :

એ. એમ. નુરાની

: પ્રકાશક :

શેરઅલી ટી. અમીરી

: પ્રાપ્તિસ્થાન :

ફીરદોસ પબ્લીકેશન

૨/એ, નાઝ બીલ્ડીંગ, લેમીંગ્ટન રોડ, મુંબઈ–૪

ફોન : ૩૫૮૬૨૭, ૮૬૦૩૯૮

| | | |
|---|---|---|
| કિતાબનું મૂળ નામ | : | શોહદા એ કરબલા |
| વિષય | : | ઈમામ હુસૈન (અ.)ના અન્સારો અને કુટુંબીજનોની શહાદત |
| લેખક | : | એ. એમ. નુરાની |
| પ્રકાશક | : | શેરઅલી ટી. અમીરી |
| પ્રાપ્તિસ્થાન | : | ફિરદોસ પબ્લીકેશન, ૨ / એ, નાઝ બિલ્ડીગ, લેમીગ્ટન રોડ, મુંબઈ–૪ |
| મુદ્રક | : | શબનમ પ્રિન્ટીગ પ્રેસ, આંબાવાડી, બદર સ્ટ્રીટ, સુરત – ૨ |
| આવૃતિ | : | ઈ.સ. ૦૧.૧૨.૧૯૮૧ (૩ સફર, હિજરી સન ૧૪૦૨) |
| હદીયો | : | રૂપિયા ૩/– |

# બિસ્મીલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ

## ગુઝારીશ

શસ્ત્રસજ્જ લશ્કરોની હજારો દાસ્તાનો છે, પરંતુ દુનિયાની તવારિખમાં હુસૈની લશ્કરની કોઈ મિસાલ નથી. હુસૈની કાફલાઓ પ્રત્યેક લડવૈયો જાણે ઈસ્લામની ભવ્ય ઈમારતનો હસ્બે તૌફીક શિલ્પી હતો.

ફુરાતના કાંઠે લોહી ન્હોતું રેડાયું, ઈસ્લામની જાજવલ્યમાન જાગીરને એક અમર, અજર અને કિર્તીવંત લાલાશ નસીબ થઈ હતી.

મારૂં શું ગજુ કે આ હુસૈની રાજદુલારાઓનું વર્ણન કરી શકું ?

મૌલાની જ કરમની નજર છે કે જગતમાં આ સૌથી મુકદ્દસ કાફલાની અકીદતભરી નામાવલી પેશ કરી શકયો છું.

ગુઝારીશ એટલી જ કે સૌ મોઅમીનો આ પાક નામોનું વિર્દ કરીને પોતાના ઈમાનને અને શાહે કરબલા પ્રત્યેની પોતાની મોહબ્બતને હઝરતે બીલાલની અઝાન જેટલી બુલંદ અને હઝરત હુરની પેશકદમી જેવી નિખાલસ રાખે.

શુક્રિયા એ સૌનો જેમણે સુચનો, સગવડો અને જાહેર ખબરો ધ્વારા સહાય કરી.

### <u>ત્રીજી આવૃતિ</u>

ખુદાવંદે કરીમનો લાખ લાખ શુક્ર છે કે 'શોહદા એ કરબલા' નામક આ પુસ્તકે લોકોની એટલી બધી ચાહના હાંસીલ કરી છે કે, ટૂંક સમયમાં તેની ત્રીજી આવૃતિ પ્રસિધ્ધ થઈ રહી છે. આ બદલ હું વાંચક જનતાનો તેમજ સૌ સ્નેહીજનોનો અપરંપાર આભારી છું.

ખાકસારે એહલેબૈત

શેરઅલી ટી. અમીરી

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પેજ |
|---|---|---|
| ૧. | પહેલા શહીદ : અબ્દુલ્લાહ બીન ઓમેર | ૦૮ |
| ૨. | બીજા હશીદ : હુરના પુત્ર, હજર | ૦૯ |
| ૩. | ત્રીજા શહીદ : મુસઅબ બીન યઝીદ | ૧૦ |
| ૪. | ચોથા શહીદ : હુર બીન યઝીદ | ૧૧ |
| ૫. | પાંચમાં શહીદ : બુરેર હમદાની | ૧૩ |
| ૬. | છઠ્ઠા શહીદ : વહબ બીન અબ્દુલ્લાહ કલ્બી | ૧૫ |
| ૭. | સાતમા શહીદ : ઉમર બીન ખાલીદ અજદી | ૧૬ |
| ૮. | આઠમા શહીદ : ખાલીદ બીન ઉમર | ૧૭ |
| ૯. | નવમા શહીદ : સઅ્દ બીન હંઝલા તમીમી | ૧૮ |
| ૧૦. | દસમા શહીદ : ઓમેર બીન અબ્દુલ્લાહ મઝહજી | ૧૮ |
| ૧૧. | અગીયારમા શહીદ : મુસ્લિમ બીન ઔસજા | ૧૯ |
| ૧૨. | બારમા શહીદ : મુસ્લિમના પુત્ર, સઅદ | ૧૯ |
| ૧૩. | તેરમા શહીદ : હિલાલ બીન નાફેઅ બીજલી | ૨૦ |
| ૧૪. | ચઉદમાં શહીદ : નાફેઅ બીન હિલાલ | ૨૨ |
| ૧૫. | પંદરમાં શહીદ : હબીબ બીન મઝાહીર | ૨૨ |
| ૧૬. | સોળમા શહીદ : સઈદ બીન અબ્દુલ્લાહ | ૨૪ |
| ૧૭. | સત્તરમા શહીદ : બીન કૈન | ૨૪ |
| ૧૮. | અઢારમા શહીદ : અબુ સમામા સેદાવી | ૨૫ |
| ૧૯. | ઓગણીસમા શહીદ : હુજ્જાજ બીન મસરૂર | ૨૫ |

૨૦. વીસમા શહીદ : મુબારક (ગુલામે હુજજાજ) ૨૬

૨૧. એકવીસમા શહીદ : યહ્યા બીન કસીર ૨૬

૨૨. બાવીસમા શહીદ : યહ્યા બીન સલીમ ૨૭

૨૩. ત્રેવીસમા શહીદ : હન્ઝલા બીન સઅદ ૨૭

૨૪. ચોવસમા શહીદ : અબ્દુર્ રહેમાન બીન અબ્દુલ્લાહ ૨૭

૨૫. પચ્ચીસમા શહીદ : ઉમરૂ બીન નરતાર અન્સારી ૨૮

૨૬. છવ્વીસમા શહીદ : જોન (જનાબે અબુઝરના ગુલામ) ૨૮

૨૭. સત્યાવીસમા શહીદ : ઉમર બીન ખાલીદ સઈદાવી ૨૯

૨૮. અઠયાવીસમા શહીદ : સુવેદ બીન ઉમર ૨૯

૨૯. ઓગણત્રીસમા શહીદ : કરરહ બીન કરરએ અન્સારી ૨૯

૩૦. ત્રીસમા શહીદ : માલિક બીન અનસ માલેકી ૩૦

૩૧. એકત્રીસમા શહીદ : ઉમરૂ બીન મતાઅ ૩૦

૩૨. બત્રીસમા શહીદ : જનાદહ બીન હારીસ ૩૦

૩૩. તેત્રીસમા શહીદ : ઉમરૂ બીન જનાદહ ૩૧

૩૪. ચોત્રીસમા શહીદ : અબ્દુલ્લાહ બીન ઉરવહ ૩૧

૩૫. પાંત્રીસમા શહીદ : અબ્દુર રહેમાન બીન ઉરવહ ૩૨

૩૬. છત્રીસમા શહીદ : કારીબ ૩૨

૩૭. સાડત્રીસમા શહીદ : સુલયમાન ૩૩

૩૮. આડત્રીસમા શહીદ : મનજઝ ૩૩

૩૯. ઓગણચાલીસમા શહીદ : યઝીદ બીન ઝીયાદ શઅશા ૩૩

૪૦. ચાલીસમા શહીદ : જાબીર બીન ઉરવહ અન્સારી ૩૪

૪૧. એકતાલીસમા શહીદ : અબુ ઉમરૂ નેહસલી ૩૪

૪૨. બેતાલીસમા શહીદ : યઝીદ બીન મોહાજીર ૩૪

૪૩. ત્રેતાલીસમા શહીદ : શોઝબ, આબીસના ગુલામ ૩૪

૪૪. ચુમ્માલીસમા શહીદ : આબીસ બીન શબીઅ શાકેરી ૩૫

૪૫. પીસ્તાલીસમા શહીદ : ઔફ બીન અબીલ્હારીસ ૩૫

૪૬. છેતાલીસમા શહીદ : માલિક બીન અબ્દુલ્લાહ ૩૬

૪૭. સુડતાલીસમા શહીદ : હઝરત અબ્દુલ્લાહ બીન મુસ્લિમ ૩૮

૪૮. અડતાલીસમા શહીદ : મોહમ્મદ બીન મુસ્લિમ ૩૯

૪૯. ઓગણપચાસમા શહીદ : જઅફર બીન અકીલ ૩૯

૫૦. પચાસમા શહીદ : અબ્દુર રહેમાન બીન અકીલ ૪૦

૫૧. એકાવનમાં શહીદ : અબ્દુલ્લાહ બીન અકીલ ૪૦

૫૨. બાવનમાં શહીદ : મુસા બીન અકીલ ૪૦

૫૩. ત્રેપનમા શહીદ : ઔન બીન અકીલ ૪૦

૫૪. ચોપનમા શહીદ : અલી બની અકીલ ૪૧

૫૫. પંચાવનમા શહીદ : મોહમ્મદ સઈદ બીન અકીલ ૪૧

૫૬. છપ્પનમા શહીદ : જઅફર બીન મોહમ્મદ સઈદ ૪૧

૫૭. સત્તાવનમા શહીદ : અહમદ બીન મોહમ્મદ સઈદ ૪૧

૫૮. અઠ્ઠાવનમા શહીદ : ઔન બીન અબ્દુલ્લાહ ૪૨

૫૯. ઓગણસાઠમા શહીદ : મોહમ્મદ બીન અબ્દુલ્લાહ ૪૨

૬૦. સાંઈઠમા શહીદ : કાસીમ બીન હસન (અ.સ.) ૪૩

૬૧. એકસઠમા શહીદ : અબ્દુલ્લાહ અકબર બીન હસન (અ.સ.) ૪૪

૬૨. બાસઠમા શહીદ : અહદમ બીન હસન (અ.સ.) ૪૪

૬૩. ત્રેસઠમા શહીદ : અબ્દુલ્લાહ બીન અલી (અ.સ.) ૪૫

| | | |
|---|---|---|
| ૬૪. | ચોસઠમા શહીદ : જાઅફર બીન અલી (અ.) | ૪૫ |
| ૬૫. | પાંસઠમા શહીદ : ઉસ્માન બીન અલી (અ.) | ૪૫ |
| ૬૬. | છાસઠમા શહીદ : મોહમ્મદ બીન અલી (અ.) | ૪૫ |
| ૬૭. | સડસઠમા શહીદ : ઔન બીન અલી (અ.) | ૪૫ |
| ૬૮. | અડસઠમા શહીદ : હઝરત અબ્બાસ અલમબરદાર (અ.) | ૪૬ |
| ૬૯. | ઓગણસીત્તેરમા શહીદ : હઝરત અલી અકબર (અ.) | ૪૯ |
| ૭૦. | સીત્તેરમા શહીદ : હઝરત અલી અસ્ગર (અ.) | ૫૧ |
| ૭૧. | એકોતેરમા શહીદ : હઝરત અબ્દુલ્લાહ બીન હસન (અ.સ.) | ૫૩ |
| ૭૨. | બોતેરમા શહીદ : હઝરત ઈમામ હુસૈન (અ.સ.) | ૫૫ |
| ૭૩. | આશુરાનો દિવસ | ૫૬ |
| ૭૪. | કરબલામાં મૌજુદ લશ્કરે કુફ્ફારની વિગતો | ૫૭ |
| ૭૫. | ઈમામ હુસૈન (અ.સ.)ની શહાદત બાદ | ૫૮ |
| ૭૬. | કરબલા મુકામે ઈમામ હુસૈન (અ.સ.)ના રોઝાની સમયરેખા | ૫૯ |

## ૧.   પહેલા શહીદ : અબ્દુલ્લાહ બીન ઓમેર

શામીઓની ફોજમાંથી યસાર બીન અબીહનો ગુલામ લડવા નીકળ્યો અને ઈમામ હુસેન (અ.સ.)ને અવાજ આપી : 'હુસેન ! તમારા લશ્કરમાં જે સૌથી વિશેષ લડવૈયો હોય, તેને મારા મુકાબલા માટે મોકલાવી દયો.' ઈમામ હુસેન (અ.સ.)એ તેની સામે લડવા અબ્દુલ્લાહ બીન ઓમેર અ. ને મોકલાવી આપ્યા. અબ્દુલ્લાહે મેદાનમાં જઈ પોતાના હરીફને કહ્યું : તું એક ગુલામ માણસ રહ્યો, તું જો મને શહીદ કરે તો તારૂં કંઈ વળવાનું નથી. તેમ જો હું તને કતલ કરૂં તો પહેલવાનને માર્યો ગણાશે નહીં, અને ઈમામ હુસેન અ. ના નાનકડા એવા લશ્કર પૈકીનાં કોઈ પણને ખલાસ કરવા તો કોઈ નામચીન શૂરવીર આવવો જોઈએ. ઉમરે સઅદના લશ્કરમાં શું લડવૈયાઓ કોઈ ન્હોતા કે તારા જેવા ગુલામને મરવી નાખવા મોકલ્યો છે ? આકા હુસેન (અ.સ.)નું લશ્કર માંડ પચાસ માણસોનું, જયારે કે તમે કુફ્ફારો લાખોની સંખ્યામાં ચડી આવ્યા છો, છતાં ઉમરે સઅદને શું એટલોય વિચાર ન આવ્યો કે, એ લાખોના લશ્કરમાંથી કોઈ બહાદુર લડવૈયાને પ્રથમ મોકલે. હા, કદાચ એ મલઉન મનમાં માનતો હશે મૌલાના લશ્કરને એક નાનકડા ગુલામથી જ હરાવી દેવું. પણ ના, એ કદીએ બને તેમ નથી. આકા હુસેન (અ.સ.)ના સાથીદારો ભલે થોડા પ્રમાણમાં રહ્યા, પણ તે સહેલાઈથી માર્યા જાય તેમ નથી. ચલાવ તારી તલવાર અને જોજે હુસેન (અ.સ.)ના મરણીયા માણસોનો મુકાબલો. અમને ભલે ત્રણ દિવસની ભુખ પ્યાસથી બેહાલ તમે બનાવી મુકયા છે, પરંતુ તેમ થવાથી તો દીની જોશ વધુ થયો છે. અમે અમારા તરફથી જંગ જમાવવા માગતા નથી અને ઉમરે સઅદે પ્રથમ તીર ફેંકી લડાઈની શરૂઆત કરી દીધી છે, પણ મને મારા આકાનો હુકમ છે કે, દુશ્મન વાર કરે પછી જ સામો ઘા તમારે કરવાનો છે; એટલે હું તો માત્ર અમારા બચાવ પુરતો જ વાર કરીશ, પણ તું પ્રથમ ઘા કરીને પછી અમારી હિમ્મત જોઈ લેજે.

ગુલામે ઉતાવળા થઈ હઝરત અબ્દુલ્લાહ પર ઘા કર્યો, અબ્દુલ્લાહે ઢાલ ઉપર એ ઝીલી લીધો. અને બીજો ઘા કરવા તેને તક આપી. જેવો તેણે વાર કર્યો, તેવો જ અબ્દુલ્લાહે વળતો વાર એવો તો લગાવ્યો કે તે તરત જ તે બે ચીરા થઈ પૃથ્વી પર પડી ગયો.

કુફ્ફારોનું લશ્કર ઉભું ઉભું એ જોઈ રહ્યું હતું. મલઉન યસારે પોતાના બીજા ગુલામને હુકમ કર્યો કે : 'તું જા', તે આવ્યો અને સીધ્ધો અબ્દુલ્લાહ પર ઘા કર્યો. તેના વારને તલવાર પર ઝીલી અબ્દુલ્લાહે વળતો એવો ઘા કર્યો કે તે તરત જ જહન્મમાં પહોંચી ગયો.

પછી યસાર પોતે આવ્યો, અબ્દુલ્લાહે દુરથી એને પડકાર આપ્યો : હવે મલઉન સંભાળજે, અને ઝાટકાનો એક ઘા એવો લગાવ્યો કે તે મલઉન તરત જ ફાટી પડયો.

છેવટે શીમર મલઉને હુકમ કર્યો કે : તમે બસો સવારો જઈ અબ્દુલ્લાહને ઠાર કરી આવો. એ બસો લશ્કરીઓ સામે અબ્દુલ્લાહ ઘણી જ શૂરવીરતા પૂર્વક લડતા રહયા અને પળવારમાં તો તે લશ્કરીઓમાં ભંગાણ પાડી દીધું. શીમર મલઉને બીજા પાંચસો સવારો મોકલાવ્યા. અને તે લશ્કરનાં ઘેરામાં લડતાં લડતાં હઝરત અબ્દુલ્લાહ શહીદ થઈ ગયા.

## ૨. બીજા શહીદ : હુરના પુત્ર, હજર

હઝરત અબ્દુલ્લાહને શહીદ થતા જોઈ જનાબે હજર પોતાના પિતાજીને કહેવા લાગ્યા : 'પિતાજી ! આપણે કયારે લડવા જઈશું ?' હઝરત હુરે જવાબ આપ્યો : 'બેટા, તું આકા પાસે જઈ રજા માંગ.' પુત્ર તુરત જ આકા પાસે ગયો અને અરજ કરી કે, 'મૌલા ! શું અમોને પ્રથમ મરવા નહીં જવા દો ?' ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું : ' બેટા ! ઉતાવળા ન થાઓ, તમે હજુ નવયુવાન છો, તમારી માતા તમારા મરણથી કેટલી સોગવાર બનશે ?! હઝરત હુર અ. ના પુત્રે કહ્યું : 'આકા, મારી માને ભલે દુઃખ થાય, પણ અમે તો અમારી ફરજ બજાવ્યે જ રહીશું. મૌલા, હવે મારૂં લોહી એટલું ઉકળી રહ્યું છે કે હું એક ઘડી પણ જીવતો રહેવા માંગતો નથી; મહેરબાની કરો અને મને લડવા જવાની રજા આપો.' ઈમામ હુસૈન (અ.સ.)એ એમને રજા આપી અને તેઓ મેદાનમાં જઈ મોટે સાદે કહેવા લાગ્યા :

'અય કુફીઓ અને શામીઓ ! વિચાર કરો, યઝીદ પલીદની બયઅત ન કરવા બદલ જ તમે ઈમામ હુસૈન (અ.સ.)ને કત્લ કરવાનો નિર્ધાર કર્યો છે. અગાઉ કોઈ પણ ઈમામે બયઅત કીધી નથી. અમે માનતા હતા કે યઝીદની બયઅત કરવાનું કહી, જેમ હઝરત ઈમામ હસન (અ.સ.) સાથે અમીર મોઆવીયાએ અમુક શરતો વડે સુલેહ કરી હતી, તેમ ઈમામ હુસૈન (અ.સ.) ને પણ અહીં રોકી અબ્દુલ્લાહ ઝીયાદ અમુક શરતો કરવા માંગતો હશે, પરંતુ તમે ઈમામ હુસૈન (અ.સ.)ને બયઅત માટે મજબુર કરી તેમને કત્લ કરવા તૈયાર બન્યા છો. ખુદા તમારા ઉપર ગઝબ નાઝીલ કરે.'

હઝરત હુર અ. ના સુપુત્રે આટલી જ તકરીર કરી હતી, ત્યાં એક હજાર કુફ્ફારોનું લશ્કર આવી પડયું, અને તેમના ઉપર ચોતરફથી તીર, તલવાર અને ભાલાઓની રમઝટ બોલવા માંડી. એ સુપુત્રે હીમત પુર્વક લડવા માંડયું, અને ત્રીસ કાફરોને કતલ કરી કંઈકને ઝખ્મી બનાવી દીધા, પણ આખર એકલો યુવાન લાખો માણસો સામે કેટલું લડે ? ચોતરફના ઘાવ ઝીલતાં એક ઝાટકાનો મજબુત ફટકો પડી ગયો; અને તે સુપુત્ર સ્વર્ગે સીધાવી ગયો.

# ૩. ત્રીજા શહીદ : મુસઅબ બીન યઝીદ

હઝરત હુરના પુત્ર શહીદ થવા પછી હઝરત હુરે મેદાનમાં જવાની રજા લીધી, અને ઘોડો દોડાવતા મેદાને કારઝારમાં આવી ઉભા રહયા. તેઓના ભાઈ હઝરત મુસઅબ અ. ત્યાં સુધી તો કાફરોના લશ્કર સાથે હતા, પરંતુ આમ ભત્રીજાની કતલ અને ભાઈનું મેદાનમાં આવવું દેખી આપ મેદાને પડયા. લોકોએ માન્યું કે પોતાના ભાઈને કતલ કરવા જઈ રહયા છે, પણ એમનો ઘોડો જયારે ખૂબ આગળ ગયો ત્યારે હકીકત કંઈ જુદી જ જોવામાં આવી. તેઓ ભાઈ પાસે પહોંચતાં જ હઝરત હુરને અરજ કરવા લાગ્યા : 'મોટા ભાઈ ! તમે ઈમામ હુસેન (અ.સ.)ના લશ્કરમાં ગયા, અને મારા ભત્રીજા મેદાનમાં આવ્યા, છતાં હું એમ માનતો હતો કે આ કાફર લોકો છેવટની ઘડીએ પણ સુલેહ કરવા પ્રેરાશે, પરંતુ ભત્રીજાની કતલ જોઈ મને ખાત્રી થઈ ગઈ કે, આ કાફરો કોઈ પણ રીતે સમજવાના નથી, અને હમણાં જ ખુલી, શીમર તથા ઉમરે સાદ એ ત્રણેય જણાઓ એકઠા થઈને પાક્કો નિર્ણય કરી ચુકયા છે કે, ઈમામ હુસેન (અ.સ.)ના લશ્કરમાંથી એક બાળક પણ જીવતુ જશે નહીં. ત્યારે એ કુફ્ફારોના લશ્કરમાં રહેવું મને અસહ્ય થઈ પડયું અને ગયરતમાં ડૂબી હું આપની પાસે આવી ગયો છું.'

હઝરત હુર અ. મે કહ્યું : મુસઅબ ! હું તને શાબાશી દઉ છું કે તું આકા હુસૈન (અ.સ.)ના કદમ પર ઝુકાવવા તૈયાર બન્યો. ચાલ હું તને મૌલાની ખીદમતમાં હાજર કરૂં છું. એમ કહી હઝરત હુર અ. પાછા વળ્યા અને પોતાના ભાઈ મુસઅબને મૌલાની ખીદમતમાં હાજર કરી કહ્યું : 'મારો ભાઈ લડાઈ ચાલુ રાખવાનો હુકમ સાંભળી અહી ચાલ્યો આવ્યો છે અને આપની પાસેથી મરવા જવા રજા ચાહે છે.'

ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું : 'હુર ! તમે મારા મહેમાન સારા થયા. આવતાં જ મરવાની રજા અને ભાઈને લાવ્યા તો પણ મરવા માટે જ, ખેર, ભાઈને જવા દો.'

મુસઅબ અ. આ સાંભળી ખુશીના આવેશમાં આવી ગયા. ઈમામના કદમ પર સર ઝુકાવી પડયાં, અને સીધ્ધા મેદાને જઈ કુફ્ફારોના લશ્કરને હાંક મારી : આવો મારો મુકાબલો કરવા મેદાને પડો. તમે લાખોની સંખ્યામાં જાણે મોટા લશ્કર સામે લડવા આવ્યા હો તેમ શામ અને કુફા આખું ઠલવાઈ ગયું છે, જયારે ઈમામ (અ.સ.) માત્ર સગાંઓ અને ખાસ સાથીઓને લઈ આવ્યા છે, તેઓ લડાઈ કરવા નીકળ્યા ન્હોતા, તમે જબરદસ્તી એમને કાપવા ઈચ્છો છો; કંઈ ખુદાનો ખોફ કરો અને સંસારના નિયમ મુજબ તો ચાલતા જાઓ !

એ ભાષણ સાંભળતા શીમર મલઉને પોતાના હજાર સવારોને રવાના કર્યા, જેમણે આવીને મુસઅબ પર વાર કરવા મંડયા. એકલો શહીદ કેટલાને પહોંચે ? આખર તલવાર, ભાલાઓ અને તીરોંના ૧૯૮ ઝખ્મો ખાઈ મુસઅબ બીન યઝીદ શહીદ થઈ ગયા.

## ૪. ચોથા શહીદ : હુર બીન યઝીદ

હુર અ. ના ભાઈની શહાદત થઈ ચુકી ત્યારે હુર અ. ઈમામ હુસેન (અ.સ.)ની સેવામાં આવ્યા, અને અરજ કરી : 'યા હઝરત ! હવે તો મારાથી જીરવાતું નથી, મને મેદાનની રજા આપો તો હું જઈ શહીદ થાઉં અને મારાથી બને એટલા કાફરોને લેતો જાઉં.'

ઈમામ હુસેન (અ.સ.)એ ફરમાવ્યું : 'મરહબા ! અય હુર, તમે તમારી ફરજ પુરતી અદા કરી, તમારા ફરઝંદ અને ભાઈને તો મારા નામ ઉપર કુરબાન કરી દીધા. હવે શું તમે પણ જલ્દી જવા ચાહો છો ?'

હઝરત હુર અ. મે અરજ કરી : 'મૌલા ! જયાં આપ ઉપર આફતનાં વાદળા ઘેરાએલા હોય, ત્યાં કયા ગુલામને ચેન પડી શકે ?'

ઈમામ હુસેન (અ.સ.)એ ફરમાવ્યું : 'ભાઈ ! તમારી એ સમજ તમને મુબારક હો, પણ હું શું કરૂં, તમારી ઘરવાળી હજુ કાફરોના લશ્કરમાં છે. તે તમારી શહાદત કઈ રીતે જોઈ શકશે ?'

હઝરત હુર અ. મે અરજ કરી : 'મૌલા ! હું તેને કહી આવ્યો છું કે, તુ આ કુફફારોનાં લશ્કર સાથે જ રહેજે અને જયારે મૌલા કત્લ થઈ જાય ત્યારે ઉમરે સાઅદને સમજાવી એહલેબેયત માટે ખાણું અને પાણી લઈ જજે.'

ઈમામે ફરમાવ્યું : 'શાબાશ ! અય શહીદોના શણગાર, આ તમારી લાંબી નીગાહ એહલેબેયત માટે ઉપયોગી ગણાય. ભલે જાઓ ખુદાઈ માર્ગે માથું આપો.'

આ નેક શબ્દો સાંભળતા જ હુર અ.રવાના થયા, અને કુફફરોના લશ્કર સામે આવી પોતાનો વડીયો (આગેવાન) મોકલવા હાકલ કરી. ઉમરે સાઅદે હુર અ. ને જોઈ તેમના જોડીદાર સફવાન બીન હંઝલા નામવર બહાદુરને મુકાબલા માટે મોકલ્યો. તેણે આવીને એવી વાતો કરવા માંડી કે જેથી હુર અ. પાછા યઝીદી લશ્કરમાં આવી જાય. હઝરત હુર અ. મે કહ્યું : 'અય સફવાન ! તારા જેવો સમજુ દાનીશમંદ જયારે એમ કહે છે કે, 'તું યઝીદી લશ્કરમાં પાછો મળી જા', ત્યારે મને વિશેષ આશ્ચર્ય થાય એ સ્વાભાવીક છે. શું તને વિચાર નથી આવતો કે યઝીદ જેવા બદકારની મિત્રતા તજી હું ઈમામ હુસેન (અ.સ.) જેવા પયગમ્બરના નવાસાની હીમાયતે ગયો છું ? તેમા તારા જેવા સમજુ માણસ વાંધો લઈ ન શકે. આલે રસૂલ સ.ની હિમાયત કરવી તો દરેક મનુષ્ય પર ફરજ છે.'

સફવાને કહ્યું : 'પણ હુર ! આપણે ઝમાનાની રફતારને તો જોવી જોઈએ.'

હુર અ.એ જવાબ આપ્યો : 'લાનત છે એ રફતાર ઉપર, જયારે કે આલે રસુલ સ. સખ્ત મુસીબતમાં ઘેરાએલા હોય ત્યારે માત્ર દુનિયા જીતવા કાજે એવી છીછરી વાત પર લક્ષ દેવા કરતાં આખેરતનો જ વિચાર કરવો મનુષ્ય માત્ર પર ફરજ છે; અને અય સફવાન ! તું જો આખેરતનો વિચાર કરીશ, તો ઘડી ભર માટે પણ યઝીદી લશ્કરમાં રહી શકશે નહી.'

સફવાને કહ્યું : 'પણ આખેરતને કોણે જોઈ છે ?'

હઝરત હુર અ.ને એ સાંભળી સખ્ત ગુસ્સો આવ્યો અને જવાબ આપ્યો : 'તો પછી ચલાવ તલવાર, આખેરતને જોવાનો એજ માત્ર માર્ગ છે.'

તેણે તલવાર ચલાવી, પછી ભાલાના વાર પર આવી ગયો. હઝરત હુર અ.મે તલવારનો વાર બચાવી ભાલાના ઘા ને પણ ઠેલી નાખ્યો અને વળતી એક તલવારનો ઝટકો એવો માર્યો કે તે કપાઈને બે ટુકડા બની ગયો અને જમીન પર તરફડતો પોતાના ભાઈને પુકારવા મંડયો.

મોટો ભાઈ આવ્યો, અને હઝરત હુર અ. પર વાર કર્યો. એકવાર જીલ્યો, બીજો વાર ઝીલ્યો, અને ત્રીજો વાર ઝીલી હઝરત હુર અ. મે પડકાર કર્યો : 'હા, સંભાળજે હવે', અને એક ઝટકો એવો માર્યો કે તેના બરાબર બે ટુકડા બની ગયા.

બીજો ભાઈ આવ્યો, એને પણ પ્રથમ ઘા કરવા દઈ વળતી જ પળે તલવારના એક ઘાથી જ તેને સાફ કરી નાખ્યો.

પછી ત્રીજો ભાઈ આવ્યો અને હઝરત હુર અ.ને કહેવા લાગ્યો : 'હવે તારૂં આવી બન્યું', હઝરત હુરે કહ્યું : 'ચલાવ તલવાર !' તેણે હાથમાં ભાલુ લઈ એવો જોરનો ફટકો લગાવ્યો કે, ગમે તેવો શુરવીર પણ ઝપાટામાં આવી જાય; પરંતુ હઝરત હુર અ.મે ચાલાકી પુર્વક તેના ભાલાનો ઘા ભુલાવીને, વળતું ભાલું તેની છાતીમાં ચોડી દીધું. તે ચીતોપાત થઈ જમીન ઉપર પછડાયો, પણ હઝરત હુર અ.નું ભાલું હજીયે તેની છાતી મુકતું નહોતું. જયારે તે ઠરી ગયો ત્યારે હઝરત હુરે પોતાનુ ભાલું કાઢી લીધું.

ત્યાર પછી તો યઝીદ બીન અબુસુફીયાન જેને પોતાની બહાદુરી પર પુરો ઘમંડ હતો, તે હઝરત હુર અ.ની સામે આવ્યો અને પોતાના અનેક દાવ જમાવી તેણે પણ જ. હુર પર કેટલાય ઘાવ કર્યા, પણ તે દરેકને નિષ્ફળ બનાવી હઝરત હુર અ. મે છેવટે એને કાપી નાંખ્યો. અને પછી તો યઝીદી લશ્કર સાવ ઠરી ગયું. હઝરત હુર અ. મેદાનમાં ઘુમતા વડીયો માંગી રહ્યા હતાં. પણ એ લશ્કરમાંથી કોઈએ લડવા આવવા હીમત કરી નહી. જયારે વધુ વાર થઈ ગઈ, અને કોઈ દુશ્મન મુકાબલે ન આવ્યો, ત્યારે હુર અ. દુશ્મનોના લશ્કર ઉપર ત્રાટકી પડયા; અને અનેક માણસોને મારી પોતે સાફ નીકળી આવ્યા, અને વળી પાછા વડીયાની માંગણી કરવા લાગ્યા.

જયારે કોઈ ન નીકળ્યું, ત્યારે વળી પાછો કાફરોના લશ્કર ઉપર હુમલો કર્યો, અને કેટલાય નાપાકોને કાપી નાંખી મોકળા મેદાનમાં નીકળી આવ્યા, એમ પાંચ વખત હુમલો કરી આપને જ દુશ્મનોના લશ્કરમાં જવું પડયું. પણ કોઈ લડવૈયો સામે આવ્યો નહી. અને એ પાંચ વખતના હુમલામાં તેમણે અનેકનો ઘાણ કાઢી નાંખ્યો. આ જોઈ ઉમરે સઅદના હોંશ તો સાવ ઉડી જ ગયા. જરા વિચાર કરી તેણે તીરઅંદાજોના લશ્કરને એક સામટો હુકમ આપ્યો; તમે ત્રણ હજાર તીર હુર પર એક સાથે વરસાવો. એમણે તીરોનો વરસાદ વરસાવવો શરૂ કર્યો અને ચાર વખત છુટેલ

એ બાર હજાર તીરોમાંથી હઝરત હુર અ. પર એટલાં તીર લાગી ગયાં કે, જેમ શેઢાડીના શરીર પર અસંખ્ય કાંટાંઓ હોય છે, તેમ હઝરત હુર અ. નુ શરીર દેખાતું હતું. આપને એટલા બધા તીરો વાગેલા કે શરીરનાં કોઈ પણ અવયવમાં તીર આડે હાથ રાખવા જેટલી પણ જગ્યા ન્હોતી. તેમાંય એક તીર ઘોડાનાં પેટમાં એવું લાગ્યું કે, બાપડો બેજાન બની ઢળી પડયો. હઝરત હુર અ. તે છતાં પણ પગપાળા દોડીને કાફરોનાં લશ્કર લગોલગ આવી ગયા.

એ શેઢાડીના દેખાવના નરવીરને જોઈ તીરઅંદાજોના પણ હાજા ગગડી ગયા, અને એ ત્રણેય હજાર તીરઅંદાજો આમતેમ ભાગી નીકળ્યા, જે ઝપટે આવતું તેને હુર અ.ઠેકાણે પાડી નાંખતા હતા. ઉમરે સઅદને શીમર મલઉને એ વેળા સલાહ આપી : 'આખાય લશ્કરને હુકમ આપો કે તે હુરને વચ્ચે ઘેરી કત્લ કરે', ઉમરે સઅદે તરત હુકમ આપ્યો અને એ છ લાખનું લશ્કર એકલા હુર અ.પર ત્રાટકી પડયું. આખર એકલો માણસ, એ લાખો દુશ્મનો સામે કેટલું લડી શકે ? છેવટે હુર અ. ઝખમોથી એટલા ચુર બન્યા કે, હવે જરાય વાર જીરવાય તેમ નહોતું. પડી ગયા અને કાફરોએ એક સામટા ઝાટકાઓ મારી તેમને કત્લ કરી નાખ્યા.

હુર અ. છેલ્લા ડચકા ભરતા હતા, ત્યાં ઈમામ હુસેન (અ.સ.)ના અસ્હાબો તરત જ આવી પડયાં, અને હુર અ. ને ઉપાડી હઝરત ઈમામ હુસેન (અ.સ.)ની સેવામાં હાજર કર્યા. હજુ થોડોક જીવ બાકી હતો. ઈમામ હુસેન (અ.સ.)એ પોતાના રૂમાલ વડે એમના મોઢા પરની ધૂળ અને લોહીને લુંછી નાંખ્યું; અને ફરમાવ્યું : ખુદાની કસમ, તારી માએ તારૂં નામ હુર રાખવામાં ભૂલ કરી નથી, તું દુન્યા અને આખેરતમાં બન્નેમાં 'હુર' એટલે 'આઝાદ' છો. હઝરત હુરે આકા હુસેન (અ.સ.)ના છેલ્લાં દીદાર કરી લીધા, અને સીધા સ્વર્ગે સીઘાવી ગયા.

## ૫. પાંચમા શહીદ : બુરેર હમદાની

રસુલુલ્લાહ (સ.અ.વ.)ની સાથે વસનાર તરીકે મોટું નામ મેળવનાર હઝરત બુરેર હમદાની મોટા દીનદાર અને પરહેઝગાર હતા. તેઓ હઝરત હુરની શહાદત પછી હઝરત ઈમામ હુસેન (અ.સ.)ની સેવામાં આવ્યા, અને અરજ કરી : 'યા મૌલા ! આજ તો આપના દરેક સાથીઓ માટે શહાદત જ છે, તેમાં વહેલો જનાર શું આપનો પુરો વફાદાર ન ગણાય ?'

હઝરતે જવાબ આપ્યો : 'હા, પણ એથી તમારો મતલબ ?'

બુરેરે કહ્યું : 'જો જનાબની ખીદમતમાં હું કંઈ વફાદાર ગણાઉ તો મને જવાની રજા મળવી જોઈએ.'

હઝરતે ફરમાવ્યું : 'પણ બુરેર ! જો તમારા જેવા બાળવયના સાથીને હું જવા દઉ તો મારૂં જીવન આજની સાંજ સુધી પણ મુશ્કેલ બને ને ?'

બુરેરે અરજ કરી : 'મૌલા ! માનો કે હું સાંજ સુધી રહ્યો તો મારે દાગ ઉપર દાગ દેખવા પડે, અને એહલેબૈતે તાહેરીનમાંના કોઈપણની શહાદત હું ન દેખી શકું. મૌલા ! આજની આ કયામત દેખી અમારા તો હોંશ ખાટા બની ગયા છે, અને મરવા જવાની રજા આપો. એ ગઈ રાતથી અમારી તો તમન્ના છે.'

મૌલાએ એમને રજા આપી અને ફરમાવ્યું : 'બુરેર ! મારા સર્વ સાથીઓને છુટ છે, કોઈએ રજા માગવાની જરૂરત નથી, જયારે વખત જ એવો છે ત્યારે શું થઈ શકે ? ભલે એક પછી એક જતા જાઓ.'

બુરેર ખુશી થઈ મેદાને કારઝારમાં પહોંચી ગયા અને દુશ્મનોના લશ્કરને ફરમાવ્યું : 'અય મોઅમીનોને કત્લ કરનાર કહેવાતા મુસલમાનો ! આવો, મારી સાથે લડો કે હું તમને આ ઝુલ્મગારીનો બદલો આપું.' પરંતુ કોઈ પણ કાફર સામે આવવા હિંમત કરતો નહોતો. હઝરત બુરેરે એમ ત્રણ ત્રણ વખત લડવૈયો માંગ્યો, પણ દુશ્મનો તો એજ નિય્યત કરી બેઠા હતા કે, હુસૈન (અ.સ.)ના અન્સારોને આવવા દેવા અને લશ્કરમાં ઘેરી લઈ એમને કતલ કરવા.

હઝરત બુરેરે હમદાની શામીઓના લશ્કરમાં પડયા અને તલવાર ચલાવી આમથી તેમ ફરતા જતાં હતા. કાફરો ભેગા મળી ઘા કરતા, અને બુરેર બને એટલાને કાપ્યે આવતા હતા. એમને મરવાની કંઈ પરવા ન્હોતી. હઝરત બુરેરની તેજ તલવાર ચોમેરે ઘુમી રહી હતી અને ડઝનબંધ કાફરોને કતલ કરતા પૂર્વથી પશ્ચિમ જઈ રહ્યાં હતા, અને આવતા ઘા પોતાના અંગ પર ઝીલતા હતા.

વળતાં છેલ્લાં વારમાં જ હઝરત બુરેરે બાવન કાફરોને લઈ લીધા હતા, એવામાં હજરતે બુરેરને એક કાફરે બરાબર કપાળમાં ભાલું માર્યું. એ ભાલાનો ઘા એવો હતો કે અન્ય માણસ તો ચક્કર ખાઈને પડી જ જાય. અબ્દુલ કાદર કહે છે કે, એ ભાલાની અણી સાથે બુરેરના ભેજાનો ભાગ પણ નીકળી આવ્યો હતો, છતાં બુરેરે વધુ તેજ બની વળતી તલવાર એ ભાલુી લગાવનારને એવી મારી કે તેના બરાબર બે ટુકડા બની ગયા હતા.

હઝરત બુરેરની આ બહાદુરી જોઈને દુશ્મનોના હોંશ હવાસ ખાટા પડી ગયા, અને ઉમરે સઅદે હુકમ આપ્યો કે, તમે બધાય મળી બુરેરને ઘેરી કતલ કરી નાખો.

આ સાંભળી ચોતરફથી દુશ્મનો એક સામટા તૂટી પડયા ! છતાં હઝરત બુરેર વાઘની માફક લડયે જતા હતા અને કાફરોની લાશોના ઢગલા કર્યે આવતા હતા. એવામાં યઝીદ બીન મકઅલી મલઉને પાછળથી આવી એક એવો વાર કર્યો કે, બુરેરનું માથું ગરદન સુધી ચીરાઈ ગયું. બુરેરને ચક્કર આવ્યા, અને એ મઝલૂમ ઘોડેથી નીચે પડી ગયા. જમીન ઉપર પડતા જ તેમણે અવાજ આપી : 'અસ્સલામો અલયક યબ્ન રસૂલીલ્લાહ !', અને બુરેરના પ્રાણ નીકળી ગયા.

## ૬. છઠ્ઠા શહીદ : વહબ બીન અબ્દુલ્લાહ કલ્બી

હઝરત અબ્દુલ્લાહ કલ્બી એક જંગલમાં રહેતા હતા. એક વખત ઈમામ અલી (અ.સ.) અનાયાસે એ જંગલમાં નીકળી પડયા. તરસ ખૂબ લાગી હોવાથી એ અબ્દુલ્લાહ અને વહબની મા કમરી બંનેએ મૌલાને માનપૂર્વક ઉતારો આપ્યો, અને હઝરતે પાણી માંગતા તેણે તરત બકરીને દોહી દૂધનો પ્યાલો લાવી હાજર કર્યો. મૌલાએ તે પીધું, ત્યાં નમાઝ પઢયા, અને દોઆ કરી કે, ખુદા તમારા માટે સારા વાના કરે. આજથી દસમે મહિને તમારે ત્યાં એક ખુબસુરત ફરઝંદ પેદા થશે, અને તેનું નામ 'વહબ' રાખજો, તે જયારે જવાન થાય અને તમે તેની શાદી કરો એજ વખતે મારો ફરઝંદ હુસૈન મુસીબતમાં ફસાયો હશે. અને એ વહબ તેની મદદ કરી પોતાના પ્રાણ ન્યોછાવર કરી આપશે.

ત્યાર પછી મૌલા તો તરત જ ચાલતા થયા. પણ કુદરતે ખુદાથી એ વૃઘ્ધાને પેટે ત્યાર પછી બરાબર દસમે મહીને જ હઝરત વહબ (અ.)નો જન્મ થયો, તેને લાડ પ્યારથી પાળ્યો ઉછેર્યો, અને તે દીકરો હોંશીયાર તેમજ ખૂબસૂરત હતો કે જેથી તેના સસરાએ પરાણે તેને પોતાની દીકરી પરણાવી અને પછી ત્રીજે જ દિવસે હઝરત અબ્દુલ્લાહ ખુદાપાકની રહેમતે પહોંચ્યા.

હજુ એ લગ્નને બે અઠવાડિયા પસાર થયા ન હતા, ત્યાં તો બીબી કમરને ખબર મળ્યા કે, ઈમામ હુસૈન (અ.સ.) કરબલાના રણમાં યઝીદી કાફરોના હાથે ઘેરાઈ ગયા છે. તેણે પોતાના પુત્રને પુછયું : 'બેટા ! શું કરવું જોઈએ ?'

હઝરત વહબે જવાબ આપ્યો : 'માતાજી ! હું હુસૈન (અ.સ.)ના વસીલાથી જ આ જગતમાં આવ્યો છું. શું મારા મૌલા મુસીબતમાં હોય છતાં ઘડીવારે હું બેદરકાર થઈ રહી શકું ?'

તરત જ બીબી કમર કરબલા જવા તૈયાર થયા અને તે ત્રણેય વહુ, માતા અને દીકરો પહોંચી ગયા.

એ વહબને આવ્યે આજે ત્રીજો દિવસ હતો, અને લડાઈ એકાએક આવી પડી. તેથી પાંચ બુઝુર્ગવારોના જવા પછી તો વહબને એક સેકંડ પણ રહેવું પસંદ આવ્યું નહિં. મેદાને જંગનો ઈરાદો કર્યો અને પોતાની માતા પાસેથી રજા માંગી. તેમની પત્નિ બોલી ઉઠયા : 'ઈમામ (અ.સ.) પર નિસાર થવામાં માની રજાની કંઈ જરૂર ન હોય.'

વહબની માતાએ કહયું : 'શાબાશ બેટા ! તુ તાજી દુલ્હન હોવા છતાં પણ ઈમામ (અ.સ.) પર અટલ કુરબાની કરવા ઈચ્છે તે તને હજારો વાર મુબારક હોજો !'

તરત જ વહબ (અ.) મેદાનમાં આવ્યા અને લડવૈયા જોડીદારની માંગણી કરી. પણ કાફરોમાંથી કોઈ નીકળવા માટે તૈયાર નહોતું. એમણે લશ્કર ઉપર હુમલો કર્યો અને પહેલા જ વારમાં ૧૪ પ્યાદાઓ તથા ૩૦ સવારોને કતલ કરી નાંખ્યા, એવામાં એક મલઉને પાછળથી ઘા કરી અમનો જમણો હાથ કાપી નાખ્યો, હઝરત

વહબે તરત જ ડાબા હાથમાં તલવાર લઈ પહેલાની માફક જ ચમકાવવા માંડી. બીજા કાફરે વળી પાછળથી તલવાર ચલાવી ડાબો હાથ કાપી નાંખ્યો. વહબની જુવાન ઓરત આ જોઈ રહી હતી, જોશે મોહબ્બતમાં તે તંબુનું આડસર ખેંચી મેદાને નીકળી પડી અને પોતાના ઘણી પાસે જઈ કહેવા લાગી : 'શાબાશ ! ઈમામ હુસૈન (અ.સ.)ની મદદમાં તમે ખૂબ હિંમતપૂર્વક લડયા.' એટલું કહે એ આડસર વડે જ તેણે કેટલાય કાફરોને ઢાળી દીધા.

હઝરત વહબે કહયું : 'તુ સ્ત્રી જાત રહી, તારા ઉપર મેદાનમાં તો શું પણ ઘરથી બહાર નીકળવું યે જાએઝ નથી.' તેણીએ કહયું : 'હું મરાઈ જાઉ તો આપણે બંને સાથે જ લોહીમાં લેટીએ એ ઈચ્છું છું.'

ઈમામ હુસૈન (અ.સ.) આ જોઈ તેની પછવાડે મેદાનમાં આવ્યા અને ફરમાવ્યું : 'ખુદા તમો બંનેને જઝાએ ખૈર આપે. બેટા ! ખેમામાં પાછી જા.'

ઈમામના હુકમને આઘીન વહબની ઓરત પાછી વળી. વહબ મુખમાં તલવારની મુઠ પકડીને કાફરો ઉપર ચલાવવા લાગ્યા. પરંતુ એ હજારો દુશ્મનોના છુટતાં તીર અને ભાલા તથા તલવારના ઘાથી હઝરત વહબ સા બેભાન બન્યા અને ઘોડેથી નીચે પડતા પડતા અવાજ આપી : 'અસ્સલામો અલયક યબ્ન રસૂલિલ્લાહ !' એ અવાજ સાંભળી વહબની પત્નિ ફરી રહી શકી નહિં અને લાકડી લઈ ફરી નીકળી પડી. શીમરે પોતાના ગુલામને હુકમ કર્યો : 'એ ઓરતને કાપી નાંખ' એ મલઉન ગુલામે એક ગુર્ઝ મારી તે મોઅમેનાને જન્નત વાસીલ કરી દીધી, અને વહબ અને તેની પત્નિના શ્વાસ સાથે છુટયા.

કાફરોએ વહબનું સર કાપી હુસૈન (અ.સ.)ના તંબુ તરફ ફેંકયું. વહબની માતાએ દોડીને માથું ઝીલી લીધું અને કહયું : 'ખુદા પાકનો શુક્ર બેટા, તારી શહાદતથી હું પણ આકા હુસૈન (અ.સ.)ની વફાદાર સાબિત થઈ.'

## ૭. સાતમા શહીદ : ઉમર બીન ખાલીદ અજદી

જનાબે વહબની શહાદત પછી લશ્કરે હુસૈનમાંથી હઝરત ઉમર બીન ખાલીદ અઝદી મેદાને જંગમાં જવા રવાના થયા. એ ઉમરના બાપ હઝરત ખાલીદ અઝદી હઝરત મૌલા મુરતઝા અલી (અ.સ.) સાથે સંપૂર્ણ મોહબ્બત ઘરાવતા હતા, અને દરેક લડાઈઓમાં તેઓ અવશ્ય શામીલ રહયા હતા. હઝરત રસુલેખુદા (સ.અ.વ.)એ જેટલી લડાઈઓ લડી હતી, તેમાં ભાગ્યે જ કોઈ લડાઈમાં તેઓ શામિલ રહયા નહિં હોય. હઝરતે તેથી જ તેમને આખર વખતમાં તાએફના હાકીમ મુકર્રર કર્યા હતા અને આપે જયારે રહેલત ફરમાવી ત્યારે એમની સાથે મુસલમાનોને રશીયા તરફ રવાના કર્યા હતા, પરંતુ અમુક મોટા અસ્હાબોએ એમ કહી તે સફરમાં સાથ આપ્યો નહોતો કે, હઝરતને આખર વખતે બકવાદ ઉપડયો છે. કયાં રશીયા અને કયાં મદીના ?! આખર એમ કરતાં આખુંય લશ્કર વિખેરાઈ ગયું, અને તેઓ રશીયા પર ચડાઈ લઈ જઈ શકયા નહિં. વરના

રશીયાનું રાજય મુસલમાનોને મળવા પામત. જો કે હજરત ખાલીદ માત્ર પચાસેક આદમીઓને લઈ રશીયા રવાના થઈ ગયા હતા, પણ એ પચાસ માણસો લાખોના લશ્કર સામે કેવી રીતે લડે ? એટલે તેમણે ત્યાં રહેઠાણ નક્કી કરી રાખ્યું હતું, અને તેને જ પરીણામે આજે કરોડો ઈસ્લામીઓ રશીયાના રાજયમાં મૌજુદ છે. હઝરત ઉમર બીન ખાલીદે સીફફીનની લડાઈમાં મૌલા અલી (અ.સ.)ની સારી મદદ કરી હતી. તેઓએ સાંભળ્યું કે, હઝરત ઈમામ હુસૈન (અ.સ.) મદીનાથી કુફા તરફ જઈ રહયા છે, ત્યારે હઝરત પાસે આવી એમણે અરજ કરી : 'મૌલા ! હું અને મારો ફરઝંદ ચાહીએ છીએ કે આપની આ સફરમાં સાથે રહીએ.' મૌલાએ ફરમાવ્યું : 'ભાઈ, મારા સાથમાં મજા નથી.' એમણે અરજ કરી : 'મૌલા ગમે તે થાય, બહુ બહુ તો અમારા પ્રાણ ન્યોછાવર થશે, એથી અમે આપનો સાથ હરગીઝ મુકી શકતા નથી.' હઝરતે ફરમાવ્યું : 'તો બિસ્મીલ્લાહ' અને હઝરત ઉમર બીન ખાલીદ અઝદી પોતાના પુત્ર સહિત મદીનાથી હઝરતની સાથે થયા. તેમણે રોઝે આશુરા જોયું કે, હઝરત વહબ અને તેમની ઓરત કતલ થઈ ગયા, ત્યારે બન્ને બાપ દીકરો મેદાને જંગમાં કુદી પડયા અને પ્રથમ હજરત ઉમરે તલવાર ચલાવવી શરૂ કરી, પોતે કાફરોના લશ્કર ઉપર જે તરફ હુમલો કરતા હતા ત્યાં સખત ભંગાણ પડી જતું હતું, અને લશ્કરીઓ ભાગતા ભાગતા ઘા કરતા હતા, એમાં આપને એકસો અઠાવન ઝખ્મો લાગ્યા છતાં એ શૂરવીર નર બહાદુરીપૂર્વક લડયે જતા હતા. એવામાં એક કાફરે પાછળથી આવી આપને એક ગુરજ લગાવ્યો. તે ફટકો આપને એટલો સખ્ત પડયો કે આખુંય માથું ગરદન સુધી સાવ ચીરાઈ ગયું, અને તેઓ ઘોડેથી નીચે પડી બોલ્યા : ' મૌલા ! મારા આખરી સલામ હોજો.'

## ૮. આઠમા શહીદ : ખાલીદ બીન ઉમર

આઠમા શહીદ એ હઝરત ઉમર બીન ખાલીદના ફરઝંદ ખાલીદ હતા, જેઓ એક બાજુ ઉભા પોતાના બાપની બહાદુરી જોઈ રહયા હતા. તેઓ હઝરત ઉમર બીન ખાલીદ અઝદીની શહાદત થતાં જોઈ ઉછળી પડયાં અને કાફરોના લશ્કર પર જેમ આવે તેમ વાર કરવા માંડયા. એ જુવાન જો કે વધુ લડાઈઓ જોવા પામ્યા નહોતા, પણ અત્યારે ઈમામ (અ.સ.)ની મદદમાં અને બાપનું મૃત્યુ નજર સામે જોઈ સિંહના રૂપમાં આવી ગયા હતા, અને તલવારનો દેકારો બોલાવી એમણે કાફરોનો ઢગલો કરી નાખ્યો હતો. તેઓ કાફરોના લશ્કર ઉપર જે તરફ ખાબકતા એ તરફ આખુંય મેદાન ખાલી કરી નાખતા હતા. કાફરો દૂર દૂર દોડી જતા હતા. અને દુશ્મને ત્રણ ફલાંગ પરથી એક તીર જોડીને એવું માર્યુ કે તે એ જવાનના કપાળમાં લાગી ભેજું ફાડી માથાની ખોપરી ઉડાવતું જઈ સીધ્ધું ઈમામ (અ.સ.)ના ખયમા પાસે પહોંચ્યું, અને ઈમામ (અ.સ.)એ અવાજ આપી : 'મારો નવજવાન

મહેમાન કતલ થયો.' હઝરત ખાલીદને તમ્મર આવી ગયા, અને બેકરાર થઈ ઘોડા ઉપરથી નીચે પડયા, અવાજ આપી : 'અસ્સલામો અલય્ક યબ્ન રસૂલીલ્લાહ !', અને તેમના પ્રાણ નીકળી ગયા.

## ૯. નવમા શહીદ : સઅ્દ બીન હંઝલા તમીમી

તરત ઘોડો કુદાવતા મેદાને આવ્યા અને રજઝ પઢી કાફરોને સમજાવવા લાગ્યા. ઉમર સઅ્દે લશ્કર ભરને હુકમ આપ્યો : 'એક સાથે એમના ઉપર ત્રાટકી પડો અને ચોતરફથી ઘેરી એને કતલ કરી નાખો.' અને છ લાખ માણસોનું લશ્કર એક સામટું ઘેરી વળ્યું અને એ ભૂખ્યા પ્યાસા નરવીર પર ભાલાઓ અને તલવારો વડે એટલા ઘા કર્યા કે, એ મુજાહીદને ત્રણસો ત્રેવીસ ઝખ્મો લાગવા પામ્યા. ત્રણ ઝાલિમોએ પાછળથી આવી એમના ઉપર જોરથી એવી તલવારો લગાવી કે, એક વડે આપનું માથું ફાટયું, બીજીથી આપની પીઠ કમર સુધી ચીરાઈ ગઈ, અને ત્રીજીએ ડાબું પડખું તોડી કલેજાના બે કટકાઓ કરી નાખ્યા. તરત એ બુઝુર્ગ ઘોડેથી ઢળી પડયા, અને આપની રૂહ જન્નત તરફ પરવાઝ કરી ગઈ.

## ૧૦. દસમા શહીદ : ઓમેર બીન અબ્દુલ્લાહ મઝહજી

દોડતા મેદાનમાં આવી પહોંચ્યા. કાફરોએ તીરો વરસાવવા શરૂ કર્યા, પણ તેમણે ચોમેર એવી તલવાર ચલાવી કે, એ કાફરોના હાજા ગગડી ગયાં, અને તે સૌ દૂર જઈ ઉભા રહયા. ઓમેર દોડતા જઈ એ કાફરોને તલવારથી વીંધવા લાગ્યા. પણ એ કાફરોના અઠાવન તીરો આપના શરીરમાં ખોડાઈ ગયા હતા, છતાં બહાદુરીપૂર્વક તેઓ લડયે જતા હતા. સામેથી તીરો આવતા ત્યારે તેની કંઈ પણ દરકાર આપ કરતા નહોતા, જયારે ભર લશ્કરમાં તેઓ આવી પડયા, ત્યારે છ હજાર દુશ્મનોએ આપને ઘેરી, તલવારો અને ભાલાઓની અણીઓ ભોંકવી શરૂ કરી, એક ભાલું આપને એવું લાગ્યું કે, પાંસળીમાં દિલની અંદર બરોબર ખૂંચી ગયું. આપને ચક્કર અને તમરો આવી ચડયાં અને એકાએક આપના પ્રાણ નીકળી ગયા.

## ૧૧. અગીયારમા શહીદ : મુસ્લિમ બીન ઔસજા

ઘણા બુઢા માણસ હતા. હઝરત રસૂલે કરીમ (સ.અ.વ.)ની સાથે તેઓ ખુબ રહ્યા હતા, અને અત્યારે ઈમામ હુસૈન (અ.સ.)ને આફતમાં ઘેરાયેલા જોયા, તેથી તેઓ આપની મદદ માટે સાથે આવ્યા હતા, બલ્કે ઈમામ હુસૈન (અ.સ.)ની હિમાયતના જોશને લીતે આપ શરીરે નવજવાન રૂપ બની ગયા હતા, અને વાઘની માફક હુંકાર કરતા મેદાનમાં જવાને રવાના થયા. શીમરે લશ્કરને હુકમ આપ્યો : ‘મુસ્લિમ બીન ઔસજાને ઘેરી લો’, લશ્કર દોડી નીકળ્યું, અહિં મુસ્લિમે તલવાર ચલાવવી શરૂ કરી અને બુઢાપામાં પણ જવાનોને શરમાવે તેવી લડાઈ આપી, ચોતરફના ઝખ્મોને અંતે આપ ચકચુર બની ગયા. અને ઘોડા પરથી નીચે પડતા પડતા અવાજ આપી : ‘અસ્સલામો અલયકુમ યબ્ન રસુલીલ્લાહ !’

ઈમામ (અ.સ.) પોતાના સાથીઓ સાથે મુસ્લિમની લાશ પર આવ્યા, ત્યારે મુસ્લિમ માટી ઉપર બેહોશ પડયા હતા. હબીબ બીન મઝાહીરે બાવડું પકડી હલાવ્યા. આપે આંખો ખોલી કંઈ બોલવા ચાહ્યું. હબીબે કહયું : ‘ ભાઈ ! મને જો તમારી પાછળ જીવતા રહેવાની ખાત્રી હોત, તો હું તમને વસીય્યત કરવા જરૂર કહેત, પણ હું મારો વારોય તમારી પછી તરત જ જોઉ છું.’ મુસ્લિમે ઈમામ હુસૈન (અ.સ.)ના દીદાર કર્યા અને તેમના તરફ આંગળી ચીંધી કહ્યું : ‘હબીબ ! મારી વસીય્યત તો એજ કે, તમે જીવતા રહો ત્યાં સુધી આ મૌલાને જરાય આંચ આવવા દેશો નહિં.’ એટલુ જ કહી મુસ્લિમની રૂહ જન્નત તરફ પરવાઝ કરી ગઈ.

## ૧૨. બારમા શહીદ : મુસ્લિમના પુત્ર, સઅદ

ખીલતી યુવાની અને ચાંદ જેવા ચહેરાવાળા; તેમણે પોતાના પિતાને જયારે શહીદ થતા જોયા, ત્યારે તલવાર લઈ દોડયા. ઈમામ હુસૈન (અ.સ.)એ તેમને ફરમાવ્યું : ‘અય ફરઝંદ ! ઠહેરો, તમે તમારી વિધવા માતાની જીંદગીનો સહારો છો, અગર શહીદ થઈ ગયા, તો એ બિચારી પછી કોના આધારે જીવશે ?’ ઈમામ (અ.સ.)ના આ શબ્દો સાંભળી તે સુપુત્રની માતા તંબુમાંથી બહાર નીકળી આવી, અને પોતાના પુત્રને લલકારી કહેવા લાગી : ‘અય ફરઝંદ ! રસુલુલ્લાહ (સ.અ.વ.)ના નવાસાની જાન કરતા પોતાની જાનને પ્યારી ગણીશ નહિં. મારૂં તો જે થવાનું હશે તે થશે, પણ મારી દિલી આરઝુ છે કે તું મેદાનમાં જઈ બરછીઓ ખા, અને પોતાના લોહીમાં આળટી નીકળ.’

એ સુપુત્રે ઉત્તર આપ્યો : ‘માતાજી ! ઈન્શાઅલ્લાહ, એમ જ થશે.’ પછી એ સુપુત્રે મૌલાને મનાવી મેદાનમાં પર્યટન કર્યુ. એની માતા પણ પાછળ પાછળ જ પહોંચી ગઈ. ફરઝંદને લડતા જોઈ તેની હિમ્મત વધારવા એમ કહેતી હતી : ‘શાબાશ ! જવાંમર્દોનું તો એજ કાર્ય રહ્યું, ખૂબ બહાદુરી પૂર્વક લડતો રહેજે, હઝરત સાકીએ કૌસર તને બેહીશ્તમાં ઠુંડુ પાણી પીવરાવશે.’

એ બહાદુર નવજવાને સાઠ કાફરોને ખલાસ કર્યા, અને પોતે પણ ઝખમી થઈ ઘોડેથી પડી ગયા ! દુશ્મનોએ માથું કાપી લશ્કરે હુસૈન તરફ ફેંકી દીધું. દુઃખી માતાએ તે સર ઉઠાવી લીધું, અને કલેજેથી લગાડી તેને ચુમીઓ લીધી અને ફરમાવ્યું : ‘શાબાશ બેટા ! તે મારા દૂધનો હક બરાબર અદા કર્યો.’

## ૧૩. તેરમા શહીદ : હીલાલ બીન નાફેઅ બીજલી

આપ ઘણાં જ સૌંદર્યવાન અને મજબુત શરીરના હતા. આપે બીજા લગ્ન હજું હમણાં જ થોડા દિવસ પહેલા કર્યા હતાં, અને તે સ્ત્રીને પણ સાથે જ લઈને આવેલા હતા. તે સ્ત્રીએ જયારે પોતાના પતિને મેદાનમાં જવાને તૈયાર જોયા, ત્યારે તે કહેવા લાગી : ‘તમે તો મરવા જઈ રહયા છો, પરંતુ મને કોને હવાલે છોડી જાઓ છો એ તો કહેતા જાઓ ?’

હીલાલે જવાબ આપ્યો : ‘ઈમામ હુસૈન (અ.સ.) પોતાના બાળબચ્ચાઓને જે ખુદાને હવાલે સોંપી જનાર છે એજ ખુદાતઆલાને આશરે હું તને મુકી જાઉ છું.’

બીબી બોલ્યા : ‘પણ જેમ ઈમામ હુસૈન (અ.સ.)ના બાલબચ્ચાઓ સાથે રહેશે તેમ મને પણ તેમની સાથે કરતા જાઓ.’

જનાબે હીલાલે જવાબ આપ્યો : ‘જેમ મને ઈમામ હુસૈન (અ.સ.)માં વિશ્વાસ છે તેમજ તેમના એહલેબૈત ઉપર પણ ઈમાન છે, તેઓ મારા મરવા પછી તને એકલી મૂકી દેવા તૈયાર થશે નહિં.’

એટલી વાતો થતી હતી ત્યાં હઝરત ઈમામ હુસેન (અ.સ.) આવી પહોંચ્યા અને હઝરત હીલાલની ઓરતને કહેવા લાગ્યા : ‘ખાતુન ! ચાલો જનાબે ઝયનબ (સ.અ.) પાસે.’ જનાબે ઝયનબ (સ.અ.)ના ખેમામાં જઈ જોયું કે, તેઓ પોતાના બન્ને પુત્રોને શહાદત માટે ઉત્સુક કરી રહયા છે.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : ‘બહેન ! આ ખાતૂન (હીલાલના પત્નિ) કહે છે કે, મને પાછળથી કોને સહારે મૂકી જાઓ છો ? અને તેમને કંઈ સહારો દેશો ?’

જનાબે ઝયનબ (સ.અ.)એ ફરમાવ્યું : 'બહેન ! શહાદત પછી અમારૂં સૌનું જે થશે, એજ તારૂં થશે, અત્યારે આ આફતના વાદળો વચ્ચે સૌ પોતાનો પ્રાણ ગયો જ સમજે છે. છતાં જો તારી ઈચ્છા હોય તો હીલાલને મરવા જવાની અમે રજા નહિં દઈએ.'

ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું : 'બેશક ! મારા કોઈ અન્સારને આમ વાંધામાં રાખી મરવા જવાની મેં રજા આપી નથી.'

ખાતુન બોલી ઉઠી : 'બીબી ! હું માત્ર એટલું જ કહેવરાવવા માંગુ છું કે, મારા પતિના મરવા પછી આપ પોતાની સેવાનો લાભ મને આપશો.'

બીબી ઝયનબ (સ.અ.)એ જવાબ આપ્યો : 'ખાતુન ! અમારી સાથે કત્લ થનારાના બાલ બચ્ચા તો મરણ પર્યંત એહલેબયતમાં જ રહેનારા છે.'

ખાતુન ઉઠી : 'બસ, મને તો એટલું જ જોઈએ છે. પાક એહલેબયતની ગુલામી મળે એ કરતાં વધુ સાહેબી શું હોઈ શકે ?'

ખાતૂન પોતાના પતિને કહેવા લાગી : 'જાઓ, ખુદાની રાહમાં સર કપાવો.'

હીલાલ મેદાનમાં ગયા અને દુશ્મનોની ફોજ ઉપર હુમલો કર્યો. તેર માણસોને કતલ કર્યા, પછી આખું દુશ્મન લશ્કર એમનાં ઉપર તૂટી પડયું ! અને હઝરત હીલાલે પોતાની આબદાર તલવાર ચલાવવા માંડી. કેટલાક મડદાઓને પાડી નાખ્યા, અને દુશ્મનો વેર વિખેર થવા પામ્યા. શીમર મલઉને પુકાર કર્યો : 'અય નામરદો ! ભાગો છો શું ? એક તન્હા માણસને પણ કત્લ કરી શકતા નથી ?!' એ સાંભળી ફરી લશ્કર ભેગું થયું, અને હઝરત હીલાલ પર વાર કરવા માંડયું, એક કાફરે આપનો હાથ કાપી નાખ્યો, હીલાલે ડાબે હાથે તલવાર ચલાવવા માંડી. બે દુશ્મનોએ સંપી, ઘોડાની બંને બાજુએ જઈ પગ ઉપર એવી જોરથી તલવારો મારી કે હીલાલનો એક પગ સાથળમાંથી અને બીજો પગ ગોઠણ પાસેથી કપાઈ જુદો થયો. છતાં હીલાલ દુશ્મનોને કાપવાના કામમાં મશગુલ હતાં. એવામાં બીજા એક દુશ્મને આપના એ ડાબા હાથ ઉપર એવા જોરથી તલવાર મારી કે આપનો હાથ કોણીએથી ખલાસ થઈ ગયો. એ હઝરત હીલાલ તદ્દન હતાશ થઈ પડી ગયા. લશ્કરીઓ આવ્યા અને તેમને કેદ કરી શીમર મલઉન પાસે લઈ ગયા. એણે હુકમ કર્યો કે : 'એમને જીવતા લાવવાની જરૂરત નથી, એ તો કત્લ થવા જ સારા.' તરત જ તલવાર એમની ગરદન પર ચલાવવામાં આવી, અને એ હઝરતના પ્રાણ નીકળી ગયા.

## ૧૪. ચઉદમાં શહીદ : નાફેઅ બીન હીલાલ

હીલાલ બીન નાફેઅના શહીદ થવા પછી તેમના પુત્ર નાફેઅ બીન હીલાલ મેદાનમાં આવ્યા. તેમને એક બાળક સમ નવજવાન જોઈને (દુશ્મનમાંથી) મઝાહીમ બીન હુરીસ એમની સામે આવ્યો. નાફેએ એક જ વારમાં તેને ઠેકાણે પહોંચાડી દીધો. પછી બીજો આવ્યો, ત્રીજો આવ્યો અને ચોથો આવ્યો, એમણે ચારેયને કતલ કરી નાખ્યા. ઉમર બીન હુજ્જાજ કે જે ફુરાત નદી પર નીમાએલ લશ્કરનો સરદાર હતો, જે ખુબ અનુભવી અને મજબૂત બાંધાનો મહાન લડવૈયો હતો, તે ફોજને સંબોધીને કહેવા લાગ્યો : 'તમે બધા અક્કલ અને અનુભવ વગરના જ દેખાઓ છો, આ શૂરવીર બહાદુરો ખંતીલુ દૂર પી, ઉછરી મોટા થયા છે અને પોતાનું માથું હથેળીમાં રાખી મેદાનમાં લડવા આવે છે, આમને આમ તો તમે બધાય કપાઈ જઓ, છતાં કદી પહોંચી શકવાના નથી, તમારી કામીયાબી તો એમાં જ છે કે, એક સાથે સૌ ઘેરો નાખી એમને વચ્ચે દબાવી કતલ કરી નાંખો.' એ સાંભળી આખું લશ્કર તૂટી પડયું, અને હઝરત નાફેઅ બીન હીલાલને કતલ કરી નાખ્યા.

## ૧૫. પંદરમા શહીદ : હબીબ બીન મઝાહીર

હઝરત નાફેઅ બીન હીલાલની શહાદત વખતે ઉમર બીન હુજ્જાજે જે રીતે આખાય લશ્કરને લડવા હુકમ કર્યો હતો, તે ખૂબ માફક આવ્યો હોવાથી ઉમરે સઅદે એવો વિચાર કર્યો કે, આમ એક એક લડવા કરતાં જો આખાય લશ્કરને છુટુ મૂકવામાં આવે અને તે હુસૈન (અ.સ.)ના બધાય સહાબીઓને એક સાથે જ કતલ કરી નાખે, તો આ લડાઈનો અંત જલ્દી આવે. માટે તેણે હુકમ કર્યો કે, હુસૈન (અ.સ.)ના બધાય સહાબીઓને એક સાથે કતલ કરી નાખો. આ હુકમ સાંભળી કુફીઓ અને શામીઓની ફોજનાં ધાડાંઓ ઈમામ હુસૈન (અ.સ.)ની નાનકડી ફોજ પર એકદમ તુટી પડયા, અને બંને બાજુએ ઘમાસાણની લડાઈ શરૂ થઈ ગઈ. જોકે એ યઝીદી ફોજની સંખ્યા સામે ઈમામ હુસૈન (અ.સ.)ના અન્સારો કંઈ ગણત્રીમાં નહોતા, પરંતુ તેમણે ઈમાનના જોશને અંગે ધારણ કરી લીધું હોવાથી એવી શુજાઅત પૂર્વક લડાઈ લડી કે દુશ્મનોના હોશ ખાટા પડી ગયા અને થોડી વારમાં જ હજારો કાફરોને મોત ભેગા કરી દીધા. માત્ર એક અબ્દુલ્લાહ બીન ઉરવા ગફફારી જેઓ સૌથી નાની ઉમરના હતા અને સીફફીનની લડાઈમાં શામીલ રહી ચૂકયા હતા, તેમણે એકસો અઠાવન કાફરોને મોતને ઘાટ ઉતારી દીધા. એ પરથી બાકીના અન્સારોનો હિસાબ કરવો જોઈએ. આમ અન્સારોને અજબ શૂરવીરતાપૂર્વક ગજબની લડાઈ લડતા જોઈ ઉમર સઅ્દ અને શીમર બંને વિચારમાં પડી ગયા અને એ ઘમાસાણની લડાઈ તરત જ

બંધ કરાવી, ફરી એક એક અન્સાર સાથે લડવા હુકમ આપી દીધો. એ પછી ફોજો ફરી પોતપોતાની જગ્યા ઉપર જઈ ખડી રહી અને એકેક અન્સારની માંગણી કરવા લાગી.

એ સમયે હઝરત ઉમર બીન અબ્દુલ્લાહ અનસારી કે જેઓ 'અબુ સમામા'ના નામે મશહુર છે, એમણે ઈમામ હુસૈન (અ.સ.) પાસે અરજ કરી : 'મૌલા ! મારી જાન આપ ઉપર ફીદા થાય, ભલે મોતનો બજાર ગમે એવો ગરમ હોય, પણ જયાં સુધી હું જીવતો છું, ત્યાં સુધી આપના મુબારક જીસ્મને હું આંચ આવવા દઈશ નહિં, અત્યારે મારી એ આરઝુ છે કે એક વખત ફરી આપની સાથે નમાઝ અદા કરી લઉં, અને અત્યારે ઝોહરનો વખત લગભગ થવા આવ્યો છે.'

ઈમામ (અ.સ.)એ તે સાંભળી આકાશ તરફ જોયું, તો ખરેખર ઝોહરનો વખત થયેલ જણાયો. આપે ફરમાવ્યું : 'અય અબુ સમામા ! તમે નમાઝને યાદ કરી, ખુદા તમને નમાઝ ગુઝારોમાં શામિલ કરે. હા, ઝોહરનો અવ્વલ વખત થવા આવ્યો છે, આ લોકોને જઈ કહો કે આપણે નમાઝ પઢી લઈએ એટલી વાર લડાઈ મૌકુફ રાખે.'

તેમણે મેદાનમાં જઈ એ કાફરોને કહી સંભળાવ્યું. પરંતુ યઝીદી ફોજનાં એક સરદાર હસીન બીન નમીરે ઉત્તર વાળ્યો : 'તમારી નમાઝ જ કયાં કબુલ હતી ? કે અમે તમને મોહલત દઈએ.'

તેનો આ ઉધ્ધત જવાબ સાંભળી હબીબ બીન મઝાહીર એટલા બધા ગુસ્સે ભરાયા કે એમનાં અંગે અંગમાં રૂંવાડા ઉભા થઈ ગયા હતા. તેમણે હાંક મારી કહયું : 'અય મલઉન ! હઝરત રસુલુલ્લાહ (સ.અ.વ.)ના નવાસાની નમાઝ કબુલ ન હોય અને તમો બદબખ્તોની નમાઝ કબુલ થાય ? કંઈ વિચાર કર અય કાફીર ! ખુદાનો ખોફ કર !'

આ સાંભળી તે મલઉન હઝરત હબીબ બીન મઝાહીર ઉપર ધસી આવ્યો. હબીબ એ વખતે ઈમામ હુસૈન(અ.સ.) નું રક્ષણ કરવા ખડે પગે ઉભા હતા. તેમણે હસીન બીન નમીરને આવતો જોઈ અરજ કરી : 'મૌલા ! હવે તો ઝોહરની નમાઝ હું જન્નતમાં જ પઢીશ.'

હબીબ આગળ ગયા, અને એ મલઉન સાથે તલવારની લડાઈમાં લાગી ગયા. જરાકવારમાં તો હસીન બીન નમીર થાકી ગયો, અને ભાગી જવામાં જ પોતાની સલામતી ધારી, પરંતુ ભાગતા ભાગતા તે અન્યોને હુકમ કરતો ગયો : 'હબીબને ઘેરી લ્યો.', અને પાંચ હજારના લશ્કરે આપને ઘેરી લીધા, પણ હબીબે તેની જરાય પરવા કરી નહિં. અને બરાબર એમના ઉપર તલવાર ચલાવતા રહ્યા. એવામાં એક કાફરે આપની પીઠ પર એવું ભાલું માર્યું કે તે કલેજાને કાપતું છાતી સોસરૂં નીકળી ગયું. એ ઘા હઝરત હબીબને એવો વસમો લાગ્યો કે આપ બેશુધ્ધ થઈ ઘોડેથી નીચે પડી ગયા. હસીન બીન નમીરે તરત જ દોડી આપનું સર મુબારક કાપી લીધું અને નારાઓ મારતો લશ્કર ભેગો થયો.

## ૧૬. સોળમા શહીદ : સઈદ બીન અબ્દુલ્લાહ

ઈમામ હુસૈન (અ.સ.)એ સઈદ બીન અબ્દુલ્લાહ અને ઝોહૈર બીન કૈનને હુકમ કર્યો કે, 'મારા નાનપણના મિત્ર હઝરત હબીબ બીન મઝાહીર તો શહીદ થઈ ગયા, હવે તમે બંને જો અમારી આડા ઉભા રહો, તો અમો ઝોહરની નમાઝ અદા કરી લઈએ.'

તેઓ બંને બુઝુર્ગવારો ઉભા થઈ ગયા, અને ઈમામ (અ.સ.)એ બાકીના અસ્હાબો અકરબા સાથે નમાઝ અદા કરી. કુફા અને શામના બેદીન લોકોએ તે નાનકડા ટોળાં પર તીરોનો વરસાદ વરસાવવા માંડયો, અને નમાઝ પુરી થતાં થતાંમાં હઝરત સઈદ બીન અબ્દુલ્લાહ કત્લ થઈ ગયા, અને ઝોહેરને પણ થોડાંક તીરો લાગ્યા હતાં.

## ૧૭. સત્તરમા શહીદ : ઝોહૈર બીન કૈન

તે પછી ઝોહૈર બીન કૈન મેદાનમાં ગયા, અને સંભાષણ કરતાં કુફ્ફારો પર તૂટી પડયા. તેમણે એવો તો જોરદાર હુમલો કર્યો કે ઉમરે સઅ્દની ફોજના કદમ એકાએક ઉખડી પડયા, લશ્કરને લલકારનાર આગેવાન ફરી આગળ આવ્યો અને લશ્કરીઓને હાક મારી કહેવા લાગ્યો : 'નમાલાઓ ! આમ ભાગો છો શું ?! તમે આટલા બધા હોવા છતાં હુસૈનના એકેક અન્સારને કતલ કરતાં ડરો છો ? કયાં તમે હજારો લાખો, અને કયાં એકલા ભૂખ્યા તરસ્યા ઝોહૈર બીન કૈન !' પોતાના સરદારનો આ અવાજ સાંભળી વળી કાફરો એકઠા થવા લાગ્યા, અને મોટું જૂથ જમાવી જંગ શરૂ કરી દીધી, અને તે દરમ્યાન વીસ કાફરો કતલ થઈ જવા પામ્યા. છેવટે હુજ્જાજ મલઉન લશ્કરની મોખરે થયો, અને સૌ કોઈને લલકારી જંગ જમાવવા સુચવવા મંડયો. જંગ જોરમાં આવી, અને હઝરત ઝોહૈર બીન કૈનને ઝખ્મો પર ઝખ્મો લાગવા માંડયા, એ રીતે જયારે આપ ઝખ્મોથી ચુરચુર થઈ અશકત બની ગયા, ત્યારે ઘોડા ઉપર ટકી રહેવું પણ આપના માટે મુશ્કેલ થઈ પડયું, અને જંગ કરવા માટે તલવાર ચલાવવાની આપનામાં શકિત ન રહી. છેવટે ચક્કર ખાઈ આપ ઘોડેથી પડી ગયા, અને જામે શહાદત નોશ ફરમાવ્યો. ઈમામે મઝલુમ પોતાના તે વફાદાર જાન નિસારની લાશ પર તશરીફ લઈ આવ્યા અને ફરમાવ્યું : 'ઝોહૈર ! ખુદા તમારા કાતિલોને સુવ્વરના રૂપમાં બદલી દે.'

## ૧૮. અઢારમા શહીદ : અબુ સમામા સૈદાવી

તે પછી અબુ સમામા સૈદાવી મેદાનમાં ગયા. આપ ઈમામ હુસૈન (અ.સ.)ની મહત્વતા લોકોને સમજાવતા જતા હતા, અને રસૂલે પાક (સ.અ.વ.)ની હદીસો બયાન કર્યે જતા હતા. સામે કાફરોનું લશ્કર આવ્યું, અને ઘોમ લડાઈ ચાલુ થઈ ગઈ. ચાલીસ કાફરોને કતલ કર્યા પછી હસન નમીરે આવીને એક એવું ગુર્ઝ આપના ઉપર લગાવ્યું કે જો આપે બખ્તર ન પહેર્યુ હોત, તો એ એક જ ઘાથી આપની શહાદત થવા પામત. પરંતુ બખ્તરે આપનો બચાવ કરી લીધો. પણ તે ગુર્ઝ બખ્તરને કાપતું આપના અંગ સુધી બરાબર પહોંચી ગયું હતું. અબુ સમામા સૈદાવીએ પણ સામો વાર કર્યો અને મલઉન હસીન ત્યાંથી ફરાર થઈ ગયો. તેણે દૂર જઈ પોતાના સાથીદારોને લલકારી કહયું : 'તેને જીવતો જવા દેશો નહિં.' મલઉનો ચોતરફથી આપને ઘેરી વળ્યા અને તલવાર, ભાલા તેમજ તીરોનો વરસાદ આપ પર વરસવા લાગ્યો, તે એટલે સુધી કે હઝરત અબુ સમામા ઝખ્મોથી ચુરચુર બન્યા અને ઘોડેથી પડતા જ આપની રૂહ જન્નત તરફ પરવાઝ કરી ગઈ.

## ૧૯. ઓગણીસમાં શહીદ : હુજ્જાજ બીન મસ્રૂર

હુજ્જાજ બીન મસ્રૂર ઈમામ હુસૈન (અ.સ.)ના અઝાન આપનાર હતા. તેમણે જોયું કે, એક પછી એક અસ્હાબો કતલ થઈ રહ્યા છે, એટલે વિચાર કર્યો કે, છેલ્લી અઝાન મેં આપી દીધી છે હવે બીજી અઝાન આપવાનો સવાબ લેવા કરતા શહાદતનો અઝીમ સવાબ જ મેળવવો રહ્યો. તેઓ ઈમામ હુસૈન (અ.સ.)ની ખિદમતમાં ગયા અને અરજ કરી : 'યા મૌલા ! આપ હઝરત મને પણ જંગની ઈજાઝત આપો, જેથી હું જન્નતમાં જઈ અસરનાં વખતની અઝાન આપું.'

ઈમામે ફરમાવ્યું : 'મરહબા ! અય હુજ્જાજ, તમોએ પણ સાચું કહ્યું, હું બરાબર અસરને વખતે જ આવનારો છું, બિસ્મીલ્લાહ, જાઓ, અને જન્નતમાં અસરના સમય સુધી મારી રાહ જોતા રહેજો.'

હઝરત હુજ્જાજ બીન મસ્રૂર તરત જ મેદાને જંગમાં ગયા, અને પંદર દુશ્મનોને કાપી પોતે પણ શહાદત પામ્યા.

## ૨૦. વીસમાં શહીદ : મુબારક, હુજજાજના ગુલામ

પોતાના આકા હઝરત હુજજાજને મેદાને જતા જોઈ હુજજાજના ગુલામ હઝરત મુબારક પણ ઈમામે હુસૈન (અ.સ.)ની સેવામાં હાજર થયા, અને અરજ કરી : 'મૌલા ! આજે હું આપની સમક્ષ મેદાને જંગમાં જવાની રજા મેળવવા હાજર થયો છું.'

ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું : 'મુબારક ! તમને આ વફાદારી અને મારા પરની જાન નીસારી મુબારક થાય, તમે કયામતના દિવસે રંગ બદલી ઘણાં જ સૌંદર્યવાન રૂપમાં જન્નતુલ અદનમાં મને આવી મળશો, બિસ્મીલ્લાહ!'

આ હુકમ સાંભળતાં જ ખુશી ખુશી મુબારક મેદાનમાં રવાના થયા અને કાફરો ઉપર વાઘની માફક તૂટી પડયા, અને પાંત્રીસ કાફરોને કતલ કરી શહીદ થયા.

## ૨૧. એકવીસમાં શહીદ : યહ્યા બીન કસીર

પછી ઈમામ હુસૈન (અ.સ.)ના અન્સારોમાંથી યહ્યા બીન કસીર મેદાને જંગમાં જવા રવાના થયા. એમનો ઘોડો કુફફારો તરફ જઈ રહયો હતો, પણ તેની ઉપર બેસેલા યહ્યા કંઈક ચકચુર જણાતા હતા, ઘોડો કાફરોના લશ્કર સુધી આવી પહોંચ્યો, પરંતુ યહ્યાને એ ચિંતામાં એટલો ખ્યાલ આવ્યો નહિં કે સામે જરીર લશ્કર છે. મલઉન ખુલીએ આપને પડકાર્યા : 'અય બેહોશ ! આમ તું કયાં સુધી જઈશ ?'

યહ્યા ચમકી ગયા અને જવાબ વાળ્યો : 'પલીદ ખુલી ! હું તારા સુધી જ આવતો હતો.'

ખુલીએ પુછયું : 'પણ આમ બેખબર શા માટે ?'

યહ્યાએ જવાબ આપ્યો : 'મલઉનો ! તમે આકા હુસૈનને મહેમાન બોલાવ્યા અને આજે આ પ્રકારની મહેમાન નવાજી કરી રહયા છો, શું તમને ખુદા તઆલાનો જરાય ખૌફ નથી આવતો ? રસૂલ (સ.અ.વ.) કાલે કયામતના દિવસે તમને પૂછશે કે, તમે મારા પ્યારા હુસૈન (અ.સ.) સાથે આ દગો શા માટે કર્યો ?'

ખુલીએ કહયું : 'તો તારા આકાને જ સમજાવને ! ઝમાનાનો ખલીફા આજે તો યઝીદ જ છે.'

યહ્યાએ જવાબ આપ્યો : 'ખિલાફત કયાંથી આવી ? અને એ યઝીદ જેવો પલીદ માણસ ઈમામ હુસૈન (અ.સ.) જેવા પાક પવિત્ર મઅસૂમને બયઅત કરવા ફરજ પાડે ?! તો એ અસત્યનો સ્વીકાર કરી જીવવા કરતાં તો

એ મઅસુમે પોતાનો પ્રાણ કુરબાન કરવો શું ખોટો ? અત્યાર સુધી મૌલા અલી (અ.સ.) કે ઈમામ હસન (અ.સ.)ને તેવી ફરજ કોઈએ પાડી હતી ખરી ?'

યહ્યા કંઈક હુજ્જત કરવા માંગતા હતા, ત્યાં મલઉન શીમરે આવીને ખુલીને કહ્યું : 'ખુલી ! એ હુજ્જત મુક, લશ્કરને લડવા દે, અને તે હુસૈનના સાથીને પાંચ મીનીટમાં જ કતલ કરી નાખ.'

લડાઈ શરૂ થઈ ગઈ, અને ત્રેપન માણસોને ઠાર કરી યહ્યા પણ કત્લ થઈ ગયા.

## ૨૨. બાવીસમાં શહીદ : યહ્યા બીન સલીમ

રવાના થઈ તરત જ આવી પહોંચ્યા અને મલઉનો હઝરત યહ્યા બીન સલીમ ઉપર તૂટી પડયા. હઝરત યહ્યાએ પહેલા જ વારમાં પચ્ચીસ માણસોને ઠેકાણે પાડયા અને લડાઈ બરાબર જામી પડી, મલઉન નોફીલે પાછળથી આવી આપનાં પડખામાં એવું ભાલું ઘુસાડી દીધું કે જેથી આપનું કલેજું ચીરાઈ ગયું અને તમ્મર ખાઈ જમીન પર પડતાં જ આપની રૂહ કબ્જ થઈ જવા પામી.

## ૨૩. ત્રેવીસમાં શહીદ : હંઝલા બીન સઅદ

દુશ્મનો જયારે ઈમામ હુસૈન (અ.સ.) પર તીર ફેંકતા હતા, ત્યારે હંઝલા બીન સઅદ આપની આડે ઉભા રહી એ તીરોને પોતાની છાતી ઉપર ઝીલતા હતા. હંઝલા હવે મેદાને જવા રવાના થયા, અને જતાં જ કુફફારો ઉપર તૂટી પડયા. એકેક ટુકડી ઉપર વારાફરતી હુમલો કરી આપે લોકોમાં ભંગાણ પાડી નાખ્યું. પરંતુ આખર એકલો નરવીર એ લાખો માણસો સાથે કેટલો લડે ? ઝખ્મોથી ચુર બની ઘોડેથી નીચે પડી ગયા અને સીધા સ્વર્ગે સીધાવી ગયા.

## ૨૪. ચોવીસમાં શહીદ : અબ્દુર્રેહમાન બીન અબ્દુલ્લાહ

એ પછી મેદાનમાં અબ્દુર્રેહમાન બીન અબ્દુલ્લાહ આવ્યા અને એકસો ત્રીસ માણસોને કતલ કરી વચ્ચે જ થંભી રહયા, અને મલઉનો કહેવા લાગ્યા : 'તમે નાહકની ખુંરેજી ચલાવો છો, હજુય એ ઝુલમગારી બંધ કરો તો સારૂં છે.' પણ શીશ બીન રબઈના માણસોએ આવી તેમને નસીહત કરતાં જ કતલ કરી નાખ્યા.

## ૨૫.    પચ્ચીસમાં શહીદ : ઉમરૂ બીન નરતાર અન્સારી

ઉમરૂ ઈમામ હુસૈન (અ.સ.)ની સેવામાં હાજર રહી આપના શરીર પર આવતા હથિયારોના ઘાવને પોતાના અંગ પર ઝીલી લેતા હતા, અને હંઝલાની શહાદત પછી તે કામ પુરેપુરી રીતે સંભાળી લીધું હતું. તેમણે જંગમાં જઈ દુશ્મનો પર વાર કરવા શરૂ કર્યા, માણસોના મડદાઓના ઢગના ઢગ ખડકી દીધા હતા, અને એવા તો શુરવીરતાપૂર્વક લડયે જતા હતા કે કુફફારોને ઘડીભર ત્યાં ઉભા રહેવું મુશ્કેલ થઈ પડયું હતું. સૌ ભાગી નીકળવાની તૈયારીમાં જ હતા કે ઉમરે સઅદે મોટા અવાજે તેમને લલકાર્યા, અને એ લાખો માણસોએ મળી તેમને કતલ કરી નાખ્યા, મરતા મરતા તેમણે કહયું : 'આકા હુસૈન ! મેં મારો પ્રાણ કુરબાન કરી આપ્યો.'

ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું : 'બેશક, તમે જન્નતમાં મારી પહેલા પહોંચવાના છો. ઉમરૂ ! મારા નાનાજાનને ખબર આપજો. હું પણ હમણાં જ આવી રહયો છું.' એ કહેતાં કહેતાં મૌલા તેમની લાશ ઉપર પહોંચી ગયા. અને એ રફીકની લાશ ઉઠાવી એક તરફ રાખી દીધી.

## ૨૬.    છવ્વીસમાં શહીદ : જોન (અબુઝરના ગુલામ)

જોન ઈમામ હુસૈન (અ.સ.)ની સેવામાં આવ્યા અને પોતાને શહીદ થવા જવા દેવાની રજા માંગવા લાગ્યા. ઈમામે ફરમાવ્યું : 'અય જોન ! તમારી વય ઘણી નાનકડી ગણાય. હું તમોને રજા દઉ છું કે અહીંથી ગમે તે તરફ નીકળી જાઓ, અને પોતાનો પ્રાણ બચાવી લ્યો.'

જોને વિનંતી કરી : 'યા હઝરત ! હું રાહતની વખતે તો આપની સાથે રહ્યો અને આજની સખ્તીને વખતે આપનો સાથ છોડી દઉ, તો જગતમાં શું મોઢું લઈ જીવતો રહું ? પણ હા, કદાચ મારા હબશીપણાને લીધે શરીરમાંથી બદબુ આવતી હશે અને મારો રંગ કાળો છે તેથી હુઝુરની ઈચ્છા જો ન હોય કે હું જન્નતમાં જાઉ, તો અલગ વાત છે, નહિં તો હું જયાં સુધી મારૂં કાળું લોહી આપના પવિત્ર લોહી પહેલા ન રેડું ત્યાં સુધી મને તો કોઈ રીતે જંપ વળે તેમ નથી.'

આ વફાદારીભર્યા શબ્દો સાંભળી ઈમામે મઝલુમની આંખોમાં આંસુ આવી ગયા, અને આપે જોનને ફરમાવ્યું : 'બિસ્મીલ્લાહ, જાઓ.'

જોન મેદાનમાં આવી સંપૂર્ણ બહાદુરીપૂર્વક રજઝ પઢતા હતા, અને દુશ્મનો પર હુમલાઓ કર્યે જતા હતા. ઘણી શુરવીરતા સાથે કેટલાયે કાફરોને ઠેકાણે પાડયા. પરંતુ આખર એક માણસ એ લાખો દુશ્મનોને કેમ પહોંચી

શકે? મલઉનોએ એમને ઘેરી લઈ કતલ કરી નાખ્યા. ઈમામ હુસૈન (અ.સ.)એ તેમની પાસે આવી તેમને વધાઈ આપી કે, 'જોન ! તમે જન્નતી છો.'

ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) પોતાના પિતાજીથી રીવાયત કરે છે : 'તરત જ તેમનું કાળું શરીર સંપૂર્ણ સફેદ બની ગયું, અને જોનનાં શરીરમાંથી કસ્તુરીની ખુશ્બુ આવતી હતી.'

## ૨૭. સત્યાવીસમાં શહીદ : ઉમર બીન ખાલીદ સૈદાવી

પછી ઉમર બીન ખાલીદ સૈદાવી લડવા મંડયા, અને એવી તલવાર ચલાવી કે એ ભાલા અને તલવારની લડાઈથી કાફરો હતાશ થઈ ગયા, અને દૂર જઈ તીરોનો વરસાદ વરસાવવા લાગ્યા. આપે લડાઈ લડવા માંડી, દુશ્મનો ફરી નજીક આવ્યા અને તરત જ એક ગુર્ઝ આપને એવો લાગ્યો કે, ધડ સુધી માથું ચીરાઈ જતાં આપ ચક્કર ખાઈ જમીન ઉપર પડી ગયા, અને તરત જ તેમની રૂહ પરવાઝ કરી ગઈ.

## ૨૮. અઠ્ઠયાવીસમાં શહીદ : સુવેદ બીન ઉમર

આપ ખૂબ જ આબિદ, કામીલ અને ઉંચા ખાનદાનના હતાં. અરબમાં સૌ કોઈ એમને ઓળખતું હતું. એમણે મેદાનમાં આવી એવી પુરજોર જંગ જમાવી કે દુશ્મનોના હોશ ઉડી ગયા, અને જેને જેમ ફાવે તેમ ભાગવા માંડયા. પણ પછી કુફી અને શામી સૌ કોઈ ભેગા મળ્યા, અને તલવારના વાર ચલાવવા શરૂ કરી દીધા. એ કાફરોએ ચોતરફથી વાર કરી હઝરત સુવેદને એટલા જખ્મી કરી નાખ્યા કે એ ઘામાંથી નીકળેલા લોહીથી એ શહીદનું બદન ઢંકાઈ ગયું હતું, અને બે ડચકાં ખાઈ જમીન પર આપ પડી ગયા ત્યારે ત્રીજુ ડચકું લેવા પામ્યા હતા.

## ૨૯. ઓગણત્રીસમાં શહીદ : કરરહ બીન કરરએ અન્સારી

હઝરત સુવેદના જવા પછી આપ તરત જ મેદાને જંગમાં રવાના થયા હતા. સુવેદની શહાદત થતા જ આપ કાફરો ઉપર તૂટી પડયા. એમણે એટલી બહાદુરીપૂર્વક લડત આપી કે, કાફરોના હોશ ખાટા બની ગયા હતા. છેવટે એકસો ચઉદ માણસોને મારી આપ શહાદતથી મુશર્રફ થયા.

## ૩૦. ત્રીસમાં શહીદ : માલીક બીન અનસ માલેકી

ત્યાર પછી માલીક બીન અનસ તરત જ મેદાનમાં પહોંચ્યા. આપને કાફરોએ ત્રણ તરફથી ઘેરી લીધા, પણ એમણે એવી તો તલવાર ચલાવવી શરૂ કરી કે જમણી લાઈનના માણસો ડાબી બાજુએ થઈ ગયા, અને એ ડબલ લશ્કર પણ આપના હુમલા સામે ટકી શકયું નહિં. આખરે ઉમરે સઅ્દના હુકમથી આખું લશ્કર આપની ઉપર તીરો ચલાવવા માંડયું. આપને સેંકડો હજારો તીર લાગવા પામ્યા, અને એક તીર સામેથી એવું આવ્યું કે આપના કપાળમાં બન્ને નેણ વચ્ચે બરાબર લાગ્યું, અને તેથી આપની બંને આંખો લોહીથી તરબતર બની ગઈ, અને આપ લડવાને કાબીલ ન રહયા. તીરોએ આપનું કામ ખલાસ કર્યુ અને આપ તરત જ ઘોડેથી પડી ગયા, નીચે પડતા જ આપની રૂહ કબજ થઈ અને જન્નત તરફ પરવાઝ કરી ગઈ.

## ૩૧. એકત્રીસમાં શહીદ : ઉમરૂ બીન મતાઅ

તરત જ ઉમરૂ બીન મતાઅ મેદાને પડયા અને તલવાર ચલાવી કાફરોને હંફાવવા લાગ્યા. આપના મુકાબલામાં કોઈ કાફર ટકી શકતું ન હતું, અને આખું લશ્કર ફરતું દૂર નાસતું હતું. આપે એકસો દસ કાફરોને કતલ કર્યા, પરંતુ એક મલઉને આપને એવું તીર માર્યુ કે જે આપના કલેજામાં લાગી ગયું, આપ તમ્મર ખાઈ ઘોડેથી પડી ગયા. મૌલાને છેલ્લા સલામ કર્યા અને આપની રૂહ જન્નત તરફ પરવાઝ કરી ગઈ.

## ૩૨. બત્રીસમાં શહીદ : જનાદહ બીન હારીસ

તે પછી જનાદહ બીન હારીસ લડાઈના મેદાનમાં ગયા. આપ શામ અને ઈરાકમાં એવા શૂરવીર મનાતા હતા કે સેંકડોનો મુકાબલો એકલા જ કરી શકતા હતા. તેથી શીમર મલઉને પોતાની બાર હજારની ફોજને હુકમ આપ્યો કે : ‘તમે બધાય સાથે મળી તેમનો મુકાબલો કરો.’ મલઉનો તૂટી પડયા, અને એ બહાદુરને ઘેરામાં લઈ ચોતરફથી વાર કરવા લાગ્યા. જોકે આપે બસો સોળ માણસોને કતલ કર્યા પરંતુ એ ઘેરામાં આપ એવા ઘેરાઈ ગયા હતા કે, છેવટે આપને શહાદત નસીબ થઈ.

## ૩૩. તેત્રીસમાં શહીદ : ઉમરૂ બીન જનાદહ

ત્યાર બાદ એ શહીદના ફરઝંદ ઉમરૂ પુરા જલાલની સાથે લડવા લાગ્યા અને બસો વીસ દુશ્મનોને ખલાસ કરી નાખ્યા. લડાઈ ઘુમપૂર્વક ઘખી રહી હતી, એવામાં મલઉન ઉમરે સઅ્દે હાંક મારી : 'અય લશ્કરીઓ ! પાછા હટતા ન જાઓ, આમ બાયલા શું બનો છો ? એક ભૂખ્યો પ્યાસો છોકરો આમ સેંકડોને કાપી નાખે અને તમારી લાખોની ફોજ જોયા કરે ! એ શરમ જેવું ગણાય, એને ઘેરી લ્યો અને કતલ કરી નાખો.' એ અવાજ સાંભળી પાછળની હરોળ એકાએક તૂટી પડી અને એ નવજવાનને ઘેરી લઈ એટલા ઝખ્મો માર્યા કે જેથી આપનો જીવ જવાની અણી પર જ હતો એવામાં એક ભાલું આપને એવું લાગ્યું કે વાગતાં જ આપની રૂહ પરવાઝ કરી ગઈ.

## ૩૪. ચોત્રીસમાં શહીદ : અબ્દુલ્લાહ બીન ઉરવહ

હઝરત ઉરવહ બીન હુર્રાક અનસારીના બે પુત્રોએ આકા હુસૈન (અ.સ.)ની ખિદમતમાં આવી અરજ કરી : 'મૌલા ! આપ ઉપર કુરબાન થઈએ, અમો આપને આ મુસીબતમાં જોઈ શકતા નથી અને જીવન કડવું ઝેર થઈ પડયું છે.'

ઈમામે જવાબ આપ્યો : 'સબર કરો, ખુદા સબર કરનારાને ચાહે છે.'

તેમણે અરજ કરી : 'પણ યા મૌલા ! સબરનીયે હવે તો હદ થવા આવી છે, અમને જો મરવા જવાની રજા આપો તો આ દુઃખમાંથી છુટા થઈએ.'

ઈમામે ફરમાવ્યું : 'હા ભાઈઓ ! મારા નાના રસૂલુલ્લાહ (સ.અ.વ.) જન્નતમાં તમારો ઈસ્તીકબાલ કરવા તૈયાર છે, જાઓ બિસ્મીલ્લાહ.'

તેઓ બન્ને ભાઈઓ મૌલાની આ રજા સાંભળી પુર જોશમાં મેદાન તરફ રવાના થયા અને પ્રથમ મોટા ભાઈ અબ્દુલ્લાહે લડત આપવી શરૂ કરી. આપે ત્રેસઠ માણસોને કતલ કર્યા, એવામાં આપને એક તલવાર એવી લાગી કે આપ ચીરાઈને બે ફાડીયા બની ગયા. આપે છેલ્લા શબ્દો કહ્યા : 'અસ્સલામો અલય્ક યબ્ન રસૂલુલ્લાહ', અને આપની રૂહ નીકળી ગઈ.

## ૩૫. પાત્રીસમાં શહીદ : અબ્દુર્રેહમાન બીન ઉરવહ

એ પછી અબ્દુર્રેહમાન બીન ઉરવહ લડાઈ કરવા લાગ્યા. એક ઝાલિમે સામે આવીને પડકાર કર્યો : 'જેમ તમારા મોટા ભાઈ કત્લ થઈ ગયા, તેમ તમો પણ નાહક કત્લ થવા આવ્યા છો.'

આપે જવાબ આપ્યો : 'અય મલઉન ! નાહક ઉપર તો તમે છો, કે જે લાખો માણસ મળી નબીના નવાસાને કત્લ કરવા તૈયાર બન્યા છો, શું નબી સાહબે તમોને આજ શિક્ષણ આપ્યું હતું ? શું રસુલુલ્લાહ (સ.અ.વ.)એ 'એહલેબૈતી કમીસ્લે સફીનતુન નુહ' (મારા એહલેબૈતની મિસાલ નુહની કશ્તી સમાન છે) એમ નથી કહયું ? પલીદ ! યઝીદના એક હુકમ ખાતર શું તમો નબી સાહેબના ખાનદાનને ઉજાડવા તૈયાર નથી બન્યા ?'

તે મલઉને તેમના જવાબમાં પોતાના સાથીઓને ઉશ્કેર્યા કે, આ જવાનને જલ્દી કત્લ કરો. મલઉનો તૂટી પડયા, અને તે જવાન બુઝુર્ગને શહીદ કરી નાખ્યા.

## ૩૬. છત્રીસમાં શહીદ : કારીબ

ત્યાર પછી ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ના ગુલામ હઝરત કારીબ ઈમામ હુસૈન (અ.સ.) પાસે આવી અરજ કરવા લાગ્યા : 'યા મૌલા ! હવે અમે ગુલામોથી આપની આફત જોઈ શકાતી નથી. મને રજા આપો કે હું શહાદતનો જામ નોશ કરૂં.'

ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું : 'તમે તમારા આકા અલી ઝયનુલ આબેદીન પાસે જઈ રજા લ્યો.'

ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) બિમારીનાં બિસ્તર પર પડયા હતા, ત્યાં આવી કારીબ અરજ કરવા લાગ્યા : 'મારા બિમાર આકા ! મારા મૌલા ! મારા સરતાજ ! આપને આ બિમાર સ્થિતિમાં જોવા છતાં હવે મારાથી આકા હુસૈન (અ.સ.)ની આજની મુસીબતો જોઈ શકાતી નથી, મને આપ મહેરબાની કરીને રજા આપો, તો હું મેદાને જઈ જામે શહાદત નોશ કરૂં.'

ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)એ ફરમાવ્યું : 'બિસ્મીલ્લાહ.'

જનાબે કારીબ ફરી પાછા ઈમામ હુસૈન (અ.સ.)ની સેવામાં આવ્યા અને ઉપરોક્ત અહેવાલ બયાન કર્યો. ઈમામ હુસૈન (અ.સ.)એ રજા આપી. અને કારીબ તરત જ મેદાને ગયા. જંગ કરતા કરતા સીત્તેર મલઉનોને ઠાર કરી પોતે ઝખ્મોથી ચુર બની ઘોડેથી નીચે પડી ગયા, અને મૌલાને છેલ્લા સલામ કર્યા. મૌલા ઈમામ હુસૈન (અ.સ.) તેમની લાશ પર પહોંચી ગયા, અને તેમનું માથું પોતાના ખોળામાં લઈ તેમના ચહેરા ઉપરનું લોહી

પોતાના રૂમાલ વડે લુંછવા લાગ્યા. એ વફાદારે આંખ ઉંચી કરી જોયું તો મૌલા ખોળામાં માથું લઈ બેઠેલા હતા, તેથી આનંદમાં આવી જઈ મોં મલકાવા લાગ્યા, અને મૌલાના ચહેરા મુબારકના છેલ્લા છેલ્લા દીદાર કરી જન્નત તરફ સીધાવી ગયા.

## ૩૭. સાડત્રીસમાં શહીદ : સુલયમાન

ત્યાર બાદ ઈમામ હુસૈન (અ.સ.)ના ગુલામ સુલયમાન ઈમામની રજા લઈ મેદાને ગયા, અને જતાં જ એવી તલવાર ચલાવી કે સીત્તેર કાફરોને ઢાળી દીધાં. એ જોઈ કાફરોના લશ્કરમાં બળતરા થવા લાગી કે, એક ગુલામ આ રીતે અનેકને કતલ કરી નાખે ?! છેવટે ચારે દિશાએથી તેમના ઉપર વાર થવા લાગ્યા અને સુલયમાન કત્લ થઈ જમીન ઉપર પડી ગયા અને જન્નત તરફ સીધાવી ગયા.

## ૩૮. આડત્રીસમાં શહીદ : મન્જઝ

ત્યાર પછી મૌલાના બીજા ગુલામ હઝરત મન્જઝ મૌલાની રજા લઈ મેદાને પડયા અને એવી જોરદાર લડાઈ ચલાવી કે, કાફરોના હોશ ખાંટા થઈ ગયા. છેવટે છયાંસી મલઉનોને કતલ કર્યા પછી એક કાફરે આપને એવું ભાલું માર્યું કે તેથી આપનું જીગર ચીરાઈ ગયું. જમીન પર ઢળતાં તેમણે મૌલાને છેલ્લા સલામ કર્યા અને આપની રૂહ જન્નતમાં પરવાઝ કરી ગઈ.

## ૩૯. ઓગણચાલીસમાં શહીદ : યઝીદ બીન ઝીયાદ શઅશા

તે પછી યઝીદ બીન ઝીયાદ મૌલાની રજા લઈ મેદાને ગયા. તેઓ તીર ચલાવવામાં એટલા પ્રવિણ હતા કે એકેક તીર વડે ત્રણ ત્રણ, ચાર ચાર કાફરોને ઉડાવતા હતા. એમની એ તીરંદાજી જોઈ શીમરે પોતાના તીરંદાજોને હુકમ કર્યો : ‘એમના તીરનો પ્રતિઉત્તર તીરથી જ આપો.’ એ લશ્કરના એક સાથે થોકબંધ તીરો છુટવા લાગ્યાં, અને હઝરત યઝીદનું શરીર ચાળણી જેવું બની ગયું. આપે પુર હિમ્મતથી લડત આપી, પરંતુ આખરે એક તીર આપના કપાળમાં એવું તો વાગ્યું કે તેમની રૂહ જન્નતમાં પરવાઝ કરી ગઈ.

## ૪૦. ચાલીસમાં શહીદ : જાબીર બીન ઉરવહ અન્સારી

એ પછી જાબીર બીન ઉરવહ મેદાને જંગમાં આવ્યા, અને કાફરોને કહયું : 'અય મરદુદો ! દીન અને દુનિયામાં કયાંય તમારો આરો નથી.' કાફરોએ તરત જ તેમના પર વાર કરવા માંડયા, એમણે સામે મજબુત લડત આપવા માંડી. આખર એકસો બ્યાંસી કાફરોને કતલ કરી આપ શહીદ થઈ ગયા.

## ૪૧. એકતાલીસમાં શહીદ : અબુ ઉમરૂ નેહસલી

અણનમ મુજાહીદ અબુ ઉમરૂ વાઘની માફક કાફરોના લશ્કર ઉપર તૂટી પડયા અને અગણિત માણસોને ઠાર કરી મેદાન ચોતરફ ખાલી કરી નાખ્યું. જે તરફ તેમની તલવાર ચાલતી હતી તે તરફ મડદાઓનો થોક નજરે પડતો હતો. આખર કાફરોનું લશ્કર એક સામટું ભેગું મળ્યું અને ઘા ઉપર ઘા કરવા લાગ્યું. તેથી ઝખ્મી થઈ તેઓ પડી ગયા, અને જન્નત તરફ સીધાવી ગયા.

## ૪૨. બેતાલીસમાં શહીદ : યઝીદ બીન મોહાજીર

એ પછી યઝીદ બીન મોહાજીર મેદાને જંગમાં ઉતરી પડયા, અને કાફરોને ખૂબ કતલ કરવા લાગ્યા. લડાઈ બરાબર ઘોમ મચી હતી, તેવામાં આપની તરસ ખૂબ જ વધી ગઈ, અને મુખ સુકાતાં કારમા ચક્કર આવવા મંડયા જેના કારણે આપની તલવાર ઢીલી બની જવા પામી. મલઉન કુથશામે આવી આપને એક ગુર્ઝ એવો જોરનો માર્યો કે આપનું માથું ચીરાઈ પડયું અને તમ્મર ખાઈ જમીન ઉપર પડી ગયા, એ પડેલ સહાબી પર સીત્તેર કાફરો તૂટી પડયા અને આપને તલવારોના ઘાવ મારવા લાગ્યા. પરિણામે આપની રૂહ પરવાઝ કરી ગઈ.

## ૪૩. ત્રેતાલીસમાં શહીદ : શોઝબ, આબીસના ગુલામ

આબીસ સંપૂર્ણ બહાદુર હતા અને ઈમામ હુસૈન (અ.સ.)ની મદદ માટે પોતાના ગુલામ સહીત આવેલ હતા. તેમણે તમામ અસ્હાબોને કતલ થતા જોઈ પોતાના ગુલામ શોઝબને કહયું : 'હવે શું વિચાર છે ?'

તેણે કહયું : 'હવે તો આકાના નામ પર નિસાર થઈ જવાનો જ ઈરાદો છે.'

આબીસે કહયું : 'ખુદા તને નેક જઝા ઈનાયત કરે'

પછી બંને જણ ઈમામ હુસૈન (અ.સ.)ની ખિદમતમાં આવી રજા માંગવા લાગ્યા. મૌલાએ તેમને રજા આપી. તેઓ બન્ને એક સાથે મેદાનમાં આવ્યા અને આબીસે કહયું : 'પહેલું કોણ જાય છે ?'

ગુલામ શોઝબે કહયું : 'પહેલા મારો વારો'

આબીસ કહેવા લાગ્યા : 'ભલે, બિસ્મીલ્લાહ'

અને શોઝેબ કાફરો ઉપર હુમલો કરવા લાગ્યા. એકસો તેર કાફરોને કતલ કરી આપ શહીદ થઈ ગયા.

## ૪૪. ચુમ્માલીસમાં શહીદ : આબીસ બીન શબીઅ શાકેરી

એ પછી તરત જ આબીસે તલવાર ચલાવવી શરૂ કરી. આબીસને એ વખતે એવો જોશ ચડી ગયો હતો કે, આપે પોતાના સર પરથી ખોદને ઉતારી ફેંકી દીધો. લડાઈ કરવા માંડી અને કેટલાય કાફરોને કતલ કરી પછી શરીર ઉપરથી ઝીરા પણ અલગ કરી નાખી. વીફરેલ વાઘની માફક કાફરો ઉપર તુટી પડયા અને ચોતરફથી દુશ્મનોને સાફ કર્યે જતા હતા. મલઉનો જયારે તેમની સામે ટકવા સમર્થ નિવડયા નહિં, ત્યારે ફરીથી તીર વરસાવવા શરૂ કર્યા. એક તીર આપના પેટમાં એવું લાગ્યું કે આંતરડાં બહાર નીકળી પડયા અને આપ જન્નત તરફ સીધાવી ગયા.

## ૪૫. પીસ્તાલીસમાં શહીદ : ઔફ બીન અબીલ હારીસ

તે પછી ઔફ બીન અબીલ હારીસ લડાઈના મેદાનમાં આવ્યા અને કંઈક કુફફારોને કતલ કરી ઝખ્મોથી ચુર બની શહીદ થયા.

## ૪૬. છેતાલીસમાં શહીદ : માલીક બીન અબ્દુલ્લાહ

એ પછી અન્સારોમાં છેલ્લા શહીદ માલીકે લડાઈ આપવી શરૂ કરી અને ખુબ તલવારોની આપ લે કરી આપ પણ શહીદ થઈ ગયા.

આમ, ઈમામ હુસૈન (અ.સ.)ના બધાય અન્સારો શહીદ થઈ ગયા. હવે માત્ર ઈમામ હુસૈન (અ.સ.)ના છવ્વીસ કુટુંબીઓ જ બાકી રહયા હતા. એ હીસાબે કરબલામાં બોંતેર શહીદોની કતલ થઈ છે. પરંતુ બારમાં ઈમામ (અ.સ.)ની ઝિયારતમાં શહીદોની વધુ સંખ્યા બતાવી છે, પણ એટલું તો નક્કી છે કે, કરબલાના શહીદો ૭૨ થી ઓછા નથી, તેમ વધુમાં વધુ એકસો વીસ હતા. આશુરાના દિવસે જે કતલ થયા તે બોંતેર જ શહીદો હતા, અને આઠમી તથા નવમી તારીખે પાણી લાવવા જતાં જેઓ કતલ થયેલ તે બાકીના બુઝુર્ગો ગણાયા હશે, અથવા ઉમરે સઅ્દ મલઉને જે તીરોનો વરસાદ વરસાવી લડાઈ ચાલુ કરી હતી તેમાં બાકીના શહીદો શહીદ થયા હશે. તેમના નામો કિતાબોમાં આ મુજબ લખાયેલા છે :

૧. નઈમ બીન ઉજલાન અનસારી
૨. હંઝલા બીન ઉમરૂ શેબાઈ
૩. કાસીમ બીન ઝહીર
૪. ઉમ્ર બીન કઅબ બીન હારીસ અશજઈ
૫. ગુર્શ ઈબ્ને ઝહીર
૬. કનાના બીન અતીક
૭. ઉમર બીન ઝબીઆ
૮. ઝરગામા બીન માલીક
૯. આમીર બીન મુસ્લિમ
૧૦. સૈફ બીન માલીક
૧૧. અબ્દુર્રેહમાન બીન અબ્દુલ્લાહ
૧૨. મજમઅ બીન અબ્દુલ્લાહ આએઝી
૧૩. હય્યાન બીન હારીસ
૧૪. ઉમરૂ બીન ખુન્દી
૧૫. અલાસી બીન ઉંમરૂર રાસી
૧૬. સવાર બીન ઉમેર ફહેમી

૧૭. જબલા બીન અલી શેબાઈ

૧૮. અબી અમ્મારા બીન અબી સલામ

૧૯. ઝાહીર બીન ઉમરૂ

૨૦. મસ્ઉદ બીન હુજ્જાજ

૨૧. નોઅમાન બીન ઉમર

૨૨. ઝોહેર બીન બસીર

૨૩. ઉમરૂ બીન હમક ખેજાઈ

૨૪. અનસ બીન માલિક

૨૫. અમ્મા૨ બીન હસ્સાન

૨૬. અબ્દુલ્લાહ બીન ઉમર

૨૭. અસ્લમ બીન કસીર અઝદી

૨૮. અબ્દુલ્લાહ બીન ઉમરા ગફ્ફારી

૨૯. ઝોહેર બીન અસ્લમ અઝદી

૩૦. અબ્દુલ્લાહ બીન યઝીદ

૩૧. અલી બીન હુર રીયાહી

૩૨. અબ્દુર્રેહમાન બીન ઉરવા

૩૩. મોઅલ્લા બીન મોઅલ્લા

૩૪. જાબીર બીન ઉરવા અનસારી

૩૫. મોહમ્મદ બીન મતાઅ

૩૬. તરમાહ બીન અદી

૩૭. માલીક બીન દાઉદ

૩૮. અબ્દુર્રેહમાન બીન કુન્દી

૩૯. માલીક બીન ઓસ

૪૦. અનીસ બીન મલીક

૪૧. યઝીદ બીન હસીન

૪૨. હુજ્જાજ

૪૩. શબીબ બીન અબ્દુલ્લાહ

૪૪. જુનદબ બીન હજરદ

૪૫. કાસીમ બીન હબીબ અઝદી

૪૬. કનઅબ બીન ઉમર

૪૭. ઉમર બીન ઝુંદબ ખજરમી

૪૮. શબીબ બીન હારીસ અજદી

## ભાગ : ૨

## મૌલાના સગા કુટુંબીઓની શહાદતો

બની હાશીમના શહીદોની સંખ્યામાં મતભેદ છે, પરંતુ છવ્વીસથી વધુ નામો મળતા નથી. તેજ રીતે બની હાશીમમાં સૌથી પહેલા હઝરત અબ્દુલ્લાહ બીન મુસ્લિમ શહીદ થયા હોય તેમ પ્રખ્યાત છે, પરંતુ કિતાબ 'બેહારૂલ અનવાર'માં અલ્લામા મજલીસી લખે છે કે, 'ઈમામ હુસૈન (અ.સ.)એ પોતાના તમામ અસ્હાબો શહીદ થવા પછી બની હાશીમમાંથી સૌથી પહેલાં પોતાના નવજવાન ફરઝંદ અલીઅકબરને શહીદ થવા મોકલ્યા હતા.', ' ઝીયારતે નાહીયા મુકદ્દસા'માંથી પણ એજ સાબિત છે. અને અલ્લામા અબુલ ફરઝ કે જેઓ એહલે સુન્નત વલ જમાઅતના મોટા માનવંતા આલિમ છે, એમણે પણ એજ હકીકત જણાવી છે. પરંતુ અહીં અમો ઈતિહાસની ચાલુ કિતાબો પ્રમાણે લખીએ છીએ.

### ૪૭. સુડતાલીસમાં શહીદ : અબ્દુલ્લાહ બીન મુસ્લિમ

હઝરત મુસ્લિમના નાના બે ફરઝંદો તો કુફામાં જ શહીદ થઈ ગયા હતા, અને હવે આ મોટા ફરઝંદ મરવા જાય છે. એમની માતાનું નામ રૂકૈયા બીન્તે અમીરૂલ મોઅમેનીન હતું, કે જેઓ જનાબે ઉમ્મુલ બનીનનાં પેટે જન્મ પામ્યા હતા. અને હઝરત અબ્બાસ (અ.સ.)ના તેઓ સગા બહેન થાય.

હઝરત મુસ્લિમ બીન અકીલના મોટા ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ જયારે ઈમામ હુસૈન (અ.સ.) પાસે આવી અરજ કરવા લાગ્યા : 'મૌલા ! બધાય અનસારો તો કતલ થઈ ગયા, હવે મને રજા છે કે હું મેદાનમાં જાઉં?'

ઈમામે ફરમાવ્યું : 'અય ફરઝંદ ! એક તો તમારા પિતાની શહાદતનો સદમો મારૂં હદય બાળી રહયો છે, તેમાં તમે પણ આમ રજા શા માટે માંગો છો ? બેહતર છે કે તમે તમારી માતા પાસે જઈ તેને તમારી સાથે લઈને કોઈ દિશાએ નીકળી જાઓ, અને તમારી માતાની સેવા કરતા રહો.'

હઝરત અબ્દુલ્લાહે જવાબ આપ્યો : ‘અમારા પ્રાણ આપનાં ઉપર કુરબાન થાય, અમારામાં હાશમી લોહી ચાલુ છે, અમો એવા નબળા થઈ શકતા નથી કે, આ ફાની જીંદગીને કાયમના જીવન પર અગત્ય આપીએ. અમને સંપૂર્ણ આશા છે કે, આપ અમારી નાચીઝ જાનનો હદીયો કબુલ ફરમાવશો, અને હવે મને મેદાનમાં જવાની રજા આપશો.’

ઈમામ હુસૈન (અ.સ.)એ આંસુ ભરેલી આંખો વડે નીચું જોઈ લીધું અને હઝરત અબ્દુલ્લાહને રજા આપી.

તે બની શાહીમના શેર ત્રાડુકતા મેદાને ગયા અને રજઝ પઢતા કાફરોના લશ્કર પર તૂટી પડયા. એવી જબ્બર લડાઈ ચાલી કે એ છ લાખનાં લશ્કરમાંથી કોઈના હોંશ ઠેકાણે ન રહયા. છેવટે ઉમરૂ બીન સબીહ અને અસદ બીન માલિકે એ મઝલુમ પર દૂરથી તાકીને એવા તીર ફેંકયા કે તે બંને તીરો ઉપરા સાપરી હઝરત અબ્દુલ્લાહના કપાળમાં વાગ્યા, અને આપનું માથું ફાટી ગયું, આપ ‘અસ્સલામો અલય્ક યા અબા અબ્દીલ્લાહ’ કહી જન્નત તરફ સીધાવી ગયા.

## ૪૮. અડતાલીસમાં શહીદ : મોહમ્મદ બીન મુસ્લિમ

હઝરત અબ્દુલ્લાહની શહાદત પછી હઝરત મુસ્લીમ બીન અકીલના બીજા સાહેબઝાદા હઝરત મોહમ્મદ જંગના મેદાનમાં આવ્યા અને ત્રણસો તેર કાફરોને કતલ કરી આપ શહાદત પામ્યા.

## ૪૯. ઓગણ પચાસસમાં શહીદ : જઅફર બીન અકીલ

તે પછી હઝરત મુસ્લીમના ભાઈ હઝરત જઅફર બીન અકીલ મેદાને આવ્યા. તેમણે એવી તો બહાદુરીપૂર્વક લડત આપી કે કાફરોના હાજાં ગગડી ગયા. કોઈપણ સામે લડવા આવતું નહોતું. એ હજારો લાખો કાફરોની ફોજો મળીને પણ હુમલો કરવા કે ટક્કર ઝીલવા સમર્થ ન હતું. જેને જેમ ફાવે તેમ દૂર દૂર ભાગતા જતા હતા, અને દૂરથી તીરોના વરસાદ વરસાવતા જતા હતા. હઝરતના બદન પર એટલા તીરો લાગ્યા હતા કે શરીરમાં તીર આડે હાથ મૂકવાની કયાંય જગ્યા ન હતી. આખર એક તીર આપના દિલમાં ઘુસી ગયું, અને હઝરત જઅફરની શહાદત થઈ.

## ૫૦. પચાસમાં શહીદ : અબ્દુર્રેહમાન બીન અકીલ

તે પછી મુસ્લીમના બીજા ભાઈનો વારો આવ્યો અને હઝરત અબ્દુર્રેહમાન મેદાને ગયા. આપે બની હાશીમને શોભે તેવી ખંત, હિંમત અને બહાદુરીપૂર્વક ઉમંગભેર લડાઈ કરી અને બસો સત્તર કાફરોને જહન્નમ વાસીલ કર્યા. છેવટે આપ ઝખ્મોથી ચુરચુર બની ઘોડેથી પડી ગયા, અને એક કાફરે એ બુઝુર્ગવાર પર એવી તલવાર ચલાવી કે જેના ઘાવ સાથે જ આપની રૂહ જન્નતમાં પરવાઝ કરી ગઈ.

## ૫૧. એકાવનમાં શહીદ : અબ્દુલ્લાહ બીન અકીલ

તેઓ મોટા ભાઈની શહાદત વખતે મેદાને જંગમાં પહોંચી ગયા હતા. તેમણે મલઉનોને હાંક મારી તલવાર ચલાવવી શરૂ કરી. એક, બે, પાંચ, પચ્ચીસ કરતાં કેટલાય કાફરોના માથાઓ ઉડાવી દીધા, અને વાઘની માફક લશ્કર ભરમાં જતા આવતા હતા. પરંતુ કોઈપણ કાફરની એ હિમ્મત થતી ન હતી કે સીધો સામે આવી તેમના ઉપર વાર કરે, કોઈ દૂરથી તીર ચલાવતું હતું અને બીજાઓ પત્થરો વરસાવતા હતા. આખર એકલો વીર નર કેટલું લડે ?! છેવટે ઝખ્મોથી ચુર થઈ સુલયમાન બીન રશીદના હાથે જન્નતનો માર્ગ સ્વીકારી ચૂકયા.

## ૫૨. બાવનમાં શહીદ : મુસા બીન અકીલ

એમણે સીત્તેર કાફરોને કતલ કરી ખીદરી મલઉનને હાથે શહાદતનો જામ નોશ ફરમાવી જન્નત તરફ સીધાવી ગયા.

## ૫૩. ત્રેપનમાં શહીદ : ઔન બીન અકીલ

એમણે પુરા સો માણસોને કતલ કરી મલઉન નોફીલને હાથે પેટમાં ગુર્ઝ ખાઈ જન્નતનો માર્ગ સ્વીકારી લીધો.

## ૫૪. ચોપનમાં શહીદ : અલી બીન અકીલ

એમણે મેદાનમાં જઈ એવી તો જોરદાર તલવાર ચલાવી કે, મલઉનોના પુરા લશ્કરમાં ભંગાણ પડી ગયું, આમથી તેમ કાફરોને સટોસટ કાપતા ઘુમતા હતા, અને મલઉનો માત્ર નાસવામાં જ સમજતા હતા, એટલે સુધી કે ઉમર સઅ્દને પણ પોતાનું મોત નજીક દેખાવા લાગ્યું, અને ચોતરફ તપાસ કરવા છતાં કયાંય પણ શીમર મલઉન દેખાયો નહિં. હઝરત અલી બીન અકીલ બરાબર ઉમરે સઅ્દના ખૈમા સુધી પહોંચ્યા હતા કે, પાછળથી પંદરસો માણસોનું લશ્કર આવી પડયું, અને તેમને એક સાથે ચારસો જખમો કર્યા. એથી હઝરત અલી બીન અકીલ ઢળી પડયા અને એમની રૂહ જન્નતમાં પરવાઝ કરી ગઈ.

## ૫૫. પંચાવનમાં શહીદ : મોહમ્મદ સઈદ બીન અકીલ

એમણે એવી તો શુરવીરતા બતાવી કે, થોડીક સેકંડમાંજ સેંકડોના મડદાઓ પાડી દીધા, પણ આખરે એકલો માણસ કેટલું લડે ? કાફરોએ તો વડીયા લડવાનું પણ બંધ કર્યુ હતું. અને જે શહીદ થયા તેને ચોમેરથી ઘેરી લઈ કતલ કરવામાં જ સમજયા હતા. છેવટે બસો અઠઠાવન કાફરોને કતલ કરી આપ શહીદ થઈ ગયા.

## ૫૬. છપ્પનમાં શહીદ : જઅફર બીન મોહમ્મદ સઈદ

તેઓ નવજવાન વયના અને દેખાવડા હતા. પોતાના પિતાનું આ રીતે મૃત્યુ જોઈ એમનો જવાનીનો જોશ ઉભરાઈ આવ્યો, અને એવી જોરદાર લડાઈ લડવા મંડયા કે સેંકડો કાફરોના મડદાઓ લાંબા કરી દીધા, પછી મલઉન નમીરે દૂરથી એમની છાતીમાં એવું તીર ચોડી દીધું કે તે એક જ ઘાથી એમનું કામ તમામ થઈ ગયું, અને તે તીર ફેફસાને ચીરતું પીઠમાંથી નીકળી ગયું, અને આપની રૂહ જન્નત તરફ પરવાઝ કરી ગઈ.

## ૫૭. સત્તાવનમાં શહીદ : અહમદ બીન મોહમ્મદ સઈદ

તેઓ પોતાના મોટા ભાઈને એ રીતે કુફફારોના તીર વડે શહીદ થતા જોઈ જોમમાં મેદાને જવા ચાલી નીકળ્યા. ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું : 'બેટા ! શું અકીલની ઔલાદમાંથી કોઈ પણ આ જગતમાં બાકી નહિં

રહે ?' અહેમદે જવાબ આપ્યો : 'મૌલા ! આજે તો જયાં ખાનદાને નબુવ્વત ઉજડવા બેઠું હોય, ત્યાં મારે જીવતા રહીને શું કરવું ? મને તો હવે ઘડી ભર પણ જીવવું કડવું ઝેર થઈ પડયું છે ! ખુદાને ખાતર મને રજા આપો અને સબ્રનો પત્થર દિલ પર બાંધી લ્યો.' ઈમામે તે જવાનને પણ રજા આપી, અને તેમણે અનેક કાફરોને કતલ કરી શહાદતનો જામ નોશ કીધો.

## ૫૮. અઠ્ઠાવનમાં શહીદ : ઔન બીન અબ્દુલ્લાહ

તેઓ જનાબે ઝયનબ (સ.અ.)ના લાડલા પુત્ર હતા. તેઓ પોતાના સગા મામા ઈમામ હુસૈન (અ.સ.) પાસે આવી અરજ કરવા લાગ્યા : 'મામાજાન ! મને જંગના મેદાનમાં જવાની રજા આપો.'

ઈમામ એ વેળા ઉંડો નિશ્વાસ નાખી કહેવા લાગ્યા : 'વહાલા ભાણેજ ! જગતમાં એવો કયો મામો હશે, જે પોતાના ભાણેજોને મરવા જવાનું કહે ? પણ હું પરિસ્થિતિ જાણું છું, બિસ્મીલ્લાહ, મામાને એ દાગ પણ દેખાડતા જાવ'

હઝરત ઔન માતા પાસે રવાના થયા અને સબ્રની ભલામણ કરી મેદાનમાં જઈ ત્રણસો છપ્પન કાફરોને કતલ કરી મલઉન નોફીલના નેઝાના ઘાથી શહીદ થઈ ગયા.

## ૫૯. ઓગણસાંઈઠમાં શહીદ : મોહમ્મદ બીન અબ્દુલ્લાહ

ઈમામ હુસૈન (અ.સ.)ના બીજા ભાણેજ, અબ્દુલ્લાહના સુપુત્ર અને બહેન જનાબે ઝયનબ (સ.અ.)ના નાના પુત્ર હઝરત મોહમ્મદને જનાબે ઝયનબ (સ.અ.)એ પોતાના હાથે હથિયાર સજી મેદાનમાં મોકલ્યા. ઈમામ હુસૈન (અ.સ.) પ્રત્યે જનાબે ઝયનબ (સ.અ.) જેટલો પ્રેમ ઘરાવતા હતા, તેટલો પ્રેમ આખા જગતમાં કોઈ ભાઈ બહેનમાં જોવા નહિં મળે. એમને ભાઈથી વધુ વહાલી ચીજ બીજી કોઈ ન હતી. એટલે જ એ નાની વયના બાળકોને જંગના મેદાનમાં મોકલી કોઈ રીતે આકા હુસૈન (અ.સ.) પરથી એ આફતના વાદળો દૂર કરવા ઈચ્છયું હતું.

હઝરત મોહમ્મદ જોકે ઉમરમાં નાના હતા, છતાં ખુદાના શેર મૌલા અલી (અ.સ.)ના તેઓ નવાસા હતા, અને હઝરત જઅફરે તૈયારના પૌત્ર હતા, લડવા માંડયા, અને એવી સરસ લડત આપી કે દુશ્મનોના હાજા ગગડી ગયા. સેંકડો માણસો કપાઈ મર્યા અને સઘળા કાફરો આમથી તેમ નાસવા લાગ્યા. આખર હઝરત મોહમ્મદ આમીર

બીન નેહશલીને હાથે શહીદ થયા. જયારે તેઓ ઘોડેથી પડયા ત્યારે ઈમામ હુસૈન (અ.સ.) તરત જ તેમની લાશ પર આવ્યા અને બન્યું એ રીતે બન્ને ભાઈઓની લાશો ઉઠાવી ખૈમામાં લઈ ગયા.

## ૬૦. સાંઈઠમાં શહીદ : કાસીમ બીન હસન (અ.સ.)

આ રીતે ઈમામના ભાણેજો શહીદ થયા પછી ઈમામ હસન (અ.સ.)ની ઔલાદનો વારો આવ્યો અને હઝરત કાસીમ સૌથી પહેલા ઈમામ (અ.સ.)ની સેવામાં હાજર થયા અને અરજ કરી : 'કાકાજાન ! જુઓ આ તઅ્વીઝ મારા પિતાએ મને બાંધ્યું હતું અને વસીય્યત કરી હતી કે, જયારે તારા પર સખત મુસીબતનો સમય આવે તયારે આ તઅ્વીઝ ખોલીને વાંચી જોજે. મેં તે પ્રમાણે આજના દિવસને પુરતી મુસીબત ભર્યો માન્યો, અને આ તઅ્વીજ ખોલી વાંચ્યું તો લખેલું છે કે,'અય ફરઝંદ ! એક દિવસ આવવાનો છે કે તારા કાકા સખત અકળામણમાં ઘેરાયેલા હશે, તે દિવસે તું આ ચિઠ્ઠી વાંચતા જ પોતાના કાકા પર સર કુરબાન કરજે.'

'કાકા ! હવે તો મેદાનમાં જવાની મને મહેરબાની કરી રજા આપો.'

ઈમામ હુસૈન (અ.સ.) આ સાંભળી ખૂબ જ દીલગીર બની ગયા, અને ફરમાવ્યું કે,'અય ફરઝંદ ! તું મારા ભાઈ ઈમામ હસન (અ.સ.)ની યાદગાર છો, હું તને કઈ રીતે રજા આપું ?'

હઝરત કાસીમે એટલો આગ્રહ કર્યો કે ઈમામ હુસેન (અ.સ.)ને રજા આપ્યા વગર ચાલ્યું જ નહિં. હઝરત કાસીમ તરત જ ઘોડા ઉપર સવાર થઈ મેદાનમાં આવ્યા, અને કાફરો સાથે લડાઈ ચાલુ કરી. આપ એકેક કાફરને ચીભડાંની માફક ચીરતા જતા હતા, અને કાફરો વારા ફરતી આવતા જતા હતા. ઍંસી જેટલા માણસોને કતલ કર્યા પછી કોઈને આપની સામે લડવા આવવાની હિંમત થઈ નહિં. એટલે ઉમર સઅ્દ મલઉન કહેવા લાગ્યો : ' તમે કેવા બાયલા છો કે એક બાળકની સામે લડવા જવામાં પણ ગભરાઈ રહયા છો ?' આ સાંભળી અરઝક નામનો પહેલવાન જવા તૈયાર થયો અને તેણે જણાવ્યું કે, 'ઉમર એ જવાન પણ બની હાશીમનો જવાન છે, એમના સામે સાધારણ લડવૈયો કામ કરે તેમ નથી, લે હું જ જાઉ છું, હમણા કાસીમનું કામ તમામ કરી આવું.'

અરઝક ત્રણ હજાર માણસોનો મુકાબલો કરતો હતો. તે આવ્યો અને હઝરત કાસીમે તેને પહેલે ઘડાકે જ કતલ કરી નાખ્યો. તેના ચાર પુત્રો તેના જેવા જ બહાદુર હતા, તેઓ બાપનું મૃત્યુ જોઈ વારાફરતી મેદાનમાં આવ્યા અને હઝરત કાસીમે તેમને પણ ઠેકાણે પહોંચાડી દીધા. છેવટે ઉમર સઅ્દે હુકમ આપ્યો કે, 'લશ્કરભરમાં ઘેરી લઈ તેમને કતલ કરી નાખો.' તે મુજબ એક તરફ કુફીઓ અને શામીઓનું લશ્કર હતું, અને બીજી તરફ હઝરત કાસીમ એકલા લડતા હતા. એમ જયારે સેંકડો કાફરોના સર ઉડી ગયા ત્યારે ઉરવા બીન સઅ્દ આપની ઘાટમાં લાગી ગયા, અને મોકો જોઈ હઝરત કાસીમને એવી તલવાર મારી કે જેથી આપનું માથું ફાટી ગયું. આપ ચક્કર ખાઈને ઘોડેથી

નીચે પડી ગયા, અને આકા હુસૈન (અ.સ.)ને અવાજ આપ્યો. ઈમામ અવાજ સાંભળી રવાના થયા ત્યાં તો ઉમર અઝદી મલઉને આપને શહીદ કર્યા. ઈમામે તે જોઈ એ મલઉન પર એવો ઘા કર્યો કે તેનો જમણો હાથ જે હાથ વડે તેણે હઝરત કાસીમને કતલ કર્યા હતા તે હાથ ઉડી ગયો. ઈમામ પોતાના ભત્રીજાની લાશ પર પહોંચ્યા, પરંતુ ત્યાં સુધીમાં તો હઝરત કાસીમની લાશ ઘોડાઓની ટાપોથી ચગદાઈ ગઈ હતી. ઈમામથી એ જીગરને ફાડી નાખનાર બનાવ નજરે જોવાણો નહિં અને પોતાના ભત્રીજાની લાશને બથમાં લઈ ફરમાવવા લાગ્યા : 'બેટા કાસીમ ! તમારો કાકા લાચાર છે કે તમને મદદ કરી શકયા નહિં. ખુદા આ કોમને પોતાની રહેમતથી દૂર રાખે કે જેણે તમોને કતલ કર્યા છે.' તે પછી ઈમામ એ નવજવાનની લાશને ઉપાડી તંબુઓમાં લઈ આવ્યા અને ફરમાવવા લાગ્યા : 'અય એહલેબૈત ! સબ્ર કરો કે આજ કરતા વઘુ પરેશાની કોઈપણ દિવસ આવવાની નથી. અય પરવરદીગાર ! આખેરતનમાં આ મુસીબતનો બદલો જરૂર આપજે.'

## ૬૧. એકસઠમાં શહીદ : અબ્દુલ્લાહ અકબર બીન હસન (અ.સ.)

હઝરત કાસીમ (અ.સ.)ની શહાદત પછી તેમના ભાઈ હઝરત અબ્દુલ્લાહ અકબર મેદાનમાં તશરીફ લઈ ગયા અને એકસો ચઉદ મલઉનોને કતલ કરી આપ શહાદત પામ્યા.

## ૬૨. બાસઠમાં શહીદ : હઝરત અહમદ બીન હસન (અ.સ.)

ત્યાર પછી એમના બીજા ભાઈ હઝરત અહમદ બીન હસન (અ.સ.) મેદાનમાં ગયા, અને પુરા પચાસ કાફરોને કતલ કરી ઈમામ હુસૈન (અ.સ.)ની સેવામાં પાછા આવ્યા અને અરજ કરવા લાગ્યા : 'કાકાજાન ! આપને તો ખુદાએ મોઅજીઝાઓ અતા કર્યા છે, આપ ચાહો તો અહીં પાણીનો વીરડો કાઢી શકો છો. માત્ર થોડુંક પાણી મને મળે અને મારૂં કલેજું ઠંડુ થાય, તો હમણાં જ હું બધાએ કાફરોને નસાડી મુકું.

ઈમામ હુસૈન (અ.સ.)એ એક ઠંડો નિશ્વાસ નાખ્યો અને ફરમાવ્યું : 'બેટા ! તો પછી આપણું પ્યાસા કતલ થવું રહી જાય ને ? સબ્ર કરો, હમણાં જ થોડીવારમાં હઝરત રસુલેખુદા (સ.અ.વ.) તમને જન્નતમાં ઠંડુ પાણી પીવરાવશે. એ પાણી પીઘા પછી ફરીવાર આપણને તરસ જ નહિં લાગે.

આ સાંભળી હઝરત અહમદ બીન હસન (અ.સ.) તરત જ ઘોડો દોડાવતા રવાના થયા, અને ફરી લડત આપવી ચાલુ કરી, બીજા પંચોતેર માણસોને ઠાર કર્યા પછી આપે શહાદતનો જામ નોશ ફરમાવ્યો.

## ૬૩. ત્રેસઠમાં શહીદ : અબ્દુલ્લાહ બીન અલી (અ.સ.)

ત્યાર પછી મૌલા અલી (અ.સ.)ના ફરઝંદોનો વારો આવ્યો, અને હઝરત અબ્બાસ (અ.સ.)ના માંજાયા ભાઈ હઝરત અબ્દુલ્લાહ બીન અલી (અ.સ.) મેદાનમાં આવ્યા, ખૂબ લડાઈ કરી અને આખરે હાની બીન બસીત હઝરીના હાથે આપ શહીદ થયા.

## ૬૪. ચોસઠમાં શહીદ : જઅ્ફર બીન અલી (અ.સ.)

તે પછી જઅ્ફર બીન અલી (અ.સ.) મેદાને ગયા, અને બસો દસ માણસોને કતલ કરી આપ એક મલઉનને હાથે માથામાં ગુર્ઝ ખાઈ જમીન પર પડી ગયા અને શહાદત પામ્યા.

## ૬૫. પાંસઠમાં શહીદ : ઉસ્માન બીન અલી (અ.સ.)

એમણે સત્યાસી માણસોને કતલ કરી શહાદતનો જામ નોશ ફરમાવ્યો અને જન્નત તરફ તશરીફ લઈ ગયા.

## ૬૬. છાંસઠમાં શહીદ : મોહમ્મદ બીન અલી (અ.સ.)

એમણે એકસો વીસ કાફરોને કતલ કર્યા અને મલઉન નોફીલના ગુર્ઝ વડે એવા ઝખ્મી થયા કે આપને ગશ આવી ગયો, અને એક મલઉને આપનું માથું કાપી લીધું.

## ૬૭. સડસઠમાં શહીદ : ઔન બીન અલી (અ.સ.)

તે પછી હઝરત ઔન મેદાનમાં આવ્યા, અને એવી જંગ લડયા કે દુશ્મનોના છક્કા છુટી ગયા. લગભગ એક હજાર કાફરોને આપે કતલ કર્યા હતા. જયારે ઉમર સઅ્દે જોયું કે આ દિલેરના મુકાબલામાં જે જાય તે કોઈ રીતે પાછું ફરી શકતું નથી, ત્યારે તેણે હુકમ આપ્યો કે, 'સઘળા મળીને તેમનો મુકાબલો કરો.' દસ હજારનું

એક લશ્કર આપ પર તુટી પડયું, પરંતુ આપે એવી તલવાર ચલાવી કે એ બધાય નાસીપાસ થઈ ભાગી નીકળ્યા. સામેથી બીજું બાર હજારનું ટોળું આવી પડયું, એનેય સાફ કરી આપ બહાર નીકળી આવ્યા, પછી છેલ્લે ત્રીસ હજારની ફોજ કુદી પડી. આપે જોરદાર તલવાર ચલાવવી શરૂ કરી, પરંતુ ખાલીદ બીન તલ્હાએ પાછળથી આપને તલવારનો એવો ફટકો માર્યો કે હઝરત ઔન ઘોડેથી નીચે પડી ગયા, અને એ 'ઘા' માંથી એટલું લોહી વહી ગયું કે આપ સ્વર્ગે સીઘાવી ગયા.

## ૬૮. અડસઠમાં શહીદ : હઝરત અબ્બાસ અલમબરદાર (અ.સ.)

એમનો લકબ 'અબુલ ફઝલ' અને હુલામણું નામ 'સક્કા' હતું. તેઓ પોતાના વડીલ ભાઈ ઈમામ હુસૈન (અ.સ.) માટે આશુરાના દિવસે પાણી લેવા ગયા હતા, એમનો રોઝો ફુરાત નદીના ઘાટ પાસે જયાં આપ શહીદ થયા હતા, ત્યાંજ બનેલો છે. આપની શહાદત વખતે આપની વય પુરા તેત્રીસ વર્ષની થવા પામી હતી. જનાબે ઉમ્મુલ બનીન બીન્તે હુઝ્ઝામ બીન ખાલીદ બીન રબીઆ આપની માતા હતા. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)ની વફાત પછી એક વખત મૌલા મુશ્કીલ કુશા અલી (અ.સ.)એ પોતાના ભાઈ અકીલને કહયું : 'હવે મારા નિકાહ માટે કોઈ એવી ઓરત શોધો કે જે ખાનદાન કુટુંબના વંશમાંથી હોય, કે જેથી તે સ્ત્રીને પેટે એવો ફરઝંદ જન્મવા પામે કે જે ઝમાનાનો નામવર બહાદુર હોય.'

હઝરત અકીલે કહયું : 'આપ કલાવીયા કુટુંબની કન્યા ઉમ્મુલ બનીન સાથે લગ્ન કરી લ્યો, કે જે અરબભરમાં શુરવીર કુટુંબની કન્યા છે.' એથી મૌલા અલી (અ.સ.)એ તે લગ્ન કર્યા અને એમનાથી હઝરત અબ્બાસ (અ.સ.)નો જન્મ થયો.

ઈમામ હુસૈન (અ.સ.) અને હઝરત અબ્બાસ (અ.સ.) એમ એક જ બાપના દીકરા હોવા છતાં હઝરત અબ્બાસ (અ.સ.) આકા ઈમામ હુસૈન (અ.સ.)ને મોટાભાઈ અને ઈમામ તરીકે એટલું બધુ માન આપતા હતા કે ઉમર ભરમાં કદી પણ આકા હુસૈન (અ.સ.)ને ભાઈ કહી તેમણે બોલાવ્યા નથી, બલ્કે 'સય્યદ', 'મૌલા', ' આકા', 'ફરઝંદે રસૂલ' વગેરે જ કહ્યા કરતા હતા, અને ઈમામ હુસૈન (અ.સ.)ને પણ પોતાના ભાઈ હઝરત અબ્બાસ (અ.સ.) પર એટલી બધી મોહબ્બત હતી કે જેનો જોટો જગતમાં મળવો મુશ્કીલ છે. જેમ હઝરત રસુલુલ્લાહ (સ.અ.વ.) પર મૌલા અલી (અ.સ.) ફીદા હતા, તેમ ઈમામ હુસૈન (અ.સ.) પર હઝરત અબ્બાસ (અ.સ.) ફીદા રહેતા હતા અને જેમ મૌલા અલી (અ.સ.) કરતા વધારે પ્યારૂં હઝરત રસુલુલ્લાહ (સ.અ.વ.)ને કોઈ ન્હોતું, તેમ હઝરત અબ્બાસ (અ.સ.) કરતાં ઈમામ હુસૈન (અ.સ.)ને કોઈ પ્યારૂં ન્હોતું. જેમ મૌલા અલી

(અ.સ.)એ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના ખોળામાં જ પરવરીશ પામી હતી, તેમ હઝરત અબ્બાસ (અ.સ.)એ ઈમામ હુસૈન (અ.સ.)ના ખોળામાં જ પરવરીશ મેળવી હતી.

હઝરત અબ્બાસ (અ.સ.) એવા શુરવીર અને ભરપુર બદનના હતા કે ઘોડા ઉપર સવાર થતી વખતે જયાં સુધી પેંઘડામાં પગ ન નાખે ત્યાં સુધી જમીન આપના પગને ચુમતી રહેતી હતી, અને હઝરત અબ્બાસ (અ.સ.) છલાંગ માર્યા વિના ઘોડા પર ચડી શકતા હતા. એમનું કદ એટલું બધું વિશાળ હતું કે તેમને જોતાં જ દુશ્મનોના હાજા ગગડી જતા હતા. હઝરત ઓબયદુલ્લાહ બીન અબ્બાસ બીન અબ્દુલ મુત્તલીબનના બેટી જનાબે ઝકીયહની સાથે આપના લગ્ન થયા હતા અને ફઝલ વગેરે બે ફરઝંદો તથા એક સાહેબઝાદી આપને ત્યાં જન્મ્યાં હતાં.

કરબલાના રણમાં આશુરાના દિવસે જયારે ઈમામ હુસૈન (અ.સ.) અને હઝરત અબ્બાસ (અ.સ.) સિવાય મૌલા મુશ્કીલ કુશાની બધી ઔલાદ કપાઈ ગઈ, ત્યારે હઝરત અબ્બાસ (અ.સ.)એ મેદાનમાં જવાની રજા માંગી. ઈમામ હુસૈન (અ.સ.)એ ખૂબ જ ઉંડો નિશ્વાસ નાખી કહયું : 'ભાઈ ! તમે મારા લશ્કરના અલમબરદાર છો, તમો પણ જશો તો હુસૈનનું જીવવું જગતમાં ધૂળમાં મળી જશે. પણ હા લડવા માટે તો નહિં, માત્ર એક મશક ભરી લાવવા તમો જઈ શકો છો કે જેથી પાણી આવતા ઔલાદે અલી (અ.સ.) તરફડતી બચવા પામે, તમે જાઓ, સાથે મશક લેતા જાઓ, અને યઝીદી ફોજને કંઈક સમજાવી લ્યો કે એહલેબયતે રસૂલ (સ.અ.વ.) માછલાની માફક પાણી વિના તરફડી રહયા છે. પરંતુ તે પહેલા તમારે તંબુઓમાં જઈ આવવું જોઈએ કે જેથી સૈયદાનીઓ અને બચ્ચાઓની હાલત જોઈ શકો, અને માર્ગ વિચારી શકો.'

હઝરત અબ્બાસ અલમબરદાર ખયમાઓમાં આવ્યા, તો સૈયદાનીઓએ ચારે તરફથી આપને ઘેરી લીધા. આપની બીબી એ કમસીન બચ્ચાઓ સહીત આવી પહોંચ્યા, જનાબે સકીના પણ આવી ગયા, અને એ સૌએ દર્દનાક અવાજમાં કહેવા માંડયું : 'કયાંકથી થોડુંક પાણી લાવી દયો, અમારા જીવ હવે તો જાય તેમ છે.' જનાબે સકીના કહેવા લાગ્યા : 'કાકા ! તરસને કારણે મારૂં કલેજું કબાબ સમ છે. થોડુંક પાણી કયાંકથી લાવી આપો ?' હઝરત અબ્બાસ (અ.સ.)એ તે સઘળા બાળકોને દિલાસો દીધો : 'હું હમણાં જ જાઉં છું. ઈન્શાઅલ્લાહ પાણી લઈ આવીશ.' સઘળી બીબીઓથી રૂખસદ લીધી, અને પાણીની મશક લઈ આપ ચાલી નીકળ્યા.

હઝરત અબ્બાસ (અ.સ.)એ મેદાનમાં આવી કાફરોને સમજાવવાની શરૂઆત કરી. આપે તેઓને સમજાવ્યું કે, કોઈને પ્યાસા રાખવા ઈસ્લામમાં જાએઝ નથી, અને ખુદા તથા રસૂલનો વાસ્તો દઈ થોડુંક પાણી આપવા માંગણી કરી. પરંતુ કાફરોના દિલ જરાયે પીગળવા પામ્યા નહિં અને જવાબમાં કહયું કે, અમારા અમીરનો હુકમ છે કે તમને ટીપુંએ પાણી આપવું નહિં.

હઝરત અબ્બાસ (અ.સ.)એ ફરી તેમને સમજાવી જોયા કે, દરેક મુસલમાનોએ ખુદા અને રસૂલનો હુકમ માનવો રહયો, તે હુકમથી વિરૂઘ્ઘ જો કોઈપણ અમીર હુકમ કરે તો તે ન માનવા લાયક ગણાય.

કાફરોએ કહયું : 'પણ જયાં સુધી તમે યઝીદની બયઅત નહિં કરો, ત્યાં સુધી તમારે તરસ્યા જ મરવાનું છે.'

હઝરત અબ્બાસ (અ.સ.)એ ત્રીજી વખત પણ એમને સમજાવ્યા કે, કોઈપણ મુસાફર બલ્કે જાનવર પણ પ્યાસું રહે એ ઈસ્લામનો અનાદર છે, પરંતુ તે છતાં એ કાફર લોકો માન્યા નહિં અને કહયું કે, જો પાણી જોઈતું હોય તો અમીરની બયઅત સ્વીકારી લો.

હઝરત અબ્બાસ (અ.સ.)ને એ વેળા જલાલ આવ્યો, અને ફરમાવ્યું : 'તો હવે તમે દરીયાને રોકી લેજો, જોઉં છું કોણ આડો આવે છે.' એટલું કહી પોતે ફુરાતની તરફ રવાના થયા અને આડે આવનારનાં ઘડોઘડ માથા ઉડાવતા ગયા, પ્રથમ ચારસોને કાપ્યા, બીજા હુમલામાં એક હજારનો લગભગ ખુરદો કર્યો, ત્યારે મારીદ બીન સકીફ કહેવા લાગ્યો : 'અરે યઝીદી ફોજ ! તમે એટલા બધા છો કે એકેક મુઠી ખાક ઉપાડીને નાખો તો પણ આ જવાન તો દટાય જ જાય, છતા આમ ઠંડાગાર શા માટે ? આ જવાન વાઘ સમ તમને બધાયને કાપ્યે રાખે છે અને તમો બધા નિષ્ક્રીય છો ? ઠીક છે તમે સૌ હટી જાઓ, હું એકલો જ તેમની સાથે લડી લઉં છું.'

શીમરે કહયું : 'ભલે અમે બધા હટી જઈએ છીએ.' મારીદ એકલો હઝરતની સામે ગયો, અને પોતાની પહેલવાની બતાવવા લાગ્યો. હઝરત અબ્બાસ (અ.સ.)એ એક જ ઘામાં તેનું કામ તમામ કરી નાખ્યું અને તેની બધી બડાઈ ઠેકાણે લગાડી દીધી.

તે પછી તો સઘળાય લશ્કરે એક મળીને આપ પર હુમલો કર્યો. આપ તેઓ પર એવી તો તલવાર ઝબકાવવા લાગ્યા કે જે રીતે વાઘ હરણના ટોળા પર કુદી પડે છે. અને સાડા પાંચસો બીજા કતલ કરી નાખ્યાં. જયારે દુશ્મનોએ જોયું કે આમ તો એ 'ગાઝી'ને કોઈ રીતે પહોંચાય તેમ નથી, ત્યારે દૂર ઉભા રહી તીર વરસાવવા શરૂ કરી દીધા. હઝરત અબ્બાસ (અ.સ.)એ સામે તીરે ઘોડો દોડાવી તે કાફરોને જેમ આવે તેમ કાપવા માંડયાં, અને હજારો કાફરોનો ઘાણ નીકળી ગયો.

આખરે લશ્કર દૂર નાસી ગયું, અને હઝરત અબ્બાસ (અ.સ.) નદીમાં ઉતર્યા, મશક ભરી લીધી અને પોતે પાણીનું ટીપુંય પીઘું નહિં, બલ્કે આકા હુસૈન (અ.સ.)ના બાળકોની તરસ યાદ કરી તરત જ ચાલવા માંડયું.

હઝરત અબ્બાસ (અ.સ.) જેવા નદીમાંથી બહાર નીકળ્યા કે તરત જ પાછા કાફરો ભેગા થઈ આડા આવી પડયા, વળી લડાઈ શરૂ થઈ, અને હઝરત અબ્બાસ (અ.સ.)એ બીજા આઠસો કાફરો કાપી નાખ્યા, આપની સંપૂર્ણ કોશીશ એ હતી કે આ પાણી કોઈ રીતે ઈમામ હુસૈન (અ.સ.)ના બચ્ચાઓ સુધી પહોંચી જાય, આપ ખયમા તરફ

આવતા હતા કે એક કાફરે ગુપચુપ આવી આપનો જમણો હાથ કાપી નાખ્યો, આપે તરત જ તલવારને ડાબા હાથે ચમકાવવા માંડી, એ અજબ શુરવીરતા નીહાળી યઝીદી ફોજ ઠરી ગઈ, અને સૌ કોઈ આગળ આવતા ગભરાતું હતું. પણ એવામાં પાછળથી બીજા કાફરે આપનો ડાબો હાથ પણ કાપી નાખ્યો.

હવે હઝરતે અબ્બાસ (અ.સ.)ના બંને ખભામાંથી લોહીના ફુવારા વહી રહયા હતા. ફોજે હુસૈનીનો અલમ પૃથ્વી ઉપર પડી રહ્યો હતો, પરંતુ આપે તત્કાલ કાર્યસાધક બની એ મશકની દોરી દાંતો વચ્ચે દબાવી લીધી. આપની તમન્ના હતી કે, કોઈપણ ભોગે એ પાણી બચ્ચાઓ સુધી પહોંચી જાય, પરંતુ સામેથી એક મલઉને બરાબર મશક ઉપર જ તીર ચલાવ્યું. જેથી મશક ફુટીને પાણી વહી ગયું. હઝરત અબ્બાસ (અ.સ.) હવે હતાશ બન્યા, અને એક ઠંડો નિશ્વાસ નાખી લાચાર બની ગયા, આપની આંખોમાં અંધારા આવી ગયા. અને આકા સંપૂર્ણ નીરાશ બની ગયા. એવામાં એક કાફરે પાછળથી આવી એવું ગુર્ઝ માર્યું કે એ ગદા લાગતા જ આપનું માથું બે ફાડીયાં બની ગયું. આપ ઘોડેથી પડી ગયા અને અવાજ આપી, 'અસ્સલામો અલયક યા અબા અબ્દીલ્લાહ'

એ ગમનાક અવાજ સાંભળી ઈમામ હુસૈન (અ.સ.)એ કમર પકડી લીધી અને ફરમાવ્યું : 'હવે હુસૈનની જીંદગી ખાકમાં મળી.' હઝરત તરત જ રવાના થયા પણ દુઃખના ડુંગરો આપને માથે ખડકાઈ ચૂકયા હતા. સખ્ત મુશ્કીલે ભાઈની લાશ પર પહોંચ્યા, તો જોયું કે એ અલીનો લાલ ખાક પર પડયો છેલ્લા શ્વાસ લઈ રહયો છે. હઝરત ઝારો કતાર રોવા લાગ્યા, અને હઝરત અબ્બાસ (અ.સ.)ના સરને પોતાના ખોળામાં લીધું. હઝરત અબ્બાસ (અ.સ.)એ આંખો ખોલી ઈમામના છેલ્લા દીદાર કરી લીધા અન જન્નતનો માર્ગ સ્વીકારી લીધો.

## ૬૯. ઓગણસીત્તેરમાં શહીદ : હઝરત અલી અકબર (અ.સ.)

આપ ઈમામ હુસૈન (અ.સ.)ના જવાન પુત્ર હતા. એમનું હુલામણું નામ 'અબુલ હસન' હતું. આપ પુરા અઢાર વર્ષના થવા આવ્યા હતા. એમની માતાનું નામ જનાબે ઉમ્મે લયલા હતું, જેઓ અબુ સુફીયાનની પુત્રી મયમુનાના પુત્રી હતા, યાને કે અલી અકબર (અ.સ.) યઝીદની ફુઈની દીકરી બહેનના બેટા હતા. આપ સુરત, સીરત અને વાતચીતમાં હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ને આબેહૂબ મળતા આવતા હતા. અને ઈમામ હુસૈન (અ.સ.)ના બહેન જનાબે ઝયનબ (સ.અ.)એ આપને ઉછેરીને મોટા કર્યા હતા. પલીદ યઝીદે તેમને મુકત કરવા હુકમ કર્યો હતો, પરંતુ આપે તે અમાનનામું સ્વીકાર્યું ન હતું. અને જનાબે અલી અકબરે 'શું હું હકથી ફરી જાઉં ?' એમ કહી એ ઓર્ડરના ચુરે ચુરા કરી નાખ્યા હતા.

અમીર મુઆવીયાએ તે સગપણને લીધે જ હઝરત અલી અકબરને બોલાવીને ખિલાફત તેમને સોંપવા કહયું હતું, અને લોકોને જણાવ્યું હતું કે, અલી અકબરમાં બની હાશીમની શુરવીરતા, બની ઉમય્યાની દરીયા દિલી

અને બની સકીફનું સદ્‌વર્તન એકસરખું સમાયું છે. પરંતુ હઝરત અલી અકબરે એમ કહી એ વાતની સાફ ના પાડી હતી કે, 'મારા પિતા હઝરત ઈમામ હુસૈન (અ.સ.) જ ખીલાફતના સાચા વાલી અને વારસ ગણાય.'

કરબલાના મેદાનમાં જયારે હઝરત અલી અકબર મેદાને જંગમાં જવા તૈયાર થયા, ત્યારે ઈમામ હુસૈન (અ.સ.)ની આંખમાં આંસુ ભરાઈ આવ્યા, અને ફરમાવ્યું કે, 'કડીયલ જનાબ ફરઝંદ ! પ્રથમ તંબુઓમાં જઈ એહલેબૈતની રૂખસદ લઈ આવો.' હઝરત અલી અકબરે તંબુમાં જઈ વિદાય ચાહી. બીબીઓમાં આક્રંદ મચી ગયો. અને સૌ કોઈએ દિલગીરી સાથે વિદાય આપી.

ઈમામ હુસૈન (અ.સ.)એ પોતાના એ લાડલા ફરઝંદ અલી અકબરને પોતાના હાથે હથીયારો સજી દીધાં, ઝીરાઓ પહેરાવી, માથા ઉપર ખોદ રખાવ્યો, અમીરૂલ મોઅમેનીનનો કમરપટો બંધાવ્યો અને ઓકાબ નામી ઘોડા ઉપર સવાર કર્યા. એ વેળા પોતાના એ મુજાહીદ પુત્રની જે શાન દેખાતી હતી તે જોઈ ઈમામ હુસૈન (અ.સ.)ની આંખમાંથી ટપટપ આંસુઓ સરી પડયાં. ઈમામે આકાશ તરફ જોઈ ફરમાવ્યું : 'પરવરદીગાર ! હું હવે એવા જવાનને કતલ થવા મોકલું છું, જે તારા નબીની નિશાની હતો. હું જયારે નબીએ કરીમ (સ.અ.વ.)ની ઝિયારત કરવા ઈચ્છતો, ત્યારે આ ફરઝંદનું મુખ જોઈ લેતો હતો, હવે તે પણ તારી રાહમાં આવે છે.' એટલું કહી હઝરતે પોતાના એ નવજવાન ફરઝંદને રૂખસદ આપી.

હઝરત અલી અકબરે મેદાનમાં આવી સંપૂર્ણ હુજ્જતો કરવા માંડી, જેના જવાબમાં ઝાલિમોએ તીરો વરસાવવા શરૂ કર્યા. એ શાહઝાદાએ ત્રણ દિવસની ભૂખ અને પ્યાસમાં પણ વાઘની માફક એવો તો હુમલો કર્યો કે દુશ્મનો હતાશ બની ગયા. એક જ ઝપાટામાં પાંચસો વીસ માણસોના માથા જુદા કરી એ શેર ગઝબની લડાઈ ચલાવ્યે જતો હતો.

'નાસેખુત્તવારીખ'માં લખ્યું છે કે, આ જોઈ ઝાલિમોએ ચોતરફથી એક સામટો હુમલો કર્યો, અને એ મઝલુમના ટુકડે ટુકડા કરી નાખ્યા, જયારે હઝરત અલી અકબર ઝખ્મોથી ચુરચુર બની ગયા અને ઘોડેથી પડવાની તૈયારીમાં હતા, ત્યારે આપે અવાજ આપ્યો : 'બાબા ! જલ્દી આવજો, હવે હું ઝખ્મો ઝીલવા સમર્થ નથી.' એ અવાજ સાંભળી ઈમામ હુસૈન (અ.સ.) પોતાના ફરઝંદની તરફ કતલગાહમાં રવાના થયા, અને ત્યાં જોયું કે મલઉન હસીન બીન નમીરે આપની છાતીમાં એવી બરછી મારી કે આપ ગશ ખાઈને ઘોડેથી પડી ગયા. ઈમામ હુસૈન (અ.સ.)એ પોતાના ફરઝંદની લાશ સંભાળી લીધી. અને જે બેદીનો અલી અકબરનું સર કાપી લેવા તૈયાર થયા હતા, તેમને મારી હટાવ્યા. હઝરત પોતાના ફરઝંદની લાશ પરથી ખાક અને ખૂનને લુછવા લાગ્યા. અને પોતાની છાતીએ લગાડી ફરમાવતા હતા : 'બેટા અલી અકબર ! તારા મરણથી આ બુઢા બાપના હોશ જતા રહયા.' એ વખતે હઝરત અલી અકબરમાં છેલ્લો શ્વાસ ખેંચવા જેટલો જીવ હતો, એમણે આંખો ખોલી અને પિતા

તરફ જોઈ ફરમાવ્યું : 'બાબાજાન ! મારા મરણ વિષે એહલેબૈતને તસ્કીન દેજો.' છેલ્લું ડચકુ ભરતા ભરતા એટલા શબ્દો વાપર્યા અને અલી અકબર ઈન્તેકાલ કરી ગયા.

જનાબે અલી અકબરના ઈન્તેકાલને જોઈને ઈમામ હુસૈન (અ.સ.)ની દાઢી મુબારક સફેદ થઈ ગઈ, નજર ઝાંખી પડી ગઈ, કમર વાંકી વળી અને કલેજું કપાતુ હોય તેમ થવા માંડયું. આખર એ જવાન પુત્રની લાશને ઉઠાવી ઈમામ હુસૈન (અ.સ.) માંડ માંડ ખૈમાઓ સુધી પહોંચી શકયા, અને એ નવજવાનની લાશ જોઈ એહલેબૈતમાં કાળો કોહરામ મચી ગયો.

## ૭૦. સીત્તેરમાં શહીદ : હઝરત અલી અસગર (અ.સ.)

જયારે ઈમામ હુસૈન (અ.સ.)નો કોઈપણ જાન નિસાર બાકી ન રહયો, ત્યારે આકા હુસૈન (અ.સ.) પોતે જ શહીદ થવા જવા તૈયાર થયા, અને એહલે હરમને અવાજ આપી : 'અય સકીના ! અય ફાતેમા ! અય ઝયનબ ! અય ઉમ્મે કુલ્સુમ ! અને અય સમગ્ર બીબીઓ ! મારા આખરી સલામ હોજો.' એ સાંભળી એહલે હરમમાં આક્રંદ મચી ગયો, અને ચારે તરફથી 'અલ્વીદાઅ યા મૌલા ઈમામ હુસૈન અલ્વીદાઅ'ના ઉચ્ચારો સંભળાવવા લાગ્યા.

જનાબે સકીના (સ.અ.) ઈમામના દામનથી લીપટી પડયાં અને કહેવા લાગ્યા : 'બાબા શું આપ પણ મરવા મેદાને જઈ રહયા છો ? હવે અમારૂં કોણ ?'

મૌલાએ આંસુ ભરી આંખે ફરમાવ્યું : 'બેટી ! સબર કરો, સૌને એક દિવસ તો મરવું જ છે, તમારો બાપ હવે જીવીને શું કરે ?!'

જનાબે સકીના કહેવા લાગ્યા : 'બાબાજાન ! જો તમારે મરવા જવું જ હોય, તો અમને અમારા નાના હઝરત રસૂલે અકરમ (સ.અ.વ.)ના રોઝા મુબારક પર પહોંચાડી જાઓ.'

ઈમામે નિશ્વાસ નાખી ફરમાવ્યું : 'બેટી ! જો એ બનવા જોગ હોત તો હું બિમાર બેટાને આશરે જ તમને મુકેત નહિં, સબ્ર કરો અને ખુદાની ખુશી ઉપર રાજી રહો.'

સઘળી બીબીઓ આપને ઘેરીને ઉભી હતી, અને સૌ આક્રંદ કરી રહી હતી. મૌલાએ સૌને સબ્ર કરવાની ભલામણ કરી અને કહી દીધું : 'અલી ઈબ્નીલ હુસૈન ઝયનુલ આબેદીન (અ.સ.) મારી પછી તમારા કાફલાના સાલાર છે, તમે સૌ એમની તાબેદારી કરતા રહેજો.'

ત્યાર પછી મૌલા ઈમામ ઝયનુલ આબેદીનના તંબુમાં ગયા, અને એ બિમાર બેટાને છાતીએ લગાડી ' અસ્રારે ઈમામત' તાલીમ ફરમાવીને હસરતની સાથે તેમનાથી વિદાય થયા.

ઈમામે રસુલુલ્લાહ (સ.અ.વ.)નો અમામો બાંધી લીધો, મૌલા અલી (અ.સ.)ના હથિયારો સજી લીધાં, ઝીરા બદન ઉપર નાખી, અને ઝુલ્જનાહ ઘોડાને તૈયાર કર્યો. તેની ઉપર બેસી ઈમામ મેદાનમાં જવા તૈયાર થયા. એ વખતે બીબીઓમાં એટલો આક્રંદ મચી ગયો હતો કે જેનું બયાન આ કલમથી થઈ શકે તેમ નથી. છેવટે ઈમામે બીબીઓને ફરમાવ્યું : 'હવે મને મૂકી દયો, મારા વાયદાનો વખત નજીક આવી રહયો છે.' ત્યારે બીબીઓએ દિલગીરી પૂર્વક આપનું મોઢું જોઈ લીધું અને કકળતે હદયે આપને રજા આપી.

મેદાનમાં આવી મૌલાએ ફરમાવ્યું : 'કોઈ એવું છે કે જે હરમે રસૂલ (સ.અ.વ.)થી દુશ્મનોને દૂર કરે ? કોઈ એવું છે કે જે આ દુઃખમાં અમારી મદદ કરે ? કોઈ એવું કે જે નામુસે નબીની હુરમત જાળવી શકે ?'

આ અવાજ ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ના કાનમાં આવ્યો, ત્યારે સખત અશકિત અને પુર બીમારીમાં હોવા છતાં પણ આપ તલવાર લઈ નીકળી પડયા. બીબી ઉમ્મે કુલસુમે આપને બહાર જઈ પકડી લીધા. ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)એ ફરમાવ્યું : 'ફુઈ ! મને મુકી દયો કે જેથી હું પણ ફરઝંદે રસૂલ (સ.અ.વ.) પર કુરબાન થઈ જાઉં.'

ઈમામ હુસૈન (અ.સ.)એ પાછું વાળી જોયું અને ઉમ્મે કુલસુમને ફરમાવ્યું : 'બહેન ! એને અટકાવી દેજો, એ બીમારનું આ મેદાનમાં કામ નથી.'

બરાબર એ જ વખતે ઈમામ હુસૈન (અ.સ.)ના દૂધ પીતા બાળક હઝરત અલી અસગર ઈમામના મદદગાર તરીકે જાન દેવા ઘોડીયામાંથી ઉછાળો મારી નીચે પડયા. સૈયદાણીઓ સખત અકળામણમાં આવી પડી, હઝરત અલી અસગરની માતા જનાબે રૂબાબ ગશ ખાઈ જમીન પર પટકાઈ પડયાં, અને એ સઘળીએ બીબીઓ ઝારો કતાર રોવા લાગી. રૂદનનો અવાજ ઈમામના કાનમાં પડયો, તેઓ મેદાનમાંથી પાછા વળી આવ્યા અને પુછયું : 'બહેન ઝયનબ ! આટલો ગઝબનાક આક્રંદ શા માટે થાય છે ?'

જનાબે ઝયનબે અરજ કરી : 'ભાઈ ! આપની ઈસ્તેગાસા સાંભળી જેમ ઝયનુલ આબેદીન દોડી આવતા હતા, તેમ આ બાળક પણ ઘોડીયામાંથી પડી ગયું છે.'

ઈમામે ફરમાવ્યું : 'બહેન ! એ છ મહીનાનું બાળક કદાચ તરસને લીધે જ તરફડી ઉઠે. તેને મારી પાસે લાવો. હું એને કાફરો સામે રજુ કરીશ અને પાણી પીવરાવવા માંગણી કરીશ.'

છેવટે ઈમામ હુસૈન (અ.સ.)એ તે છ મહીનાના બાળકને બંને હાથની હથેળીઓ ઉપર ઉંચા રાખી એ ઝુલમગાર કોમને આવી કહેવા લાગ્યા : 'અય કુફીઓ અને અય શામીઓ ! તમારા ખયાલ પ્રમાણે હુસૈન તમારો ગુનેહગાર છે, પણ આ બાળકે તો કંઈ કસુર કર્યો નથી, આ છ મહીનાનું ફુલ તરસને કારણે મરવા પડયું છે, એની માતાનું દૂધ પણ તદ્દન સૂકાઈ ગયું છે. થોડું પાણી આ બાળકને તો પીવરાવો, જુઓ આ ગભરૂની કેવી સ્થિતિ થઈ પડી છે.'

પરંતુ કોઈએ એ હઝરતને જવાબ આપ્યો નહિં. અલબત્તા, હુરમલા બીન કાહીલ મલઉને એક તીર કમાનમાં જોડી બરાબર તાકીને એવું માર્યું કે તે પડખેથી આવી ઈમામ હુસૈન (અ.સ.)ના હાથ સોસરવું અલી અસગરના ગળામાં પેવશ્ત થઈ ગયું. એ બાળક ઈમામ હુસૈન (અ.સ.)ના હાથમાં જ તરફડીયા ખાઈ ઠરી ગયું, અને તે નાનકડા ગળામાંથી લોહીની ધાર ફુવારાની જેમ વછુટવા લાગી. આકા હુસૈન (અ.સ.)એ તે બાળકની લાશ એક હાથમાં લઈ બીજે હાથે એ વહેતું ખુન ઉપાડી લીધું અને પોતાના મોઢા ઉપર ચોળીને ફરમાવ્યું : 'પરવરદીગાર! હું જાણું છું કે આ ખૂને નાહકને જો હું આકાશ તરફ ફેંકીશ, તો તું કદી પણ ટીપુંએ પાણી વરસાવવાનો નથી, અને જો જમીન ઉપર પડે, તો એક દાણો કદીએ ઉગશે નહિં, માટે હું તેને મારા ચહેરા ઉપર જ લગાવી લઉ છું, જેથી એજ ચહેરે કયામતના દિવસે મારા નાના રસૂલે પાકની હું મુલાકાત કરીશ.'

એ પછી હઝરત ઘોડા ઉપરથી નીચે ઉતર્યા, ઝુલ્ફીકાર વડે ત્યાં કબર ખોદી, અને એ મઅસુમની લાશને ત્યાં જ દફન કરી દીધી.

## ૭૧. એકોતેરમાં શહીદ : અબ્દુલ્લાહ બીન હસન (અ.સ.)

ઈમામ હુસૈન (અ.સ.) એ વખતે સખત દિલગીરીમાં ઘેરાઈ પડયા હતા. એ વખતે મલઉનો ચોતરફથી એકઠા થઈ ગયા, અને ઈમામ હુસૈન (અ.સ.) પર વાર ઉપર વાર કરવા લાગ્યા. જેઓ હઝરતથી દૂર હતા અને તલવાર કે ભાલું મારી શકે તેમ ન હતા, તેઓ દૂરથી તીર અથવા પત્થરનો વરસાદ વરસાવતા હતા. આપ પણ લડવા લાગ્યા, આપ જે બાજુના લશ્કર પર હુમલો કરતા હતા તે લશ્કર દૂર દૂર નાસી જતું હતું, અને બીજા મલઉનો તૈયાર થતા હતા. એમ મલઉનોને કાપતા કાપતા ઈમામ હુસૈન (અ.સ.) નદી કીનારા સુધી પહોંચી ગયા, અને ઝુલ્જનાહ ઘોડાને અંદર ઉતાર્યો. આકા હુસૈન (અ.સ.)એ ઘોડાને ફરમાવ્યું : 'તુ પાણી પી લે', પરંતુ એ ઘોડાએ પોતાની ભાષામાં જવાબ આપ્યો : 'મૌલા ! આપ પ્યાસા હોવા છતાં આ પાણી મારે ગળેથી કેમ ઉતરે ?!'

અહીં શીમર મલઉને ફરેબ કર્યો, અને છ હજાર પ્યાદાઓને ખૈમાઓ તરફ જવા રવાના કર્યા, અને મૌલાને હાંક મારી કહેવા લાગ્યો : 'હુસૈન ! તમે તો અહીં પાણી પીઓ છો, અને ત્યાં તમારા એહલે હરમ લુટાઈ રહયા છે !' મૌલા તરત જ વાઘની જેમ નીકળી પડયા અને એ કાફરોને તંબુ આગળ જતા અટકાવ્યા.

મૌલાની તલવાર એ વખતે એવી ચાલતી હતી કે મલઉનો ઝીક જાલવા અસમર્થ બન્યા અને ઉપરા ઉપર પડતા દૂર નાસતા જતા હતા, પરંતુ મલઉન ઉમર સઅદ તથા શીમર એમને હાંક મારી ઉશ્કેરતા હતા, તેથી

એ કાફરો ફરી ફરી આવી મૌલા ઉપર હુમલો કર્યે જતા હતા, કોઈ તીર મારતું, કોઈ ભાલું લગાવતું, કોઈ (ગુર્ઝ) મારતું, અને કોઈ તલવારના ઘા કર્યે જતું હતું.

ખૈમાને દરવાજે ઉભેલા હઝરત અબ્દુલ્લાહ બીન હસન (અ.સ.) જેમની વય એ સમયે બાર વર્ષની હતી, તેઓ મૌલા ઉપર થતા એ ઘાને જોઈ શકયા નહિં, અને તંબુમાં લટકતી તલવાર લઈને મેદાનમાં દોડી આવ્યા, જોયું કે એક મલઉન હઝરતના સર પર તલવારનો ઘા કરવા માગે છે એટલે પુકાર માર્યો : ‘ઓ ઝીનાઝાદા ! મારા કાકા ઉપર વાર કરતો નહિં’, એ મલઉન તો ધ્રુજી ઉઠયો, પણ બીજા એક કાફરે અબ્દુલ્લાહને એવી તલવાર મારી કે, હઝરત અબ્દુલ્લાહનો જમણો હાથ કપાઈ ગયો. બાળકે અવાજ આપી : ‘કાકા!’ એટલામાં બીજા મલઉને અબ્દુલ્લાહના પડખામાં ઝમીયો હુલાવી દીધો.

આકા હુસૈન (અ.સ.)એ ભત્રીજા સામે જોઈ ફરમાવ્યું : ‘બેટા ! સબર કરો.’ એવામાં એક મલઉનને દૂરથી એવું તીર માર્યું કે એ બાળક તરફડીને રહી ગયું. અને એક ચોથા ઝાલિમે એવા જોરથી તલવાર મારી કે તે બાળક જમીન ઉપર ઢળી પડયું. ઈમામ હુસૈન (અ.સ.)એ તે બાળકને ખોળામાં લઈ લીધું અને ઈમામ હુસૈન (અ.સ.)ના ખોળામાં જ તે શહીદ થયું.

એ છેલ્લો દાગ ઝીલી આકા હુસૈન (અ.સ.)એ એવી તલવાર ચલાવવા માંડી કે દુશ્મનોના મુરદાઓ ઢગબંધ ખડકાઈ પડયાં, અને એ ત્રીજી વારના હુમલામાં આકા હુસૈન (અ.સ.) પણ ખુબ ઝખ્મી બન્યા.

એહલે સુન્નત જમાઅતના મહાન આલિમ ફખરૂદ્દીન રાઝી સાહેબ લખે છે કે, એ લડાઈમાં ઈમામ હુસૈન (અ.સ.)ને એક હજાર નવસો પચાસ ઝખમો લાગ્યા હતા, અને એ આકાએ હજારોનો ઘાણ કાઢયો હતો, છતાં લાખો દુશ્મનોની સંખ્યાને અંગે મલઉનો ખુટવા મુશ્કીલ હતા, એક પાછો હટતો તો ત્યાં દસ આવીને લડતા હતા.

ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે : મારા દાદા ઈમામ હુસૈન (અ.સ.)ના મુબારક શરીર ઉપર ત્રણસો ત્રીસ ઝખમો ખૂબ જ ઘાટા વાગ્યા હતાં. અને તે સિવાય તીરો અને પત્થરોના ઘાવ ખૂબ જ વાગ્યા હતાં કે, આપનું શરીર આખું ચાળણી જેવું બની ગયું હતું. એક મલઉને કપાળ મુબારક પર એવું તીર માર્યું કે જેથી આપનો ચહેરો લોહી લુહાણ બની ગયો હતો.

ઈમામે લોહી લુછી ફરમાવ્યું : ‘હું આ સ્થિતિમાં જ મારા નાના રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની મુલાકાત કરીશ.’ એવામાં એક મલઉને ત્રીફળું તીર ઈમામની છાતી મુબારકમાં એવું માર્યું કે જેથી કલેજાના કટકાઓ થઈ લોહીનો જબ્બર દરીયો વહેતો થયો, ઈમામે તે તીર છાતીમાંથી ખેંચી લીધું અને ફરમાવ્યું કે : ‘બિસ્મીલ્લાહે વ બીલ્લાહે વ અલા મીલ્લતે રસુલીલ્લાહ’ પણ ઈમામને તરત જ ગશ આવી ગયો, અને ઘોડેથી પડવાની અણી પર હતા, ત્યાં મલઉને એવા જોરથી તલવાર મારી કે જેથી ઘડ લઈ હઝરત જમીન પર ઢળી પડયા.

મલઉનોએ આપને ઘેરી લીધા, પણ કોઈની એ હિંમત થતી ન હતી કે ઈમામનું સર જુદું કરે, માલીક બીન બશીર કુફી આપની નજીક આવ્યો અને તલવારનો એક વધુ ઝખમ હઝરત ઉપર કરી નાખ્યો. પછી હસીન બીન નમીર મલઉને આપના મુખ મુબારક પર તીર માર્યુ અને અન્ય મલઉનોએ આપને જુદા જુદા ઝખ્મો કર્યા. પરંતુ કોઈનીયે એટલી હિંમત થતી ન હતી કે, ઈમામનું માથું મુબારક કાપી શકે. છતાં ઘણાંય આવ્યા પણ એમના હાથ કુદરતી રીતે ધ્રુજવા લાગ્યા, અને ઝમીયા તથા છરીઓ હાથમાંથી સરી પડી. આખર શીમર મલઉન આવ્યો અને હઝરતની છાતી મુબારક પર ચઢી બેઠો. મલઉન શીમરે પોતાની તેજ તલવાર વડે હઝરતનું ગળું કાપવા ખૂબ જ પ્રયત્ન કર્યો. પરંતુ ઈમામ હુસૈન (અ.સ.)નું ગળું કપાયું નહિં.

ઈમામ હુસૈન (અ.સ.)એ એ વખતે ગશમાંથી આંખો ખોલી, અને શીમર તરફ જોઈ પુછયું : 'તું કોણ છે ?'

શીમરે જવાબ આપ્યો : 'મારૂં નામ શીમર બીન ઝીલજોશન.'

ઈમામે પૂછયું : 'તું મને ઓળખે છે ? હું કોણ છું ??'

મલઉન શીમરે જવાબ આપ્યો : 'આપ હુસૈન બીન અલી છો. આપના નાના મોહમ્મદ મુસ્તફા, અને માતા જનાબે ફાતેમા ઝહરા છે.'

ઈમામે ફરમાવ્યું : 'અય શીમર ! તું એ બધુંયે જાણતો હોવા છતાં મને કતલ કરવા તૈયાર થયો છે ?'

શીમરે જવાબ આપ્યો : 'તે એટલા માટે કે હું ખલીફા યઝીદ પાસેથી ઈનામ મેળવી શકું.'

ઈમામે ફરમાવ્યું : 'શીમર ! તારે યઝીદના ઈનામની સામે મારા નાના હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની શફાઅતનો પણ ખ્યાલ કરવો જોઈએ.'

શીમર મલઉને જવાબ આપ્યો : 'મને તમારા નાનાની ઉધાર શફાઅત કરતાં યઝીદનું રોકડ ઈનામ વધુ પસંદ છે.'

એથી ઈમામને યકીન થઈ ગયું કે શીમર અવશ્ય આપનો કાતિલ બનનાર છે. આપે ફરમાવ્યું : 'શીમર ! કસાઈઓ પણ બકરાને કાપતાં પહેલાં દાણો અને પાણી આપે છે, શું તું મને કાપતાં પહેલાં પાણીનો એક ઘુંટ પીવરાવી ન શકે ??'

તેણે જવાબ આપ્યો : 'હુસૈન ! તમને યઝીદની બયઅત કર્યા સિવાય ટીપુંએ પાણી મળી શકે નહિં. પણ તમે તો રસુલુલ્લાહ (સ.અ.વ.)ના નવાસા છો, એટલું જણાવશો કે મારી આ તલવાર તમારા ગળા ઉપર કેમ ચાલતી નથી ?'

ઈમામે ફરમાવ્યું : 'ખુદાની કસમ ! આ જગ્યા પર ગમે એવી તેજધાર તલવાર પણ કામ કરી શકે તેમ નથી, જે જગ્યા પર રસુલુલ્લાહ (સ.અ.વ.)એ અસંખ્ય ચુમીઓ લીધી હોય અને જે ગળું ખુદાએ પાકની યાદ જરીએ વીસર્યું ન હોય, એ ગળું કોઈપણ હથિયાર વડે કપાઈ શકે નહિં. પણ જરા સબર કર, અત્યારે અસરની નમાઝનો અવ્વલ વખત છે, હું તયમ્મુમથી ખુદાની ઈબાદત તો કરી લઉં.'

શીમરે વિચાર્યુ કે, 'ઠીક છે, હઝરત નમાઝ પઢવા માંડે, તો હું પીઠ તરફથી છરી ચલાવી ગળું કાપી શકું.' તેણે તરત જ રજા આપી, અને ઈમામ હુસૈન (અ.સ.) પૃથ્વી પર તયમ્મુમ કરી ખુદાની નમાઝમાં મશ્ગુલ બન્યા. ઉઠવાની તો તાકત ન હતી, પણ બેઠાં બેઠાં કીરઅત પઢવા માંડી, રૂકુઅ કરી અને પછી આપ સજદામાં ગયા કે તરત જ શીમર મલઉન આપની મુબારક પીઠ ઉપર ચઢી બેઠો, અને બુઠ્ઠા ખંજર વડે પીઠ તરફથી ગળું કાપવા લાગ્યો. તેણે આપનું પવિત્ર માથું જુદું કરી ભાલાની અણી ઉપર ચડાવી લીધું, અને યઝીદની ફોજમાં ખુશાલી ઉત્પન્ન થઈ. કોઈ 'અલ્લાહો અકબર'ના નારાઓ મારવા માંડયું, કોઈ ખુશીના ગાનતાનમાં જુમવા લાગ્યું, અને કોઈ ઉમર સઅદને મુબારકી આપવા લાગ્યું.

જમીન ઉપર ધરતીકંપ ફેલાઈ ગયો, આકાશ પર અંધારૂં છવાઈ ગયું, અને ગઝબનો વંટોળીયો જામી પડયો. એહલે હરમમાં આક્રંદ મચી ગયો. બીબી સકીના આવ્યા અને મૌલાની લાશથી લીપીટી પડયાં, અને જનાબે ઝયનબ તથા જનાબે કુલસુમ 'વા હુસૈના, વા અલીય્યા'નો પુકાર પાડવા માંડયા.

## ૭૩. આશુરાનો દિવસ

એક શહીદ રવાના થઈ ઘોડો દોડાવતા બે ખેતરવા પર જ ઉભેલા મલઉનો પાસે પહોંચી જાય એટલી વારમાં તો બીજા શહીદ ઈમામ હુસૈન (અ.સ.) પાસેથી રવાના થતા હતા અને પહેલા શહીદ જયાં પાંચ સાત મીનીટે પડયા કે તરત જ બીજા શહીદ લડવા માંડતાં હતા. ૭૨ શહીદોમાં માત્ર દસ કલાકનો સમમ લાગ્યો છે. સવારના છ થી સાંજના ચાર વાગ્યા સુધી એ લડાઈ ચાલી હતી અને આશુરાનો દિવસ ત્રણ દિવસ જેટલો મોટો થવા પામ્યો હતો, એ યઝીદી લશ્કરે લડતા લડતા સાત વખત જમણ લીધું હતું. માત્ર ઈમામ હુસૈન (અ.સ.), તેમના અનસારો અને બીબી બચ્ચાઓ જ હતા કે જેમને ખાવાનું તો શું પણ કુફ્ફારોએ પાણીનું ટીપું પણ આપ્યું ન હતું, અને સખત તડકો હોવાથી તેઓ પાણી વિનાના માછલા માફક તરફડતા રહ્યા હતા.

# ૭૪. કરબલામાં મૌજુદ લશ્કરે કુફ્ફારની વિગતો

૧. રકસમના હાથમાં ત્રણ હજાર માણસો

૨. બીન અનસના હાથમાં ચાર હજાર માણસો

૩. મઝાએરના હાથમાં ત્રણ હજાર માણસો

૪. બકર બીન કઅરના હાથમાં ત્રણ હજાર માણસો

૫. આમીર બીન મરયમના હાથમાં છ હજાર માણસો

૬. હસન બીન ઉમરના હાથમાં આઠ હજાર માણસો

૭. ખુલી બીન યઝીદના હાથમાં છ હજાર માણસો

૮. ઉમર બીન સઅ્દના ગુલામ દરીદના હાથમાં આઠ હજાર માણસો

૯. અલ કેદારના હાથમાં સાત હજાર માણસો

૧૦. ઉમર બીન હુજ્જાજના હાથમાં દસ હજાર માણસો

૧૧. ઉરવા બીન કઈસના હાથમાં બે હજાર માણસો

૧૨. શીમર ઝિલજોશનના હાથમાં તેર હજાર માણસો

૧૩. યઝીદ બીન રેકાબના હાથમાં બે હજાર માણસો

૧૪. મોહમ્મદ બીન અશઅશના હાથમાં એક હજાર માણસો

૧૫. નસર બીન મરશદના હાથમાં બે હજાર માણસો

૧૬. અરઝક શામીના હાથમાં ચાર હજાર માણસો

૧૭. ઓદ અસલમીના હાથમાં ચાર હજાર માણસો

૧૮. ઝહીર બીન કેનના હાથમાં આઠ હજાર માણસો

૧૯. ઝોહેર બીન કઈસના હાથમાં છ હજાર માણસો

૨૦. ઈસ્હાકના હાથમાં બે હજાર માણસો

૨૧. શીશ બીન રબઈના હાથમાં ચાર હજાર માણસો

૨૨. હજર બીન સતરના હાથમાં વીસ હજાર માણસો

૨૩. યઝીદની રીઝર્વ ફોજના ત્રીસ હજાર માણસો

૨૪. ફુરાતમાંથી પાણી ન લઈ જાય એ માટે નીમાયેલા અઢાર હજાર માણસો

૨૫. ઉમર સઅદની ખાસ ફોજના ચાલીસ હજાર માણસો

૨૬.  ફુરાતના ઘાટ પર જવાના માર્ગો ઉપર બે બાજુએ ઉભેલા અર્ધો લાખ માણસો વગેરે મળી કુલ છ લાખ કુફફારો થવા પામ્યા હતા.

## ૭૫. ઈમામ હુસૈન (અ.સ.)ની શહાદત બાદ

આપનો ઘોડો મૈમુન ઝુલ્જનાહ આકા ઈમામ હુસૈન (અ.સ.)ની લાશ ફરતો સાત આંટા ફરી વળ્યો, ઈમામના લોહીમાં માથું રંગીન કર્યુ, અને ઘણો દર્દનાક ચીખ પુકાર મારી રોકકળ કરતો તંબુઓમાં જઈ પહોંચ્યો. બધી બીબીઓ અને બચ્ચાંઓએ દર્દનાક આહોઝારી કરી. તેઓ એ ઘોડાને ખાલી જોઈ એટલાં રડતાં હતાં કે એ (દુશ્મન) સાંભળનારાઓનાં કલેજાં પત્થરના હોવા છતાં હલી જતાં હતાં.

ઈમામની શહાદત પછી મલઉનોએ આપનું અંગ લુંટી જે મળ્યું તે લેવા માંડયું. કોઈએ માથાની પાઘડી ઉતારી લીધી, કોઈએ આપનો કમરબંધ કાપી લીધો, કોઈએ આપની ઝીરા ઉતારી લીધી, કોઈએ હાથમાંથી અંગૂઠી કાઢી લીધી, કોઈએ આપનાં પગરખાં કાઢી લીધાં અને કોઈએ આપનો લીબાસ ઉતારી લીધો. આ રીતે ઝાલિમોએ આપની લાશને બળતાં રણમાં કફન દફન વીનાની રાખી, અને એ મલઉનોએ પોતાના મડદાંઓને દફન કરી દીધા.

મલઉન ઉમર સઅ્દે હુકમ કર્યો : 'ઘોડાઓની ટાપુઓથી હુસૈનની લાશને છુંદી નાખો.' મલઉનો રવાના થયા, અને એ લાશ મુબારકને એવી રીતે છુંદી કે હઝરતની બોટીએ બોટી અલગ થઈ ગઈ હતી.

પછી તો મલઉનો એહલે હરમના તંબુઓમાં પહોંચ્યા અને લૂટમાર કરવી શરૂ કરી. એહલે હરમની ઓરતો અને બાળકો બીચારા શું કરે ? ઝાલિમોએ જેને જે હાથ આવ્યું તે લુંટી લીધું. છેવટે બીબીઓનાં માથા પરથી ચાદરો પણ છીનવી લીધી અને બીબી સકીના જે ઈમામ હુસેન (અ.સ.)ના ચાર વર્ષના વહાલા દીકરી હતા, તેમને તમાચા મારી, કાનની બુટ તોડી એરીંગો લુંટી લીધા, અને બીમારે કરબલા ઈમામ અલી ઝયનુલ આબેદીન (અ.સ.)નો બીસ્તરો પણ ઝુંટવી લીધો.

ઝાલિમોએ તે લુંટમાર કરવા ઉપર જ બસ કર્યુ નહિં, બલ્કે એહલે હરમના તંબુઓ પણ બાળી નાખ્યા, અને એ રણમાં એહલેબયતને બેસાડી રાખ્યાં. આખી રાત વીત્યા પછી એહલે હરમને કેદ કરી કુફા અને શામ તરફ રવાના કર્યા. માર્ગમાં પણ પલાણ વિનાના ઉઘાડા ઉંટ ઉપર બેસાડી એહલેબયતને લઈ ચાલ્યા, અને ઈમામ અલી ઝયનુલ આબેદીનના ગળામાં તોક નાખી એ બીમારને પગપાળા ચલાવ્યા.

અલા લઅનતુલ્લાહે અલલ કવ્મીઝ ઝાલેમીન

## ૭૬. કરબલા મુકામે ઈમામ હુસૈન (અ.સ.)ના રોઝાની સમયરેખા

| ક્રમ | હીજરી સન | ઈસ્વી સન | બનાવ |
|---|---|---|---|
| ૧. | ૬૧ | ૧ ઓકટોબર, ઈ.સ.૬૮૦ | ઈમામ હુસૈન (અ.સ.)ને કરબલાના પવિત્ર સ્થળે દફનાવવામાં આવ્યા |
| ૨. | ૬૫ | ૧૮ ઓગષ્ટ, ઈ.સ.૬૮૪ | મુખ્તાર ઈબ્ને અબુ ઓબૈદા સકેફીએ દરગાહના સ્વરૂપમાં કબરની આજુબાજુ (ફરતે) વરંડો બાંધી અને તેની ઉપર ઈંટોનો ઘુમ્મટ બાંધી છાયો કરાવી અને આ દરગાહના બે પ્રવેશધ્વાર બનાવ્યા. |
| ૩. | ૧૩૨ | ૧૨ ઓગષ્ટ, ઈ.સ.૭૪૯ | આ પવિત્ર દરગાહનાં ભાગ ઉપર છત બાંધવામાં આવી અને સફાહનાં શાસનકાળ દરમ્યાન બીજા બે પ્રવેશધ્વાર બનાવવામાં આવ્યા. |
| ૪. | ૧૪૬ | ૩૧ માર્ચ, ઈ.સ.૭૬૩ | મનસુરના શાસનકાળ દરમ્યાન આ પવિત્ર દરગાહની છતને તોડી નાખવામાં આવી. |
| ૫. | ૧૫૮ | ૧૧ નવેમ્બર, ઈ.સ.૭૭૪ | મહદીના શાસનકાળ દરમ્યાન છતની પુનર્રચના કરવામાં આવી. |
| ૬. | ૧૭૧ | ૨૨ જૂન, ઈ.સ.૭૮૭ | રશીદના શાસનકાળ દરમ્યાન દરગાહનો ઘુમ્મટ અને છતને જમીન દોસ્ત કરવામાં આવ્યા અને કબર પાસેના (કાજુ–બદામ) પ્લમના વૃક્ષને કાપી નાખવામાં આવ્યું. |
| ૭. | ૧૯૩ | ૨૫ ઓકટોબર, ઈ.સ.૮૦૮ | મીમના રાજયકાળ દરમ્યાન આ દરગાહને ફરી બાંધવામાં આવી. |
| ૮. | ૨૩૬ | ૧૫ જુલાઈ, ઈ.સ.૮૫૦ | મુતવક્કીલે દરગાહને જમીનદોસ્ત કરી અને તે જમીનને ખેડવાનો હુકમ કર્યો. |
| ૯. | ૨૪૭ | ૧૭ માર્ચ, ઈ.સ.૮૬૧ | મુન્તાસીરે ફરીથી કબર ઉપર છત બંધાવી અને યાત્રાળુઓને નિશાની તરીકે ઓળખવા માટેતેની પાસે એક લોહસ્તંભ (લોખંડનો થાંભલો) ઉભો કર્યો. |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | ૨૭૩ | ૮ જૂન, ઈ.સ.૮૮૬ | છતને ફરીથી તોડી નાખવામાં આવી. |
| ૧૧. | ૨૮૦ | ૨૩ માર્ચ, ઈ.સ.૮૯૩ | પ્રતિનિઘી આલિદે બુ બાજુ છતની મઘ્યમાં ઘુમ્મટ બાંઘ્યો અને બે પ્રવેશઘ્વારો વાળો વરંડો બાંઘ્યો. |
| ૧૨. | ૩૩૧ | ૧૯ ઓગષ્ટ, ઈ.સ.૯૭૭ | અઝ્ઝૂડ ઈબ્ને બોવેઈહે ઘુમ્મટને ફરી બનાવ્યો અને ચારે બાજુ ગેલેરીઓ બનાવી કબરને ફરતે સાગનાં લાકડાની જાળી રનાવી પણ તેણે દરગાહની ફરતે મકાનો બાંઘ્યા અને શહેરની આસપાસ હદ દર્શાવતી દિવાલ ચણાવી. તે સમયે ઈમરાન ઈબ્ને શાહીએ દરગાહની બાજુમાં જ મસ્જીદ બનાવી. |
| ૧૩. | ૪૦૭ | ૧૦ જૂન, ઈ.સ.૧૦૧૬ | આ મકાનોને બાળી નાંખવામાં આવ્યા અને વઝીર અલ હસન ઈબ્ને ફદલે તેઓને ફરીથી બાંઘ્યા. |
| ૧૪. | ૬૨૦ | ૪ ફેબ્રુઆરી, ઈ.સ.૧૨૨૩ | બશીર બે દીન ઈલાને કબરની જાળીઓ ફરી બાંઘી. |
| ૧૫. | ૭૫૭ | ૧૮ સપ્ટેમ્બર, ઈ.સ.૧૩૬૫ | સુલતાન ઓવયસ ઈબ્ને હસન જલૈરીએ ઘુમ્મટ સમરાવ્યો અને આજુબાજુની દીવાલ ઉંચી બનાવી. |
| ૧૬. | ૭૮૬ | ૨૪ ફેબ્રુઆરી, ઈ.સ.૧૩૮૪ | અહમદ ઈબ્ને ઓવેઈશે સોનાથી મઢેલા બે મીનારા બંઘાવ્યા અને આજુબાજુની દીવાલને વઘારી. |
| ૧૭. | ૯૨૦ | ૨૬ ફેબ્રુઆરી, ઈ.સ.૧૫૧૪ | જયારે શાહ ઈસ્માઈલ શાફાવીએ પવિત્ર દરગાહની મુલાકાત લીઘી, ત્યારે દરગાહ ઉપર ચુના જડીત મીનારો બંઘાવ્યો. |
| ૧૮. | ૧૦૩૨ | ૫ નવેમ્બર, ઈ.સ.૧૬૨૨ | શાહ અબ્બાસ શાફાવીએ પીત્તળ અને કાંસાની જાળીઓ લગાવી અને ઘુમ્મટને પણ કાંસાની લાદીઓથી મઢયો. |
| ૧૯. | ૧૦૪૮ | ૧૫ મે, ઈ.સ.૧૬૩૮ | સુલતાને મુરાદ ચોથાએ જયારે આ દરગાહની મુલાકાત લીઘી ત્યારે તેણે ઘુમ્મટને ઘોળાવ્યો. |
| ૨૦. | ૧૧૫૮ | ૮ માર્ચ, ઈ.સ.૧૭૪૨ | નાદીરશાહે દરગાહની મુલાકાત લીઘી ત્યારે દરગાહને શણગારી અને દરગાહના ભંડારને કિંમતી ભેટો અર્પણ |

| | | | |
|---|---|---|---|
| | | | કરી. |
| ૨૧. | ૧૨૧૧ | ૭ જુલાઈ, ઈ.સ.૧૭૯૬ | શાહ મોહમ્મદ કાચરે દરગાહના ઘુમ્મટને સોનાથી મઢયો. |
| ૨૨. | ૧૨૧૬ | ૧૪ મે, ઈ.સ.૧૮૦૧ | વહાબીઓએ કરબલા ઉપર હુમલો કર્યો અને કબરની જાળી અને ઘાબાનો નાશ કર્યો, અને દરગાહને લૂંટી. |
| ૨૩. | ૧૨૩૨ | ૧૧ નવેમ્બર, ઈ.સ.૧૮૧૬ | ફતેહઅલી શાહ કાચારે જાળીઓનું સમારકામ કર્યુ અને તેને ચાંદીથી મઢી અને વહાબી લુંટારાઓએ નાશ કરેલાં છતનો મુખ્ય ભાગ પણ દુરૂસ્ત કરાવ્યો. |
| ૨૪. | ૧૨૮૩ | ૧૬ મે, ઈ.સ.૧૮૬૬ | નાસીરૂદ્દીન શાહ કાચારે દરગાહની આજુબાજુની દીવાલોને વિસ્તારી |
| ૨૫. | ૧૩૫૮ | ૨૧ ફેબ્રુઆરી, ઈ.સ.૧૯૩૯ | વ્હોરા કોમનાં એચ.એચ.ડો.સૈયદના તાહેર સૈફુદ્દીન સાહેબે નક્કર ચાંદીની જાળીઓ આપી જેને કબર સાથે જોડી દેવામાં આવી. |
| ૨૬. | ૧૩૬૦ | ૨૯ જાન્યુઆરી, ઈ.સ.૧૯૪૧ | વ્હોરા કોમના એમ.એચ.ડો.સૈયદના તાહેર સૈફુદ્દીન સાહેબે પશ્ચિમ બાજુનો મિનારો ફરી બાંધ્યો. |
| ૨૭. | ૧૩૬૭ | ૧૦ ડીસેમ્બર, ઈ.સ.૧૯૪૮ | કરબલાના વહીવટકર્તા સૈયદ અબ્દુર રસૂલ ખલાસીએ રોઝાની આજુબાજુ રસ્તો બાંધવા રોઝાની આજુબાજુ રસ્તો બાંધવા રોઝાની નજીકનાં મકાનો સરકાર નક્કી કરે તે કિંમત આપી ખરીદી લીધા. |

સંદર્ભ : 'કરબલા મુકામે ઈમામ હુસૈન (અ.સ.)ના રોઝાની સમયરેખા', લેખક : સૈયદ જમાલુદ્દીન જ્યુડીશિયલ સર્વિસ, ઈરાક